દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 174 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ અષાઢ વદ-30 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 July 2025, Thursday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
ગુરુવાર, ૨૪ જુલાઈ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ટાર્ગેટ ગુજરાત: અલ-કાઈદાના ચાર આતંકવાદી પકડાયા

**ગુજરાત એટીએસની ટીમે ચારેને દિલ્હી, યુપી અને અરવલ્લીથી ઝબ્બે કર્યા**



(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત એટીએસએ અલ-કાઈદા મોડ્યુલનો પર્દાફાશ કર્યો હતો. એટીએસએ અલ-કાઈદા ઈન્ડિયાના ચાર આતંકવાદીને ઝડપી પાડ્યા હતા. આ આતંકીઓને દિલ્હી, ઉત્તર પ્રદેશ અને અરવલ્લીથી ગુજરાત એટીએસની ટીમે ઝડપ્યા હતા. ઝડપાયેલા ચાર આરોપીની ઓળખ મોહમ્મદ ફૈક મોહમ્મદ રિઝવાન (રહે. ફરાસખાના, દિલ્હી), મોહમ્મદ ફરદીન મોહમ્મદ રઈસ (રહે. ફતેહવાડી, અમદાવાદ), સેફુલ્લ કુરેશી મહમદ રફીક (રહે. ભોઇવાડા, મોડાસા), ઝીશાન અલી આસિફ અલી (રહે. સેક્ટર ૬૩, નોઈડા) તરીકે થઈ છે. પકડાયેલા તમામ આતંકીઓ ૨૦થી ૨૫ વર્ષની ઉંમરના છે. જ્યારે તેઓને ભારતમાં હુમલો કરવા મોટા ટાર્ગેટ મળવાના હતા, તેવી પણ માહિતી મળી હતી. આ ચારેય આતંકીઓ સોશ્યલ મીડિયાથી લોકોને ગ્રુપમાં જોડતા હતા. સોશ્યલ પ્લેટફોર્મ પરથી ગુજરાત એટીએસની ટીમને ચેટ મળી હતી. ત્યારથી જ આ આતંકીઓ રડાર પર હતા અને તેમને ઝડપવા માટેની કાર્યવાહી હાથ ધરી હતી.

આ ચાર પૈકી ત્રણ ગુજરાતના અને એક ગુજરાત બહારનો હોવાનું જાણવા મળ્યું હતું. અલકાયદાના આતંકવાદી મોડલ સાથે આ ચારેય જોડાયેલા હતા. તેઓ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ અને કેટલીક સસ્પેક્ટ એપ્લિકેશન દ્વારા અલકાયદાની વિચારધારા સાથે જોડાઈને એને ફેલાવવા સુધીની કામગીરીમાં સક્રિય હોવાનું જાણવા મળ્યું હતું. આ ચારેય વ્યક્તિને હાલ ગુજરાત એટીએસ ધરપકડ કરીને તેમની સઘન પૂછપરછ કરી રહી છે. ગુજરાત એટીએસના (જુઓ પાનું ૨) ▸▸

## અમદાવાદમાં ટેક-ઓફ્ફ પહેલા વિમાનના એન્જિનમાં આગની વૉર્નિંગ, દુર્ઘટના ટળી




**માંડ બચ્યા:** અમદાવાદથી દીવ જતી ફ્લાઈટમાં ટેક-ઓફ્ફ પહેલા જ ટેક્નિકલ ખામી સર્જાતા તેને અમદાવાદ એરપોર્ટ પર એક ખૂણા પર પાર્ક કરવામાં આવી હતી.

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બજેટ એરલાઇન ઇન્ડિગોની અમદાવાદથી દીવ જતી ફ્લાઇટ નંબર ૬ઈ૭૯૬૬માં ટેકનિકલ ખામીને કારણે ૨૩ જુલાઈ બુધવારે રદ કરવામાં આવી હતી. અમદાવાદથી દીવ જતી ઇન્ડિગોની ફ્લાઇટ ૬ઈ૭૯૬૬માં ટેકઓફ પહેલાં જ ટેક્નિકલ ખામી જોવા મળી હતી. ઇન્ડિગોના એક સત્તાવાર નિવેદન અનુસાર, પ્રી-ડિપાર્ચર ચેકિંગ દરમિયાન પાઇલટ્સે એન્જિનમાં આગ લાગ્યાનું ટેક્નિકલ સિગ્નલ જોયો હતો ત્યાર બાદ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રક્રિયાને અનુસરીને, પાઈલટોએ સત્તાવાળાઓને જાણ કરી હતી અને ત્યારબાદ વિમાનને વધુ તપાસ માટે પાછું લાવવામાં આવ્યું હતું. એરક્રાફ્ટ ફરી કામગીરી શરૂ કરે તે પહેલાં જરૂરી તપાસ અને જાળવણી કરવામાં આવશે.

મળતી માહિતી મુજબ, અમદાવાદથી દીવ જતી ફ્લાઇટ સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી સવારે ૧૧.૧૫ વાગ્યે રવાના થવાની (જુઓ પાનું ૨) ▸▸

### ટેક્નિકલ ખામી: ઍર ઈન્ડિયાનું વિમાન અધવચ્ચેથી પાછું ફર્યું

મલાપ્પુરમ (કેરળ): ટૅક્નિકલ ખામી સર્જાતાં દોહા જઈ રહેલું ઍર ઈન્ડિયાનું વિમાન બુધવારે ટેકઑફ કર્યાના બે કલાક બાદ કાલિકટ આંતરરાષ્ટ્રીય વિમાનમથકે પાછું ફર્યું હોવાનું અધિકારીઓએ કહ્યું હતું.

જોકે આ તાકીદનું ઉતરાણ ન હતું અને સાવચેતીના ભાગરૂપ જ વિમાનને (જુઓ પાનું ૨) ▸▸

**અમદાવાદ પ્લેન ક્રેશ**

# બ્રિટિશ પરિવારને ખોટો મૃતદેહ સોંપાતા બબાલ

## રાખમાંથી અસ્થિ શોધવાં મુશ્કેલ હતાં: ફોરેન્સિક યુનિવર્સિટી

લંડન: બ્રિટિશ અખબારના અહેવાલમાં જણાવાયું હતું કે અમદાવાદથી લંડન જઇ રહેલાં ઍર ઇન્ડિયાના વિમાનની દુર્ઘટનામાં માર્યા ગયેલાં એક બ્રિટિશ નાગરિકના પરિવારના સભ્યોએ તેઓને મરનારી પોતાની વ્યક્તિ (સ્વજન)ની જગ્યાએ બીજાનો મૃતદેહ મોકલાયો હોવાનો આક્ષેપ કર્યો હતો. આ કિસ્સામાં શબપેટીમાં કોઇ અન્ય વ્યક્તિના અસ્થિ હોવાનું માલૂમ પડતા અંતિમસંસ્કાર કરવાનું પડતું મુકાયું હતું.

અન્ય એક કિસ્સામાં એક જ શબપેટીમાં બે જણનાં અસ્થિ ભેગા કરીને મોકલાયાં હતાં અને તેઓને દફનાવતા પહેલાં અલગ કરવાં પાડ્યાં હતાં. વિમાન દુર્ઘટનામાં મરનારા અનેક બ્રિટિશ નાગરિકોના વકીલ જેમ્સ હેલી-પ્રેટે જણાવ્યું હતું કે મૃતદેહોનાં અસ્થિઓ મોકલવામાં થયેલા ગોટાળાને લીધે પરિવારના સભ્યો ઘણાં અસ્વસ્થ થઇ ગયા હતા.

બ્રિટિશ અખબારે હેલી-પ્રેટને એમ કહેતા ટાંક્યા હતા કે હું આ દુર્ઘટનામાં મરનારા પરિવારોના સભ્યોને મળ્યો હતો. તેઓ પોતાની જ વ્યક્તિ (આત્મજન)નાં અસ્થિ મળે એવું ઇચ્છતા હતા. આમ છતાં, તેઓમાંના કેટલાકને અન્ય વ્યક્તિનાં અસ્થિ સોંપાયાં હતાં. આવું બે અઠવાડિયાં સુધી ચાલ્યું હતું. શોકાતુર પરિવારો આ સંબંધમાં સ્પષ્ટતા માગી રહ્યા છે. તેઓ ઍર ઇન્ડિયા અને તેના ઇમર્જન્સી રિસ્પોન્સ કોન્ટ્રેક્ટર, કેનિયન્સ ઇન્ટરનેશનલ ઇમર્જન્સી (જુઓ પાનું ૨) ▸▸

## સાવ ખોટી વાત...

### બ્રિટિશ મીડિયાના અહેવાલને ભારત સરકારનો રદિયો

નવી દિલ્હી: અમદાવાદમાં તૂટી પડેલા ઍર ઇન્ડિયાના વિમાનની દુર્ઘટનામાં મરનારા લોકોના મૃતદેહો અને અસ્થિઓની અદલાબદલી કે 'ભેળસેળ' થઇ હોવાનું કહેતા બ્રિટિશ પ્રસારમાધ્યમને અહેવાલને ભારત સરકારે બુધવારે રદિયો આપ્યો હતો. ભારતના વિદેશ મંત્રાલયે દાવો કર્યો હતો કે દરેક અસ્થિને નિર્ધારિત નિયમ મુજબ કાળજીથી તપાસવામાં આવ્યા હતા.

અમદાવાદથી લંડન જતી ફ્લાઇટ ૧૨ જૂને ઉડ્ડયનના થોડા સમયમાં જ તૂટી પડતા વિમાનમાંના ૨૪૧ અને (જુઓ પાનું ૨) ▸▸

# ધનખડે પૅકિંગ શરૂ કર્યું: વિપક્ષી નેતાઓને મળવાનો ઈનકાર

નવી દિલ્હી: જગદીપ ધનખડ ઉપરાષ્ટ્રપતિપદેથી રાજીનામું આપ્યા બાદ વિપક્ષના નેતાઓને મળવાનું ટાળી રહ્યા છે અને તેમણે પોતાનું સત્તાવાર નિવાસસ્થાન (એન્ક્લેવ) ટૂંક સમયમાં જ ખાલી કરવાનો નિર્ણય લીધો હતો.


ધનખડે નાદુરસ્ત તબિયતનું કારણ આપીને ઉપરાષ્ટ્રપતિપદેથી રાજીનામું આપ્યું, તે પછી શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના સંજય રાઉત અને એનસીપી (શરદ પવાર)ના શરદ પવાર સહિતના વિપક્ષના નેતાઓએ તેમને મળવા માટે અપૉઇન્ટમેન્ટ માગી હતી, પરંતુ તેમને મળવાની ના પાડવામાં આવી હતી.

અગાઉ, ૭૪ વર્ષીય ધનખડ સંસદ ગૃહના સંકુલની નજીક ચર્ચ રોડ ખાતે નવા બંધાયેલા 'વાઇસ પ્રેસિડન્ટ એન્ક્લેવ' ખાતે ગયા વર્ષે એપ્રિલમાં જ રહેવા ગયા હતા. તેઓ અહીં અંદાજે ૧૫ મહિનાથી રહે છે. તેમની મુદત ૨૦૨૭માં પૂરી થતી હોવા છતાં તેઓ ટૂંક સમયમાં જ આ જગ્યા ખાલી કરવાના છે.

સેન્ટ્રલ વિસ્ટા રિડેવલપમેન્ટ પ્લાન હેઠળ તૈયાર કરાયેલા વાઇસ પ્રેસિડન્ટ એન્ક્લેવમાં ઉપરાષ્ટ્રપતિનું નિવાસસ્થાન અને ઑફિસ આવેલા છે.

ધનખડે ઉપરાષ્ટ્રપતિપદેથી અચાનક આપેલા રાજીનામાથી શાસક પક્ષ અને વિપક્ષોને આશ્ચર્ય થયું હતું અને તેમના (જુઓ પાનું ૨) ▸▸

## નવા ઉપરાષ્ટ્રપતિની વરણી માટેની પ્રક્રિયા ચૂંટણી પંચે શરૂ કરી



નવી દિલ્હી: ઉપરાષ્ટ્રપતિપદેથી જગદીપ ધનખડે સોમવારે રાજીનામું આપ્યાના બે જ દિવસ પછી સત્તાવાર રીતે નવા ઉપરાષ્ટ્રપતિની નિમણૂકની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે, જે સંદર્ભે ગૃહ મંત્રાલયે આ રાજીનામાની જાણકારી ચૂંટણી પંચને પણ આપી છે. હવે નવા ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે ચૂંટણી પંચે તૈયારીઓ હાથ ધરવામાં આવી છે, જ્યારે ટૂંક સમયમાં ચૂંટણીની તારીખ જાહેર કરી શકાય છે. જોકે, આ ઘટનાએ રાજકીય વર્તુળોમાં નવા ઉમેદવારોને લઈને ચર્ચાઓને વેગ આપ્યો છે.

ચૂંટણી પંચે એક પ્રેસ નોટ જારી કરીને જણાવ્યું છે કે ગૃહ મંત્રાલયે બાવીસ જુલાઈના ઉપરાષ્ટ્રપતિનું પદ ખાલી થયાની સૂચના આપવામાં (જુઓ પાનું ૨) ▸▸

## સોનું ૧૦૨૫ રૂપિયાના ઝડપી ઉછાળા સાથે લાખેણું થયું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકાની જાપાન સાથે ટ્રેડ ડીલ થઈ ગઈ હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા વૈશ્વિક બજારમાં ટૅરિફની અનિશ્ચિતતા થોડી હળવી થવાથી ગઈકાલે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોની નફારૂપી વેચવાલી રહેતાં સોનાના ભાવ જે ગઈકાલે ઔંસદીઠ ૩૪૦૦ ડૉલરની સપાટી પાર કરી ગયા હતા તેની સામે સાધારણ પીછેહઠ જોવા મળી હતી, જ્યારે ચાંદીમાં સુધારો આગળ ધપ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલ સાથે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ ૧૦૨૦ રૂપિયાથી ૧૦૨૫ રૂપિયાના ઝડપી ઉછાળા સાથે એક લાખ રૂપિયાની સપાટી અને ચાંદીના ભાવ કિલોદીઠ ૧૩૫૭ રૂપિયાના ઉછાળા સાથે ૧.૧૫ લાખ રૂપિયાની સપાટી કુદાવી ગયા હતા.

આજે ખાસ કરીને ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ (જુઓ પાનું ૨) ▸▸

## આજે ભારત અને યુકે વચ્ચે ફ્રી ટ્રેડ કરાર થશે

નવી દિલ્હી : ભારત અને યુકે ગુરુવારે લંડનમાં એક મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કરશે જે ચામડા, ફૂટવેર અને કપડાં જેવા શ્રમ-સઘન ઉત્પાદનોની નિકાસને રાહત દરે મંજૂરી આપશે, જ્યારે બ્રિટનથી વ્હિસ્કી અને કારની આયાત સસ્તી બનાવશે.

આ કરાર ૨૦30 સુધીમાં બંને અર્થતંત્ર વચ્ચેના વેપારને બમણો કરીને ૧૨૦ બિલ્યન ડોલર કરવામાં પણ મદદ કરશે.

આ કરાર, જેને સત્તાવાર રીતે વ્યાપક આર્થિક અને વેપાર કરાર કહેવામાં આવે છે, તેના પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટારમરની હાજરીમાં હસ્તાક્ષર કરવામાં આવશે.

વાણિજ્ય અને ઉદ્યોગ પ્રધાન પીયૂષ ગોયલ અને તેમના બ્રિટિશ સમકક્ષ જોનાથન રેનોલ્ડ્સ કરાર પર હસ્તાક્ષર કરશે. એકવાર કરાર પર હસ્તાક્ષર થઈ ગયા પછી, તેને (જુઓ પાનું ૨) ▸▸

# દાલ મેં કુછ કાલા હૈ

## ટ્રમ્પના યુદ્ધવિરામ કરાવ્યાના દાવા પર રાહુલ ગાંધીનો મોદી પર આકરો પ્રહાર

નવી દિલ્હી : ભારત અને પાકિસ્તાન વચ્ચેનો યુદ્ધવિરામ મેં કરાવ્યો એવા અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના દાવાનો આધાર બનાવીને કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સરકારની આલોચના કરી હતી. તેમણે કહ્યું હતું કે અમેરિકાના પ્રમુખે પચીસ વાર આ નિવેદન કર્યું છે અને દાલ મેં કુછ કાલા હૈ (દાળમાં કાળું છે) લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલે (જુઓ પાનું ૨) ▸▸

**ઓપરેશન સિંદૂર**

### લોકસભામાં ૨૮ અને રાજ્યસભામાં ૨૯ જુલાઈએ ચર્ચા

નવી દિલ્હી: સંસદમાં આવતા અઠવાડિયે પહલગામ આતંકવાદી હુમલા અને ઓપરેશન સિંદૂર પર ચર્ચા થવાની સંભાવના છે. લોકસભા અને રાજ્યસભા બંનેમાં આ મુદ્દા પર ૧૬-૧૬ કલાકની ચર્ચા થાય તેવી અપેક્ષા છે. જો કોઈ વિક્ષેપ નહીં આવે તો લોકસભામાં ૨૮ જુલાઈએ (જુઓ પાનું ૨) ▸▸

## સંસદના બન્ને ગૃહમાં સતત ત્રીજા દિવસે પણ ધાંધલધમાલ

નવી દિલ્હી: બિહારની મતદાર યાદી સુધારણા પ્રક્રિયાના વિરોધમાં સંસદના બન્ને ગૃહમાં બુધવારે વિપક્ષના સાંસદોએ ભારે શોરબકોર કરતા કામકાજ ઠપ થઇ ગયું હતું.

ચોમાસુ સત્રમાં વિપક્ષો દ્વારા સતત ત્રણ દિવસથી ભારે ધાંધલધમાલ કરવામાં આવતા બન્ને ગૃહનું કામકાજ ખોરવાઇ જાય છે. લોકસભા અને રાજ્યસભાની બેઠક બપોરે બે વાગ્યે મોકૂફ રખાઇ હતી. લોકસભામાં વિપક્ષના (જુઓ પાનું ૨) ▸▸

## આ વળી નવું!: ગાઝિયાબાદમાંથી આખેઆખું નકલી દૂતાવાસ પકડાયું






### વિદેશ મંત્રાલયનો સ્ટેમ્પ પણ આરોપી પાસેથી મળ્યો

ગાઝિયાબાદ: ઉત્તર પ્રદેશમાં એક મોટો પર્દાફાશ થયો છે. જેમાં ઉત્તર પ્રદેશની એસટીએફે ગાઝિયાબાદના પોશ વિસ્તારમાં એક કોલોનીમાંથી મોટી હવેલીમાં છાપો માર્યો હતો. ત્યારે એટીએસને ત્યાંથી નકલી દૂતાવાસ મળી આવ્યું હતું. જેને જોઈને અધિકારીઓ દંગ રહી ગયા હતા. જયારે એટીએસે આ સ્થળેથી કવિનગરના રહેવાસી હર્ષવર્ધન જૈનની ધરપકડ કરી હતી.

આ સમગ્ર છાપા દરમિયાન ચોંકાવનારી બાબત એ હતી કે, આરોપી હર્ષવર્ધન જૈન પોતાને વેસ્ટ આર્કટિકા, સબોર્ગા, પોઉલ્વિયા અને લોડોનિયા જેવા સૂક્ષ્મ રાષ્ટ્રોના રાજદૂત હોવાનો દાવો કરીને નકલી દૂતાવાસ ચલાવતો હતો. તેમજ આરોપીએ કવિનગર ગાઝિયાબાદમાં એક બંગલો ભાડે લઈને વેસ્ટ આર્કટિકા દૂતાવાસના નામે નકલી દૂતાવાસ ખોલ્યું હતું.

જેમાં ઉત્તર પ્રદેશ એસટીએફે તપાસમાં અનેક વસ્તુઓ જપ્ત કરી છે. જેમાં આરોપી પાસેથી ચાર ડિપ્લોમેટિક નંબર પ્લેટ લાગેલી ચાર લક્ઝરી (જુઓ પાનું ૨) ▸▸

## ૨૦૨૪માં મુંબઈના લોકલ નેટવર્કમાં ૨,૨૮૨ કમોત, ટ્રેનો એસી કરવી એ જ વિકલ્પ: સરકાર

નવી દિલ્હી: રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે બુધવારે લોકસભામાં જણાવ્યું હતું કે મુંબઈમાં પરાંના રેલવે નેટવર્કમાં ૨૦૨૪માં ૨,૨૮૨ કમોત થયાં હતાં. ટ્રેનમાંથી પડી જવાની ઘટના રોકવા આપમેળે દરવાજા બંધ થાય એવી એસી લોકલ ટ્રેનો શ્રેષ્ઠ વિકલ્પ છે.

રેલવે પ્રધાને દાવો કર્યો હતો કે મુંબઈના લોકલ ટ્રેનોમાંથી પડી જવાથી અનેક લોકોના કમોત થાય છે અને તે રોકવા દરવાજા આપમેળે બંધ થાય એવી એસી ટ્રેનો જરૂરી છે. કેટલાક મુસાફરો ચાલુ ટ્રેનોમાં બહાર લટકતા હોય ત્યારે અકસ્માત થવાની શક્યતા વધુ રહે છે, પરંતુ એસી ટ્રેનોમાં દરવાજા આપમેળે બંધ જ થઇ (જુઓ પાનું ૨) ▸▸

## મુંબઈ-અમદાવાદ વચ્ચેનો બુલેટ ટ્રેન પ્રોજેક્ટ ડિસેમ્બર, ૨૦૨૯માં પૂરો થશે

નવી દિલ્હી : વાપી અને સાબરમતી વચ્ચેના બુલેટ ટ્રેન કોરિડોરના ગુજરાતના ભાગનું કામ ડિસેમ્બર, ૨૦૨૭ સુધીમાં પૂર્ણ થવાની યોજના છે અને મહારાષ્ટ્રથી સાબરમતી સેક્શન સુધીનો સમગ્ર પ્રોજેક્ટ ડિસેમ્બર, ૨૦૨૯ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા છે, એમ બુધવારે લોકસભામાં વૈષ્ણવે લેખિત જવાબમાં જણાવ્યું હતું.

દેશના સૌથી મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ અંગે અપડેટ આપતા, રેલવે પ્રધાન (જુઓ પાનું ૨) ▸▸

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઉપરાષ્ટ્રપતિપદે નાયડુ જેવા તટસ્થ માણસની પસંદગી થવી જોઈએ

**જગદીપ** ધનખડે દેશના ઉપરાષ્ટ્રપતિપદેથી રાજીનામું ધરી દીધું એ મુદ્દે ભરપૂર ચોવટ ચાલી રહી છે અને મીડિયા, સોશ્યલ મીડિયા વગેરેના કહેવાતા નિષ્ણાતો પોતપોતાની રીતે પતંગ ચગાવી રહ્યા છે. કોઈનું કહેવું છે કે, ભાજપના પ્રમુખ જે.પી. નડ્ડાએ રાજ્યસભામાં ધનખડને અપમાનિત કરી નાખ્યા તેના કારણે લાગી આવતાં ધનખડે રાજીનામું ધરી દીધું તો કોઈ વળી જસ્ટિસ યશવંત વર્મા સામેની ઈમ્પીચમેન્ટ મોશનના મુદ્દે કેન્દ્રની ભાજપ સરકાર સાથે ડખો પડી ગયો તેમાં ધનખડનો વારો પડી ગયો એવા દાવા કરે છે.

ધનખડે સત્તાવાર રીતે તો આરોગ્યના કારણે પોતે સામેથી રાજીનામું ધરી દીધું હોવાનો જ દાવો કર્યો છે પણ બિનસત્તાવાર રીતે ધનખડ પાસે રાજીનામું લખાવી લેવાયું હોવાની વાતો પુરજોશમાં ચાલી રહી છે. જેમના ઘરે આગ લાગી તેમાં ચલણી નોટો બળી ગયેલી એ જસ્ટિસ યશવંત વર્મા સામે મોદી સરકારે લોકસભામાં ઈમ્પીચમેન્ટ મોશન રજૂ કરેલી. મોદી સરકાર રાજ્યસભામાં પણ જસ્ટિસ વર્મા સામે ઈમ્પીચમેન્ટ મોશન લાવવા માગતી હતી પણ સરકાર દ્વારા ઈમ્પીચમેન્ટ મોશન રજૂ કરાય એ પહેલાં વિપક્ષોએ રાજ્યસભામાં રજૂ કરેલી મોશનને ધનખડે સ્વીકારી લીધી.

જસ્ટિસ વર્મા સામે સંસદનાં બંને ગૃહોમાં ઈમ્પીચમેન્ટ મોશન લાવીને નરેન્દ્ર મોદી સરકાર ન્યાયતંત્રમાં ચાલતા ભ્રષ્ટાચારને પોતે ચલાવી લેવા તૈયાર નથી એવો સ્પષ્ટ ને કડક મેસેજ આપવા માગતી હતી પણ ધનખડે વિપક્ષની મોશન સ્વીકારીને ભાજપના પ્લાનની હવા કાઢી નાખી તેમાં ભાજપના નેતા ભડક્યા અને ધનખડનું પત્તું કપાઈ ગયું એવી વાતો પણ ચાલી છે. આ વાતોમાં કેટલો દમ છે એ ખબર નથી પણ ધનખડને સરકાર સાથે કશુંક તો વાંકું પડ્યું જ છે એ નક્કી છે.

ધનખડે સંસદના ચોમાસુ સત્રના પહેલા દિવસે કામ કરેલું ને ઉપરાષ્ટ્રપતિની ઓફિસે ધનખડનો આખા અઠવાડિયાનો કાર્યક્રમ પણ જાહેર કરી દીધેલો. તેના પરથી સ્પષ્ટ છે કે, ધનખડે રાજીનામું આપવાનું પહેલેથી નક્કી નહોતું કર્યું. ધનખડ રાત્રે અચાનક સવા ૯ વાગે રાષ્ટ્રપતિભવન પહોંચ્યા અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને રાજીનામું આપ્યું એ પણ પહેલેથી કશું નક્કી નહોતું તેનો સંકેત જ છે. આ બધાં કારણોસર ધનખડની વિદાય રહસ્યમય બનેલી છે.

ધનખડે આપેલા રાજીનામાને સ્વીકારાયું કે નહીં તેનો ફોડ નહોતો પડાયો તેથી ભાજપ સરકાર તેમને મનાવી લેશે ને ઘીના ઠામમાં ઘી પડી જશે એવી વાતો પણ ચાલી હતી. આ વાતો વચ્ચે ચૂંટણી પંચે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટેની પ્રક્રિયા શરૂ કરી દેતાં ધનખડની વિદાય પાકી થઈ ગઈ છે અને હવે તેમને કોઈ મનાવવા નહીં જાય એ પણ નક્કી થઈ ગયું છે. તેના કારણે હવે ભાજપ ધનખડના કારણે ઉપરાષ્ટ્રપતિપદે કોને બેસાડશે તેની અટકળો વહેતી થઈ ગઈ છે. નીતિશ કુમારથી માંડીને શશિ થરૂર સુધીનાં નામો અત્યારે ચાલી રહ્યાં છે પણ આ નામોનો અર્થ નથી.

નરેન્દ્ર મોદી કોથળામાંથી બિલાડું કાઢીને મીડિયાને ભોંઠું પાડવા માટે જાણીતા છે. ભાજપના મુખ્યમંત્રીઓની પસંદગી હોય કે ચૂંટણીમાં ટિકિટો આપવાની વાત હોય, મીડિયા જેમનાં નામ ચલાવે તેમની મોટા ભાગે પસંદગી થતી નથી એ જોતાં મીડિયામાં ચાલતાં નામ પર ચર્ચાનો મતલબ નથી. આમ પણ ૬૦ દિવસમાં ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પતાવવાની હોય છે તેથી ભાજપ કોના પર કળશ ઢોળે છે એ સસ્પેન્સ લાંબો સમય રહેવાનું નથી. ચૂંટણી પંચ મતદાનનો કાર્યક્રમ જાહેર કરશે એટલે ભાજપે નામ નક્કી કરી જ નાખવું પડશે એ જોતાં બહુ રાહ જોવાની નહીં થાય.

ઉપરાષ્ટ્રપતિપદ દેશમાં બીજો સર્વોચ્ચ બંધારણીય હોદ્દો છે એ જોતાં નરેન્દ્ર મોદી સહિતના ભાજપના નેતા ભાજપના કોઈ નેતાને જ ઉપરાષ્ટ્રપતિપદે બેસાડવા માગે પણ સંસદનાં સમીકરણોને જોતાં તેમણે નમતું જોખીને સાથી પક્ષના કોઈ નેતાને બેસાડવો પડે એવું બની શકે.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં લોકસભા અને રાજ્યસભાના સાંસદો સીધું મતદાન કરતા હોય છે. ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએ પાસે રાજ્યસભા અને લોકસભાના સભ્યોની કુલ સંખ્યાને ધ્યાનમાં લેવાય તો સ્પષ્ટ બહુમતી છે પણ ભાજપ પાસે લોકસભા અને રાજ્યસભા બંનેમાં સ્પષ્ટ બહુમતી નથી. નીતિશકુમારની જેડીયુ અને ચંદ્રાબાબુ નાયડુની ટીડીપીના ટેકે આ સરકાર ચાલે છે તેથી બંનેમાંથી કોઈ નાક દબાવીને પોતાના માણસને ઉપરાષ્ટ્રપતિપદે બેસાડવામાં સફળ થઈ જાય એવું બને.

જે થશે એ વાગતું વાગતું સામે આવવાનું જ છે તેથી નામો પર વાત કરવાનો મતલબ નથી પણ કોઈ ગૌરવશાળી વ્યક્તિત્વને આ હોદ્દા પર બેસાડાય તો સારું કેમ કે ધનખડ સાવ નબળા ઉપરાષ્ટ્રપતિ સાબિત થયા હતા. બલ્કે ધનખડે ઉપરાષ્ટ્રપતિપદની ગરિમાને સાવ ઓછી કરી નાખેલી. વિવાદાસ્પદ નિવેદનો અને ખુલ્લેઆમ સરકારની ચાપલૂસી દ્વારા ધનખડે આ હોદ્દાના ગૌરવને ખાસ્સું નુકસાન કરેલું. ધનખડ કોઈ પણ મુદ્દે બોલવા માટે કૂદી પડતા અને પોતે બોલે છે તેની શું અસર પડે છે તેનું તેમને ભાન નહોતું.

ધનખડ સર્વજ્ઞાતા હોય ને પોતે કહેલી વાત સવા વીસ હોય એ રીતે કોઈ પણ મુદ્દે જ્ઞાન વહેંચતા રહેતા. કોઈ રાજ્યના મુખ્યમંત્રી કે સુપ્રીમ કોર્ટની વિરૂધ્ધ બોલવું કોઈ રાજકીય પાર્ટીના નેતાને શોભે પણ ઉપરાષ્ટ્રપતિને ના શોભે એ વાત જ સમજવાની તેમની તૈયારી નહોતી. પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે મમતા બેનરજીની ટીકા કરતા એ રીતે જ ઉપરાષ્ટ્રપતિ તરીકે પણ ટીકા કરતા. સુપ્રીમ કોર્ટ બંધારણીય જોગવાઈઓનું અર્થઘટન કરીને પોતાની ફરજ બજાવી રહી છે એટલી સાદી વાતને પણ ધનખડે રાજકીય રંગ આપીને જે લવારા કર્યા એવા લવારા ભારતના ઈતિહાસમાં કોઈ રાષ્ટ્રપતિ કે ઉપરાષ્ટ્રપતિએ નથી કર્યા.

ધનખડના પુરોગામી વેંકૈયાહ નાયડુએ ઉપરાષ્ટ્રપતિપદે ગૌરવ સાથે કામ કરેલું એ સ્વીકારવું પડે. નાયડુએ પાંચ વર્ષ દરમિયાન કોઈ વિવાદ ઊભા નહોતા કર્યા કે આંગળી ચીંધાય એવું કશું નહોતું કર્યું જ્યારે ધનખડને તો સતત ચર્ચામાં રહેવાની ખંજવાળ હતી એટલે ડખા જ કર્યા કરતા. ધનખડ તો મૂળ જનતા દળના હતા ને સત્તા માટે ભાજપના પડખામાં ભરાયેલા જ્યારે નાયડુ ભાજપના પાયાના પથ્થરોમાંથી એક હતા. એ છતાં નાયડુ રાજ્યસભાના ચેરપર્સન તરીકે તટસ્થ રહીને વર્તતા હતા જ્યારે ધનખડ તો પોતે ભાજપને વફાદાર છે એવું સાબિત કરવા સતત મથ્યા કરતા એટલે બિલકુલ પક્ષપાતી વલણ અપનાવતા. ધનખડે કૉંગ્રેસ શાસનમાં ૧૦ વર્ષ સુધી ઉપરાષ્ટ્રપતિ રહેલા હમીદ અંસારીની યાદ અપાવી દીધેલી.

આશા રાખીએ કે, ભાજપ બીજા ધનખડને આ દેશના માથે ના મારે.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ પ્રારંભ, ગુરુવાર, તા. ૨૪-૭-૨૦૨૫,
દર્શ અમાવસ્યા, દિવાસાનું જાગરણ

- ભારતીય દિનાંક ૨, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, અષાઢ વદ-૩૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે અષાઢ, તિથિ વદ-૩૦
- પારસી શહેનશાહી રોજ ૧૪મો ગોશ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૬ઠ્ઠો ખોરદાદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૮મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૯મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૭
- નક્ષત્ર પુનર્વસુ સાંજે ક. ૧૬-૪૩ સુધી, પછી પુષ્ય
- ચંદ્ર મિથુનમાં સવારે ક. ૧૦-૫૮ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૧૧-૫૮, રાત્રે ક. ૨૩-૪૦
- ઓટઃ સાંજે ક. ૧૮-૧૩, મધ્યરાત્રિ પછી ક. ૦૫-૫૫ (તા. ૨૫)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, અષાઢ કૃષ્ણ – અમાવસ્યા. દર્શ અમાવસ્યા, દિવાસાનું રાત્રે જાગરણ, અન્વાધાન, દીપપૂજા, હરિયાલી અમાવસ્યા, ચિતલાગી અમાવસ્યા (ઓરિસ્સા), કરકટ પૂજા (કેરાલા), આદિ અમાવસ્યા (દક્ષિણ ભારત), ગુરુપુષ્યામૃતયોગ (વિવાહે વર્જ્ય), સાંજે ક. ૧૬-૪૩થી સૂર્યોદય, સૂર્ય મહાનક્ષત્ર પુષ્ય, વાહન મોર.
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શિવમંદિરોમાં દીપપૂજા, દીપદાનનો મહિમા, શિવરુદ્રાભિષેક, નક્ષત્ર અને વાર મુજબ ગુરુ ગ્રહદેવતાના પૂજનનો મહિમા, વાંસનું વૃક્ષ વાવવું, નવાં વસ્ત્રો, આભૂષણ, પર્વપૂજા નિમિત્તે ગુરુ પુષ્યામૃતની યોગની પૂજા, શ્રીસુક્ત, શ્રી ચંત્ર, અભિષેક પૂજા, બ્રહ્મલીન હરિહર પંડિત મહેસાણાવાળા રચિત રિદ્ધિ સિદ્ધિ દાયક શ્રી ગણેશ ચંત્ર પ્રતિષ્ઠા પૂજાનો મહિમા, શ્રી ગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, અનુષ્ઠાનનો મહિમા, સિદ્ધમંત્ર, અનુષ્ઠાન, સર્વશાંતિ પૂજા, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, શ્રી વિષ્ણુલક્ષ્મી પૂજા, સુવર્ણખરીદી. નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ.
- આચમનઃચંદ્ર-રાહુ ત્રિકોણ સરકારી કામમાં સારી ફાવટ, શનિ-સૂર્ય ત્રિકોણ પરિવારમાં યશ, સૂર્ય-નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, ચંદ્ર-શનિ ત્રિકોણ કરકસરિયા, ચંદ્ર-સૂર્ય યુતિ આરોગ્યની અનુકૂળતા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ત્રિકોણ, શનિ-સૂર્ય ત્રિકોણ, સૂર્ય-નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ (તા. ૨૫), ચંદ્ર-સૂર્ય યુતિ (આષાઢી અમાસ યોગ), વક્રી બુધ આશ્લેષા પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-સિંહ, વક્રી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-વૃષભ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર.

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# સ્વાર્થ ઈન્સાનમાં રહેલી પશુવૃત્તિઃ ઉન આંખો કા હસના ભી કયા, જિન આંખો મેં પાની ના હો

**અરબીનો** એક અતિ પ્રચલિત શબ્દ છે રબ!

– રબનો સરળ અર્થ થાય છે,

* 'રોજી' આપનાર ઈશ્વર-અલ્લાહ, પ્રભુ.

* ઈબાદત, પ્રાર્થના, પ્રેયરનો અર્થ ફક્ત તેની સ્તૂતિ કરવાનો નથી પરંતુ અલ્લાહનો સતત શુક્રિયા – આભાર માનતા રહી, તેણે જે કંઈ આપ્યું છે તેનો નત્ મસ્તકે – નમનપૂર્વક સ્વીકાર કરવાનું છે.

* તમામ જીવોમાં સર્વશ્રેષ્ઠ જીવ મનુષ્ય કેટલો બધો નગુણો, નાશુક્ર છે કે તે યાદે ઈલાહીમાં તો પાછી પાની કરતો નથી પણ તેને જે કાંઈ આપવામાં આવ્યું છે તેમાં સંતોષ માનતો નથી. સાત પેઢી ખાય તેટલું ખૂટે નહીં છતાં તેને વધુને વધુ મળે, ગમે તે માર્ગે મળે તેવું જ ઈચ્છતો રહે છે. રબતઆલાએ સૂચવેલા નેક માર્ગ પર ચાલતો નથી ત્યારે થાય છે કે તે જે ઈબાદત કરે છે તે માત્ર પોતાના મનને છેતરવા સિવાય બીજું કશું નથી. * બંદો પોતાની દુઆઓમાં માગ માગ કર્યા કરતો રહેતો હોય તો તેને મતલબી ઈબાદત જ કહી શકાય.

* રબનો આભાર વ્યક્ત કરવાનું નામ ઈબાદત છે. મન – હૃદય પર લાગેલા ડાઘને દૂર કરવાનો પ્રયોગ. રૂહાને (આધ્યાત્મિક, રાસાયણિક) નિઃસ્વાર્થ બંદગી છે. * મતલબી – સ્વાર્થી ઈબાદતમાં સાચી ઈબાદત કર્યાનો અહેસાસ (અનુભૂતિ) થતી નથી, તે ફર્જી (બનાવટી) ઈબાદત છે.

અમિરૂલ મોઅમિનીન હઝરત અલી કર્રમલ્લાહ વજહુએ સૂચવેલી આઝાદ, સ્વતંત્ર ઈબાદતથી ઈન્દ્રિયો ગમ, નિરાશાની ખીણમાંથી બહાર નીકળી ખુશી, આનંદના સમુદ્રમાં હિલોળા લેતી હોય છે, અને એક વખત ઈન્દ્રિયોનું શુદ્ધિકરણ થાય એટલે સાચી પાકીઝગી, પવિત્રતા અને પરહેઝગારી (સંયમી, સદાચારી)નું વાતાવરણ સર્વત્ર ફેલાય જાય છે.

બેશક! બંદાની ઈબાદતમાં પોતાને જે જોઈએ તે ગમે તે રીતે મળવું જ જોઈએ એવી માગણી કરાય તો બંદગીમાંનો આત્મા, રૂહાનીયત નાશ પામે છે. રબ, સૌનો પાલનહાર જે આપે, જ્યારે આપે, ઓછું કે વધુ અથવા નામનું જ આપે તેનો શુક્ર અદા કરી હસતાં મુખે કબૂલ કરી લેવાનું નામ જ ઈબાદત છે. યાદ રહેવું ઘટે કે પાત્રતા વિના, હૈસિયત, ક્ષમતા વિના ક્યારેય કશું મળતું નથી અને મળે તો પણ શુકુન, શાંતિ, ખુશી મળતી નથી.

અંધરાધાર વરસાદ વરસતો હોય, સમુદ્ર, તળાવ, નદી – નાળા, ખાબોચિયા સઘળું છલકાય, પરંતુ ખુલ્લા આકાશ નીચે એક પાત્ર મૂકેલ હોવા છતાં તેમાં એક ટીપું પણ પાણી સંગ્રહ થયું ના હોય ત્યારે એટલું સ્પષ્ટ થાય કે એ પાત્રના તળિયે કાણાં પડ્યાં હોવાં જોઈએ જેથી તેમાંથી પાણી વહી જાય છે. પાત્રતા વગરના પાત્રને વાસણ કઈ રીતે કહી શકાય? જેની અંદર કશું કન્ટેઈન સમાવી ના શકાય તેને કન્ટેઈનર અથવા પાત્ર કઈ રીતે લેખી શકાય? ઈબાદત એ કંઈ કોઈ ફરિયાદ કે જે નથી મળ્યું તેને પ્રાપ્ત કરવાની યાચના, ગીરિયાજારી કે માગણી નથી, પરંતુ જે મળ્યું છે તે બદલ સૃષ્ટિના મહાન સર્જનહારનો શુક્રિયા – આભાર વ્યક્ત કરી એમાં સંતોષ માનવાની દોરવણી, માર્ગદર્શન છે જે દીને ઈસ્લામ તેના ઉમ્મતિઓને શીખવેલ છે. બેશક! નિઃસ્વાર્થ ઈબાદત – બંદગીથી ઈન્સાન સ્વાર્થી મટી પરમાર્થી બની જાય છે.

મહાન વિચારક હેનરી એખિયલ લખે છે કે – 'સ્વાર્થ માનવીમાં રહેલી એક પશુવૃત્તિ છે, જ્યારે માનવતા સ્વાર્થનો ત્યાગ કરવાથી શરૂ થાય છે.' હું પદ, અહમ્ – ઈગોનો ત્યાગ કરાય અને આપતા રહેવા ઉપરાંત એ આપેલું ભૂલી જવામાં આવે તો બંને જહાંના જીવન સાર્થક થઈ જાય. દાન – ખૈરાત – મદદ, સહાનુભૂતિ કરીને પોતાના નામની તખ્તી મુકાવનાર અથવા પોતાના કાર્યની તારિફ – પ્રશંસા માટે સભાઓ યોજી તાળીઓનાં ગડગડાટ સાંભળવાની ટેવ ધરાવનાર ભલે બે ઘડી ખુશ થતા હોય! પરંતુ હકીકતમાં તો તેઓ અહંકારના ઝેરી સાપને દૂધ પીવડાવવા જેવું જ વાતાવરણ સર્જતા હોય છે. આપણા પૂર્વજો – વડીલો કહી ગયા છે કે એક હાથે કરેલા દાનની ખબર બીજા હાથ સુધ્ધાંને થવા ન પામે તેનું નામ જ સાચી સખાવત કહેવાય. માલ-સામાનમાં નાજાયઝ નફો રળવાથી, ટેક્સ વગેરેની ચોરી કરવાથી કે કોઈને લૂંટીને તેમાંથી અમુક હિસ્સો ડોનેશન કે પરોપકારના કાર્ય પાછળ ખર્ચી નાખવાથી પરવરદિગાર રાજી થાય ખરો?

### બોધ

* તકબ્બુર (અહંકાર)ને ત્યજી, રબને સમર્પિત થઈ, નિસ્વાર્થ ઈબાદત કરતા રહો, તેણે જે સ્થિતિમાં રાખ્યા છે તેનો સ્વીકાર કરી આભાર અદા કરતા રહો. ફરિયાદ કરવાથી, માગ – માગ કરવાથી દૂર રહો. સુખ-દુઃખ એક સિક્કાની બે બાજુ જેવા છે. તે સચ્ચાઈને વાગોળતા રહો.

* સબ્ર કરો, એવા સ્વાર્થી લોકો તમને મળશે જે તમારા બનીને તમને છેતરશે, મૂર્ખ બનાવશે.

* નગુણા – નિષ્ઠુર લોકો પત્નીના – બાળકોના તો નથી થતા પણ પોતાની ખૂદની જાત સુધ્ધાંના પણ નથી થઈ શકતા.

* અનુભવ થાય તે પહેલાં ચેતી જાઓ.

– રબની સ્તૂતિ કરતા રહો.

– તેને ખબર છે કે બંદાની હકીકત

– એ ભૂખ્યો ઉઠાડે છે પણ ભૂખ્યો સુવડાવતો નથી.

– કીડીને કણ અને હાથીને મણ રબ આપે છેજ.

લાખ દુઃખો કી એક દવા, નિસ્વાર્થ ઈબાદત કરો, તેમાં સ્વાર્થી મનોવૃત્તિને સ્થાન આપશો નહીં. સેતાન ઈબ્લીસના બહેકાવાથી સાવધાન રહો.

### સાપ્તાહિક સંદેશ

'...અને અમે કુરાનને બોધ ગ્રહણ કરવા માટે સરળ, સહેલું કરી દીધું, તો હવે છે કોઈ બોધ ગ્રહણ કરનાર?

સાવધાનઃ મનફાવતા અર્થઘટન કરનારા લેભાગુ મુલ્લા – મૌલવીઓથી સાવધાન રહો.

પહેલા પાનાનું ચાલુ

### અમદાવાદમાં

હતી. એરપોર્ટના એક અધિકારીના જણાવ્યા અનુસાર, કેટલીક ટેક્નિકલ સમસ્યાઓના કારણે ઇન્ડિગોની દીવ ફ્લાઇટ રદ કરવામાં આવી હતી. વિમાને જ્યારે ટેક-ઓફ શરૂ કર્યું, ત્યારે પાઇલટ્સે કેટલાક ટેક્નિકલ કારણોસર ટેક-ઓફ રદ કરવાનો નિર્ણય લીધો હતો. તમામ ૫૦ મુસાફરો અને ક્રૂ સભ્યો સુરક્ષિત હતા. ઇન્ડિગોએ મુસાફરોને થયેલી અસુવિધા બદલ દિલગીરી વ્યક્ત કરી હતી અને ખાતરી આપી હતી કે વિક્ષેપ ઓછા કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઈન્ડિગોએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે અમે મુસાફરોને આગામી ઉપલબ્ધ ફ્લાઇટમાં નાસ્તો, રહેવાની વ્યવસ્થા અથવા રદ થવા પર સંપૂર્ણ રિફંડનો વિકલ્પ મુસાફરોને આપી રહ્યા છીએ. ઈન્ડિગો એરલાઇન્સે પણ એ વાતનો પુનરોચ્ચાર કર્યો હતો કે તેના ગ્રાહકો અને ક્રૂની સલામતી તેની ટોચની પ્રાથમિકતા છે.

### ધનખડે પૅકિંગ

રાજીનામાનું કારણ નાદુરસ્ત તબિયત સિવાય કોઇ હોવાની વાત ચર્ચાઇ રહી છે. દરમિયાન, રહેઠાણ અને શહેરી બાબતોને લગતા મંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું હતું કે ધનખડ નિવૃત્તિમાં પણ એક સરકારી બંગલો મેળવવા માટેના હકદાર છે. તેમને લુટિયન્સ દિલ્હીમાં કે અન્ય સ્થળે 'ટાઇપ આઠ'નો બંગલો ઑફર કરાશે. આ પ્રકારના બંગલા વરિષ્ઠ કેન્દ્રીય પ્રધાનો અથવા રાષ્ટ્રીય પક્ષોના પ્રમુખોને ઑફર કરાય છે. (એજન્સી)

### આજે ભારત

અમલમાં મૂકતા પહેલા બ્રિટિશ સંસદની મંજૂરીની જરૂર પડશે. આ પ્રક્રિયામાં લગભગ એક વર્ષ લાગી શકે છે. મોદી બુધવારે યુકે અને માલદીવની ચાર દિવસની મુલાકાતે રવાના થયા હતા અને બંને દેશએ ૬ મેના રોજ વેપાર કરાર માટે વાટાઘાટો પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી.આ કરારમાં માલ, સેવાઓ, ઇનોવેશન, સરકારી ખરીદી અને ઇન્ટેલિક્ચુલ પ્રોપર્ટી રાઇટ્સ સહિતના મુદ્દાઓ પર પ્રકરણો છે. આવા વેપાર કરારોમાં, બે દેશ તેમની વચ્ચે વેપાર કરવામાં આવતા મહત્તમ માલ પર કસ્ટમ ડ્યુટી દૂર કરે છે અથવા નોંધપાત્ર રીતે ઘટાડે છે. તેઓ સેવાઓ અને દ્વિપક્ષીય રોકાણોમાં વેપારને પ્રોત્સાહન આપવા માટેના ધોરણોને પણ સરળ બનાવે છે.

### ટાર્ગેટ ગુજરાત

અધિકારીઓ પાસેથી મળતી માહિતી પ્રમાણે આ ચારેય છેલ્લા ઘણા સમયથી અલકાયદાના મોડલથી કનેક્ટ હતા. તેઓ સોશ્યલ મીડિયા અને અલગ અલગ પ્લેટફોર્મથી અલકાયદાના સંપર્કમાં આવ્યા હતા. તેઓ કેટલાંક ગ્રુપમાં પણ સક્રિય હતા. તેઓ આતંકવાદી વિચારધારાની આપ-લેની સાથે કટ્ટર માનસિકતા ધરાવતા હતા. સમગ્ર બાબતે એટીએસની સર્વેલન્સ ટીમે સ્કેન કરતા એમાં ચાર વ્યક્તિ સતત સક્રિય હતી અને ગુજરાતની હિલચાલ વિશે પણ ચર્ચા કરતી હતી. એ સંદર્ભે તેમની ધરપકડ કરવામાં આવી હતી. બીજી તરફ કેટલાક સોશિયલ મીડિયા હેન્ડલ અને કેટલીક ચેટ્સ પણ ગુજરાત એટીએસને મળી છે અને એ દિશામાં પણ હવે નવી તપાસ કરવામાં આવી રહી છે. તે ઉપરાંત આતંકવાદીઓ ઓટો ડિલિટ થઈ જતી એપ્લિકેશનનો પણ ઉપયોગ કરતા હોવાનું તપાસમાં ખુલ્યું હતું.

### બ્રિટિશ પરિવારને

સર્વિસીસના ખુલાસાની રાહ જોઇ રહ્યા છે. અહેવાલમાં જણાવાયું હતું કે આ શોકાતુર પરિવારો પોતાના દેશના સાંસદો, એફસીડીઓ, વડા પ્રધાનની ઑફિસ, વિદેશ સચિવ અને અન્ય ઉચ્ચ હોદ્દેદારોના સીધા સંપર્કમાં છે.દરમિયાન, ગુજરાતની નેશનલ ફોરેન્સિક યુનિવર્સિટીને આ વિમાન દુર્ઘટનામાં મરનારા લોકોના મૃતદેહોના ડીએનએ ટેસ્ટિંગમાં પણ ઘણી મુશ્કેલી પડી હોવાનું કહેવાય છે.ગાંધીનગરમાંની આ સંસ્થાના કેમ્પસ ડિરેક્ટર ડૉ. એસ. ઓ. જુનારેને 'પ્રિન્ટ'એ એમ કહેતા ટાંક્યા હતા કે સામાન્ય સંજોગમાં 'એક્સ્ટ્રેશન પ્રોસેસ'માં ૩૦થી ૪૦ મિનિટ લાગે છે, પરંતુ આ દુર્ઘટનામાં બળી ગયેલા મૃતદેહોમાં ભાગ્યે જ કોઇ અસ્થિ બચ્યાં હતાં.

### ટૅક્નિકલ ખામી

પાછું બોલાવી લેવામાં આવ્યું હતું, એમ તેમણે કહ્યું હતું. વિમાનની કેબિનના એસીમાં ટૅક્નિકલ ખામી સર્જાઈ હતી. મુશ્કેલીમાં મુકાયેલા પ્રવાસી માટે બાદમાં વૈકલ્પિક વિમાનની વ્યવસ્થા કરવામાં આવી હતી, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)

### સાવ ખોટી વાત...

જમીન પરના અન્ય ૧૯ લોકો માર્યા ગયાં હતાં. મરનારા લોકોમાં ૫૩ જણ બ્રિટિશ નાગરિક હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે જણાવ્યું હતું કે અમે સંબંધિત અહેવાલ વાંચ્યો હતો. અમે યુકેના સત્તાવાળાઓની સાથે આ બાબતમાં કામ કરી રહ્યા છીએ. મૃતદેહો અને તેઓના અસ્થિઓને ઓળખવાનું કામ નિયમ અને ટૅક્નિકલ જરૂરિયાત મુજબ કરાયું હતું. અગાઉ, બ્રિટિશ અખબારોએ આ દુર્ઘટનામાં મરનારા લોકોના પરિવારોને ટાંકીને એવા અહેવાલ પ્રસિદ્ધ કર્યા હતા કે આ વિમાન દુર્ઘટનામાં મરનારા બ્રિટનના નાગરિકોના મૃતદેહો અને અસ્થિઓ તેઓના સગાંને મોકલવામાં ગોટાળા થયા હતા અને તેને લીધે શોકાતુર પરિવારોના દુઃખમાં વધારો થયો હતો. મૃતદેહની અદલાબદલી થઇ હોવાથી એક પરિવારે તો અંતિમસંસ્કાર કરવાનું પડતું મૂક્યું હતું, (એજન્સી)

### નવા ઉપરાષ્ટ્રપતિની

આવી હતી. આર્ટિકલ ૩૨૪ હેઠળ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીનું સંચાલન ચૂંટણી પંચ દ્વારા રાષ્ટ્રપતિના નિર્દેશનમાં કરવામાં આવે છે. પંચે જણાવ્યું કે હાલ તૈયારીઓ ચાલી રહી છે અને ટૂંક સમયમાં ચૂંટણીની તારીખની જાહેરાત કરવામાં આવશે. આ પ્રક્રિયામાં અનેક મહત્વના પગલાં લેવાશે, જેમાં 'ઇલેક્ટોરલ કોલેજ'ની રચના પણ સામેલ છે.

### આ વળી નવું

ગાડીઓ, ૧૨ નકલી ડિપ્લોમેટિક પાસપોર્ટ અને સૌથી મહત્વનું વિદેશ મંત્રાલયનો સ્ટેમ્પ પણ જપ્ત કરવામાં આવ્યો છે. આ ઉપરાંત એસટીએફને આરોપી પાસેથી ૩૪ અલગ અલગ વિદેશી કંપનીઓ અને દેશોના સ્ટેમ્પ, નકલી પ્રેસ કાર્ડ, પાન કાર્ડ અને ૪૪.૭ લાખ રૂપિયાની રોકડ પણ જપ્ત કરવામાં આવી છે. તેમજ વિદેશી ચલણ અને ૧૮ ડિપ્લોમેટિક નંબર પ્લેટ પણ જપ્ત કરવામાં આવી છે.

### સોનું ૧૦૨૫ રૂપિયાના

ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સતત છઠ્ઠા સત્રમાં નરમાઈ જળવાઈ રહી હોવાથી સોનાની આયાત પડતરો વધી આવતાં ભાવમાં ઝડપી તેજી જોવા મળી હતી, જેમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ ૧૦૨૦ રૂપિયા ઊછળીને ૧,૦૦,૧૩૦ રૂપિયાની સપાટીએ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૧૦૨૫ રૂપિયા ઊછળીને ૧,૦૦,૫૩૩ રૂપિયાના મથાળે રહ્યા હતા. જોકે, આગઝરતી તેજીના માહોલમાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગમાં સૂનકાર વ્યાપી ગયો હતો. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં પણ તેજીનું વલણ રહેતાં ભાવ વધુ કિલોદીઠ ૧૩૫૭ રૂપિયાની તેજી સાથે ૧,૧૫,૮૫૦ રૂપિયાની સપાટીએ પહોંચ્યા હતાં. તેમ જ સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો અને ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ લેવાલી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

### સંસદના બન્ને

સાંસદો પ્લેકાર્ડ્સ લઇને સૂત્રો પોકારતા સ્પીકર ભણી ધસી ગયા હતા. રાજ્યસભામાં બંદર, જહાજ અને જળમાર્ગ વિભાગના પ્રધાન સર્વાનંદ સોનોવાલે 'કેરેજ ઑફ ગુડ્સ બાય સી બિલ ૨૦૨૫' રજૂ કર્યું હતું, પરંતુ વિપક્ષના સભ્યોએ બિહારમાંની મતદાર યાદી સુધારણાની કામગીરી અંગે ચર્ચા કરવાની માગણીને લઇને વિરોધ ચાલુ રાખ્યો હતો અને વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેને બોલવાની તક આપવાની માગણી કરી હતી. રાજ્યસભામાં નાયબ અધ્યક્ષ હરિવંશને બિહારમાંની મતદાર યાદી સુધારણા પ્રક્રિયા, દિલ્હીમાંની ઝૂંપડપટ્ટી તોડવાનું કામ, પશ્ચિમ બંગાળ સિવાયના રાજ્યોમાં બંગાળી ભાષા બોલતા મજૂરો સાથે થતાં ભેદભાવ અને વિમાનોની સલામતીના વિષય પર ચર્ચાની માગણી કરતી પચીસ નોટિસ મળી હતી, પરંતુ તે બધી કાઢી નખાઇ હતી. (એજન્સી)

### મુંબઈ-અમદાવાદ

અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે મુંબઈ-અમદાવાદ હાઇ સ્પીડ રેલ (એમએએચએસઆર) પ્રોજેક્ટ (૫૦૮ કિમી) જાપાનની ટેક્નિકલ અને નાણાકીય સહાયથી અમલમાં મુકવામાં આવી રહ્યો છે. આ બુલેટ ટ્રેન ગુજરાત, મહારાષ્ટ્ર અને દાદરા અને નગર હવેલીમાંથી પસાર થાય છે અને મુંબઈ, થાણે, વિરાર, બોઇસર, વાપી, બિલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, અમદાવાદ અને સાબરમતી ખાતે ૧૨ સ્ટેશન બનાવવાની યોજના છે, એમ તેમણે ઉમેર્યું હતું.

### લોકસભામાં ૨૮

અને રાજ્યસભામાં ૨૯ જુલાઈએ ચર્ચા કરાશે. સરકારે ૨૧ જુલાઈએ બિઝનેસ એડવાઇઝરી કમિટી (બીએસી) ની બેઠકમાં લોકસભામાં આ મુદ્દા પર ૧૬ કલાકની ચર્ચા માટે સહમતિ આપી હતી અને બુધવારે રાજ્યસભાની બીએસીની બેઠકમાં પણ આવો જ નિર્ણય લેવામાં આવ્યો હતો. વિપક્ષે આગ્રહ કર્યો છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ચર્ચા દરમિયાન ગૃહમાં રહે અને આ મુદ્દા પર બોલે. સોમવારથી ચોમાસુ સત્ર શરૂ થયું ત્યારથી બંને ગૃહોની કાર્યવાહી અનેક મુદ્દાઓ, ખાસ કરીને બિહારમાં મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન પર વિરોધ પક્ષોના સભ્યો દ્વારા વિરોધને કારણે ખોરવાઈ ગઈ છે.

### ૨૦૨૪માં મુંબઈના

જતાં હોવાથી ચાલુ ટ્રેનમાંથી બહાર લટકવાનો સવાલ જ ઊભો નથી થતો. રેલવે પ્રધાને કૉંગ્રેસના સાંસદ શશિકાંત સેંથિલે મુંબઈમાં પરાંની ટ્રેનોના મુસાફરોની સલામતીના ઉઠાવેલા મુદ્દાના લેખિત જવાબમાં જણાવ્યું હતું કે મુંબઈના પરાંના રેલવે નેટવર્કમાં ૨૦૨૪માં પાટા ઓળંગતી વખતે, થાંભલા સાથે અથડાવાથી, ટ્રેનમાંથી પડી જવાથી, પ્લેટફોર્મના ગૅપમાં પડવાથી વગેરે કારણસર ૨,૨૮૨ કમોત થયા હતા. (એજન્સી)

### દાલ મેં કુછ

સવાલ કર્યો હતો કે યુદ્ધવિરામ કરાવનાર ટ્રમ્પ કોણ છે. રાહુલે કહ્યું હતું કે મોદીએ એક પણ વાર ટ્રમ્પને આનો જવાબ આપ્યો નથી. ટ્રમ્પે તેના દાવાને દોહરાવતાં કૉંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ પણ સરકારની ટીકા કરી હતી. ખડગેએ પત્રકારોને કહ્યું હતું કે ટ્રમ્પ વારંવાર કહે છે કે મેં યુદ્ધવિરામ કરાવ્યો અને મોદી મૌન રહે છે. મોદી આનો જવાબ આપતા નથી. શું મોદી ટ્રમ્પના હજુરિયા બની ગયા છે. દેશ સૌથી મહત્ત્વનો છે અને એટલે જ અમે સરકારને ટેકો આપ્યો હતો. રાહુલે કહ્યું હતું કે સરકાર વડા પ્રધાન વિદેશપ્રવાસથી પાછા આવે ત્યાર બાદ ઑપરેશન સિંદૂર પર ચર્ચા કરવા અમે તૈયાર છે. એક બાજુ સરકાર કહે છે કે ઑપરેશન સિંદૂર ચાલુ છે અને બીજી બાજુ કહે છે કે વિજય મળી ગયો છે. (એજન્સી)

# એફએસએસએઆઈનું અંબાજી મંદિરના મોહનથાળ પ્રસાદને ઈટ રાઈટ પ્રસાદ પ્રમાણપત્ર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યાત્રાધામ અંબાજી વિશ્વભરના શક્તિ ઉપાસકોની આસ્થાનું કેન્દ્ર છે. જ્યાં અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા મોહનથાળ પ્રસાદ બનાવી વેચાણ કરવામાં આવે છે. વર્ષ દરમિયાન લગભગ ૧ કરોડ ૨૫ લાખ જેટલા મોહનથાળ પ્રસાદનું વેચાણ કરવામાં આવે છે. ખાસ આ પ્રસાદની ગુણવત્તા અને સ્વચ્છતા સહિતના તમામ માપદંડોને આધારે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડસ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એફએસએસએઆઈ) દ્વારા અંબાજી મંદિરને ઈટ રાઈટ પ્રસાદ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. આ સિદ્ધિ મંદિર ટ્રસ્ટ દ્વારા ભાવિકોને આપવામાં આવતા પ્રસાદની ગુણવત્તા અને સ્વચ્છતા તથા મંદિરના ખાદ્ય વ્યવસ્થાપન અને શિસ્તબદ્ધ કામગીરીનું પ્રતિબિંબ છે. ખાસ કરીને આ સફળતા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અંબાજીના વહીવટદારોની મહેનતનું પરિણામ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ધાર્મિક સ્થળોએ જેમણે પ્રસાદ તૈયાર કરવો અને વિતરણ કરતી વખતે ફૂડ સેફ્ટી, સ્વચ્છતા અને ગુણવત્તાના કડક માપદંડો અનુસર્યા હોય તેમને જ ઈટ રાઈટ પ્રસાદ પ્રમાણપત્ર આપવામાં આવે છે. જે હાલ અંબાજી મંદિરને મળ્યું છે, જેથી સાબિત થાય છે કે, અંબાજી મંદિરમાં પ્રસાદની ગુણવત્તા અને સ્વચ્છતાના તમામ પાસાઓનું ઝીણવટભર્યું ધ્યાન અપાય છે.

મંદિર ટ્રસ્ટના વહીવટદાર અને અધિક કલેક્ટર કૌશિક મોદીએ આ અંગે જણાવ્યું હતું કે, અંબાજી મંદિરની આ સિદ્ધિ સમગ્ર ગુજરાત માટે ગૌરવની બાબત છે. ભવિષ્યમાં પણ મંદિર ટ્રસ્ટ આ દિશામાં સતત પ્રગતિ કરશે.

# નડિયાદમાં પ્રગતિનગરનાં ૯૦૦ મકાનોનું પચીસ જુલાઈએ મુખ્ય પ્રધાનના હસ્તે ખાતમુર્હૂત કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલ આગામી ૨૫ જુલાઈ, શુક્રવારના રોજ ખેડા જિલ્લાની મુલાકાત કરવાના છે. આ દરમિયાન તેઓ વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરશે. મુખ્ય પ્રધાનના આગમનને પગલે જિલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં કલેકટર કચેરી નડિયાદ ખાતે એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

આ કાર્યક્રમના સફળ આયોજન માટે બેઠકમાં તમામ જરૂરી વિગતો પર ચર્ચા કરવામાં આવી હતી. મુખ્ય પ્રધાન દ્વારા નડિયાદ શહેરમાં આવેલા પ્રગતિ નગરના આવાસોનું ખાતમુહૂર્ત કરશે. તેની સાથે સાથે નગરજનો માટે નવીન સિટીબસ સેવાઓ અને ફાયરના વાહનો તેમજ અન્ય લોકાર્પણના કામો પણ કરશે. જેની માટેની તૈયારીઓમાં વહીવટી તંત્ર લાગી ગયું છે.

આ અંગેની વધુ માહિતી જોવામાં આવે તો, મુખ્ય પ્રધાન નડિયાદ ખાતે પ્રગતિનગર, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર યોગીફાર્મ અને દિનશા પટેલ ઇન્સ્ટિટયૂટ ખાતે મુલાકાત કરશે. આ સ્થળોએ વિવિધ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણનાં કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમો દ્વારા ખેડા જિલ્લાના વિકાસમાં નવું પ્રકરણ ઉમેરાશે અને નગરજનોને અનેક વિકાસ કાર્યોનો લાભ મળશે. મુખ્ય પ્રધાન દ્વારા ખાતમુહૂર્ત કરવામાં આવનારાં કાર્યોમાં ગુજરાત હાઉસિંગ બોર્ડ દ્વારા અંદાજિત ૯૦૦ મકાનોનો ખાતમુહુર્ત પ્રોજેક્ટ મુખ્ય છે. આ ઉપરાંત નડિયાદ મહાનગરપાલિકા વિસ્તારમાં પેવર બ્લોક રોડની કામગીરી, માર્ગ અને મકાન વિભાગ સ્ટેટ અને પંચાયતનાં વિવિધ કામો, આરોગ્ય વિભાગ, વાસ્મો અને આઈસીડીએસ વિભાગના વિવિધ ખાતમુહૂર્તનાં કામોનો સમાવેશ થાય છે. તેની સાથોસાથ મુખ્ય પ્રધાન દ્વારા નડિયાદ મહાનગરપાલિકાની નવીન સિટી બસ અને ફાયર બ્રિગેડના વાહનોનું લોકાર્પણ તથા શિક્ષણ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ પંચાયત, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ અને સિંચાઈ વિભાગના પૂર્ણ થયેલાં કાર્યોનું લોકાર્પણ કરવામાં આવશે. આ લોકાર્પણથી જિલ્લાની જનતાને અનેક મૂળભૂત સુવિધાઓનો લાભ મળશે અને વિકાસ કાર્યોમાં વેગ આવશે.

# પાટનગર ગાંધીનગરમાં બે દિવસ માટે પાણીકાપ રહેશે, શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં પાણી વિતરણની સમસ્યા સર્જાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના પાટનગર ગાંધીનગરમાં દરેક ઘરે નર્મદાના નીર પહોંચ્યા પછી પ્રથમવાર ૪૮ કલાક માટે પીવાના પાણીનો સપ્લાય આગામી તારીખ ૨૪ અને ૨૫મી જુલાઇએ બંધ રહેવાનો છે. ૨૪ કલાક પાણી આપવાની વ્યવસ્થા ગોઠવવા માટે જરૂરી મશીનરી ઈન્સ્ટોલ કરવાની કામગીરી કરવાની હોવાથી લેવાનું અનિવાર્ય બન્યું છે. આ દરમિયાન જ્યાંથી પાણી ઉપાડવામાં આવે છે, તેવા નભોઈ પમ્પિંગ સ્ટેશન અને જ્યાંથી પાણીનું વિતરણ કરાય છે, તેવા ચરેડી વોટર વકર્સમાં વિવિધ નવી મશીનરી લગાડવાની સાથે તેને મેઇન લાઈન સાથે જોડાણ આપીને યાંત્રિક ક્ષમતામાં વધારો કરાશે. આમ કરવાથી પાણી ઉપાડવાની ક્ષમતા ૧૪૦થી વધી ૨૪૦ એમએલડીએ પહોંચશે.

પાટનગરમાં મીટર મૂકીને ત્રીજા માળ સુધી તથા ૨૪ કલાક પાણી પહોંચાડવાની યોજના સંબંધી મોટાભાગની કામગીરી પૂરી કરી દેવામાં આવી છે.

આ ઉપરાંત પાણીના શુદ્ધિકરણ અને વિતરણ માટે જરૂરી ક્ષમતાઓ વધારવામાં આવી છે. હવે ચરેડી હેડ વર્કસમાં વાલ્વ બદલવાની કામગીરી તેમજ સ્માર્ટ સીટી પ્રોજેક્ટ અંતર્ગત ગાંધીનગર, શહેર માટે ૨૪ કલાક પાણી આપવાના પ્રોજેક્ટ માટે પંપના આંતરિક જોડાણની કામગીરી કરવાની છે.

આ ઉપરાંત નભોઈ પમ્પિંગ સ્ટેશનમાં ગાંધીનગર તાલુકા માટે નભોઈ પમ્પિંગ સ્ટેશન ખાતે નવી પમ્પીંગ મશીનરી ઈન્સ્ટોલેશન કરવાની કામગીરી કરવાની છે. તેના માટે તારીખ ૨૪ અને ૨૫ જુલાઈ એમ બે દિવસ માટે પાણીનો સપ્લાય બંધ રાખવામાં આવશે, તેમ પાણી પુરવઠા બોર્ડના ઈજનેરી સૂત્રો દ્વારા જણાવવામાં આવ્યું હતું. જોકે મહાપાલિકાનાં સૂત્રો દ્વારા આશ્વાસન આપવામાં આવ્યું હતું, કે બે દિવસ માટે પાણી પુરવઠામાં વિક્ષેપ રહેશે અથવા ઓછા ફોર્સથી પાણી આવશે. હાલમાં પાટનગરના શહેરી વિસ્તાર માટે ૮૫ એમએલડી જેટલો અને થર્મલ પાવર સ્ટેશન સહિત ઔદ્યોગિક વિસ્તારની સામેલગીરી સાથે કુલ ૧૪૦ એમએલડી જેટલો પાણીનો જથ્થો નભોઈ પમ્પિંગ સ્ટેશન પરથી ઉપાડવામાં આવે છે.

નવી મશીનરી ઈન્સ્ટોલ કરવાની કામગીરી પૂરી થતાં આ ક્ષમતા ૨૪૦ એમએલડીની થઈ જવાથી ૨૪ કલાક પાણી આપવાની યોજના પણ વિક્ષેપ રહિત અમલી કરી શકાશે. ગાંધીનગર શહેર સહિત વિસ્તારમાં ઓછા પ્રેશરથી પાણી આપવાની સ્થિતિમાં અથવા વોટર વર્ક્સમાં સમારકામ કરવાના થાય ત્યારે એક દિવસ માટે પાણી પુરવઠો ખોરવાઈ જાય તો પણ કેટલાક વિસ્તારોમાં પાણીની બૂમ પડી જતી હોય છે. પરંતુ આ વખતે ૪૮ કલાક માટે એટલે કે સળંગ બે દિવસ માટે પાણીનો સપ્લાય બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે એવા વિસ્તારો પણ છે, જયાં રહેતા વસાહતીઓ પાસે પાણીનો જતી કલાક મોટો જથ્થો સંગ્રહ કરવાની વ્યવસ્થા નથી. તેને ધ્યાનમાં રાખી જયાં જરૂર હોય ત્યાં ટેન્કરો મોકલીને પાણી પહોંચાડવા તૈયારી કરાઈ છે.

# મુંબઈ-અમદાવાદ નેશનલ હાઈવે પર ૧૫ કિ.મી. ટ્રાફિકજૅમઃ જાંબુવા બ્રિજ પર વાહનોની લાઇન લાગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા શહેર નજીક અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર આવેલા જાંબુવાબ્રિજ પર ફરી એકવાર ખાડા પડવાના કારણે ૧૫ કિમી લાંબો ટ્રાફિકજામ સર્જાયો હતો. મંગળવાર રાતથી શરૂ થયેલા આ ટ્રાફિકજામની લંબાઈ આશરે ૧૫ કિલોમીટર સુધી પહોંચી ગઈ હતી, જેના કારણે વાહનચાલકો છેલ્લા બે કલાકથી વધુ સમયથી ફસાયેલા રહ્યા હતા. આ ટ્રાફિકમાં એમ્બ્યુલન્સ પણ અટવાઈ હતી. વરણામાથી લઈને તરસાલીથી આગળ સુધી વાહનોની લાંબી કતારો લાગી હતી અને લોકો આ રોજિંદી માથાના દુખાવા સમાન સમસ્યાથી ત્રાહિમામ્ પોકારી ઊઠ્યા હતા. વારંવાર ખાડા પૂરવાની કામગીરી છતાં વરસાદને કારણે ફરી ખાડા પડી જતા હોવાથી આ સમસ્યાનું કોઈ કાયમી નિરાકરણ આવતું નથી, જેના પગલે લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

વાહનચાલકો હેરાન પરેશાન થયેલા જોવા મળ્યા. બ્રિજ પર મોટા મોટા ખાડા પડી ગયેલા જોવા મળ્યા હોવાથી જેને કારણે વાહનો ખૂબ ધીમી ગતિએ ચાલતા હતા, જેના કારણે ટ્રાફિક જામ સર્જાયો હતો.

# રોંગ સાઇડમાં આવતાં વાહન મુદ્દે હાઈ કોર્ટની સ્પષ્ટતાઃ હાઈ કોર્ટના જ કર્મચારીઓ આવું કરે તે ન ચલાવાય

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત હાઇ કોર્ટમાં ખરાબ રસ્તા, ટ્રાફિક સમસ્યા અને રખડતા ઢોરની સમસ્યાઓ અંગે કન્ટેમ્પ્ટ અરજી ઉપર સુનાવણી ચાલી રહી છે. જેમાં ગત સુનાવણીમાં હાઇ કોર્ટે ઓથોરિટીને રોંગ સાઇડ આવતા વાહન ચાલકો ઉપર પગલાં લેવા હુકમ કર્યો હતો. ત્યારથી રોંગ સાઇડ આવતા વાહન ચાલકો સામે પગલાં લેવા અમદાવાદ પોલીસ ડ્રાઇવ યોજી રહી છે. જો કે એક ઇલેક્ટ્રોનિક મીડિયા અહેવાલથી કોર્ટના ધ્યાને આવ્યું હતું કે, હાઇ કોર્ટ અને ઉચ્ચ અધિકારીઓની ગાડી ટ્રાફિક નિયમોનો ભંગ કરે તો છોડી દેવામાં આવે છે. આ બાબતને હાઈ કોર્ટના જજે ગંભીરતાથી લેતા કહ્યું હતું કે, હાઈ કોર્ટના કર્મચારી આવું કરે તો પણ ચલાવી ન લેવાય. હાઈ કોર્ટ કાયદાથી ઉપર નથી. આ કેસ ઉપર પગલાં લો.

ગુજરાત હાઇ કોર્ટ લખેલી ગાડી રોંગ સાઇડ આવતા એક ઇલેક્ટ્રોનિક મીડિયાના કેમેરામાં કેદ થઈ ગઈ હતી. જેમાં હાઇકોર્ટે કહ્યું હતું કે ગાડીના ડ્રાઈવર બેદરકાર હતા. હાઇકોર્ટ આવું કલ્ચર ઊભું કરવા માંગતી નથી. આવી સોશિયલ ટ્રીટમેન્ટ આપવાની કોઈને જરૂર નથી. હાઇ કોર્ટ કાયદાથી ઉપર નથી, આ કેસ ઉપર પગલા લો. હાઈ કોર્ટ ન્યુસંસ ટાળવા પગલા લેતી હોય હાઈ કોર્ટના જ કર્મચારીઓ આવું કરે તે ચલાવી લેવાય નહીં. સરકારી વકીલે કહ્યું હતું કે હાઈ કોર્ટ એસજી હાઈવે ૨ ટ્રાફિક પોલીસ સ્ટેશનના કાર્યક્ષેત્રમાં આવે છે.

# અમદાવાદના ઍરપોર્ટ વિસ્તારમાં ૨૦૨૪માં બર્ડ હિટની ૭૭ ઘટના બની

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના અમદાવાદમાં પ્લેન ક્રેશની ઘટના પછી એરપોર્ટ પણ ચર્ચામાં છે, ત્યારે શહેરસ્થિત એરપોર્ટ બર્ડ હિટનો પડકાર ચિંતાજનક છે. શહેરનું સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ કોઈને કોઈ કારણોસર ચર્ચામાં રહે છે, ત્યારે અહીંના એરપોર્ટ મુદ્દે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલયે કહ્યું હતું કે એરપોર્ટના વિસ્તારમાં ૨૦૨૪ બર્ડ હીટની ૭૭ ઘટના બની હતી. જ્યારે ચાલુ વર્ષે પ્રથમ છ મહિનામાં આવી ૨૯ ઘટના નોંધાઈ હતી.

તાજેતરના મહિનાઓમાં બર્ડ હીટની ઘટના માટે દિલ્હી, મુંબઈ અને બેંગલૂરુ જ આગળ છે. ૨૦૨૪માં દિલ્હી એરપોર્ટ પર બર્ડ હીટની ૧૩૦ ઘટના બની હતી. મુંબઈ અને બેંગલૂરુમાં અનુક્રમે ૮૬ અને ૮૮ ઘટના નોંધાઈ હતી. અમદાવાદનું એરપોર્ટ અન્ય મોટા એરપોર્ટની સંખ્યાએ પણ આગળ હતું. ગત વર્ષે હૈદરાબાદમાં ૪૩, કોલકાતા અને ચેન્નઈમાં ૪૩-૪૩ ઘટના બની હતી.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે અમદાવાદ એરપોર્ટની આસપાસ લોકો ખુલ્લી જગ્યામાં ગંદકી, કચરો છે, જેના કારણે પક્ષીઓ મોટી સંખ્યામાં આવે છે અને બર્ડ-હીટની ઘટનાઓ બને છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ખુલ્લા કચરાના નિકાલના સ્થળો, જળાશયો અને ચાલુ બાંધકામ જેવા શહેરી પર્યાવરણીય પરિબળોને કારણે એરપોર્ટની આસપાસના વિસ્તારોમાં પક્ષીઓની પ્રવૃત્તિને ઓછી કરવી એક પડકાર છે. આ ડેટા એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાને રાજ્ય સરકારના ભૂતપૂર્વ અધિકારી તરફથી કાનૂની નોટિસ મળ્યાના થોડા દિવસો પછી આવ્યો છે. નોટિસમાં એરપોર્ટની નજીક આવેલી લગભગ ૨૫ જેટલી માંસ અને મરઘાંની દુકાનો સામે કડક કાર્યવાહી કરવા અને બંધ કરવા માટે કહેવામાં આવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે સામાન્ય રીતે ચોમાસાની ઋતુ દરમિયાન અને પછી સમસ્યા વધુ વણસે છે. સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટે વન્યજીવનનું જોખમ ઓછું કરવા અનેક પગલાં લીધા છે. એરપોર્ટે બાયો-એકોસ્ટિક ડિટરન્ટ સિસ્ટમ્સ અને ખાસ ફટાકડાથી સજ્જ પક્ષી ભગાડવા માટે ટીમ તહેનાત કરી છે.

# આજે બનાસકાંઠાને ₹ ૩૫૮ કરોડના વિકાસ કામની ભેટ મળશે

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ ઉત્તર ગુજરાતના સરહદી ગામ સુઈગામથી ગુરૂવાર, ૨૪મી જુલાઈએ એક જ દિવસમાં ૩૫૮.૩૭ કરોડ રૂપિયાના બહુવિધ વિકાસ કામોની ભેટ બનાસકાંઠાને આપશે. મુખ્ય પ્રધાન આજે સવારે ૧૦:૦૦ કલાકે સુઈગામ પહોંચશે અને ત્યાં ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા રૂ. ૧.૮૩ કરોડના ખર્ચે નવનિર્મિત બસ મથકનું લોકાર્પણ કરશે. એસ.ટી. નિગમ દ્વારા આગામી દિવસોમાં નાગરિકોની સેવા માટે મૂકવામાં આવનારી ૧૯૬૩ નવી બસોના પ્રથમ ચરણમાં ૧૧ નવી બસોને તેઓ ફ્લેગઓફ પણ આપશે.

આ ઉપરાંત નડાબેટ ખાતે યોજાનારા કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લાને આરોગ્ય, માર્ગ મકાન, શિક્ષણ, ઊર્જા સહિતના વિભાગોના ૫૫.૬૮ કરોડ રૂપિયાના ઈ-લોકાર્પણ અને ૩૦૨.૬૯ કરોડના ઈ-ખાતમુહૂર્ત કામો ભૂપેન્દ્ર પટેલ સંપન્ન કરશે. રાજ્ય સરકારે છેવાડાના ગામોના બાળકોને પણ શાળા-શિક્ષણ મળી રહે તે માટે સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત શાળાઓના વર્ગખંડોનું નિર્માણ હાથ ધરેલું છે. બનાસકાંઠામાં આવા ૪૫ નવા વર્ગખંડોના લોકાર્પણ અને ૫૪ના ખાતમુહૂર્ત ગુરુવારે યોજાનારા કાર્યક્રમમાં થશે. બનાસકાંઠા જિલ્લાના ગામોમાં ગુણવત્તા યુક્ત વીજળી પુરવઠો પૂરો પાડવાના હેતુથી અંદાજે રૂપિયા ૨૯ કરોડના ખર્ચે નિર્માણ થયેલા ૬૬ કે.વીના ત્રણ સબ સ્ટેશનના લોકાર્પણ અને બે સબ સ્ટેશનના ખાતમુહૂર્ત તેઓ કરશે.

# અમદાવાદમાં ટ્રાફિકની ‘મંથર’ ગતિઃ દેશનું સાતમું ‘ધીમું’ શહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં વાહનોની સંખ્યા વધવાની સાથે ટ્રાફિક જામની પણ સમસ્યા પણ વકરી છે. ટ્રાફિક પોલીસ દ્વારા અડચણરૂપ વાહનો સામે કાર્યવાહી કરવામાં આવતી હોવા છતાં સમસ્યા ઠેરની ઠેર રહે છે. શહેરના હાર્દસમા એસ. જી. રોડ, સી. જી. રોડ અને આશ્રમ રોડ વગેરે શહેરને જોડતા મુખ્ય માર્ગો પર વાહનવ્યવહાર દિવસે દિવસે ધીમો પડી રહ્યો છે. આ વિસ્તારોમાં ટ્રાફિક સમસ્યાના કારણે એન્જિનના અવાજ કરતાં હોર્નનો અવાજથી રહેવાસીઓ તૌબા પોકારી ઉઠ્યા છે, ત્યારે ટ્રાફિકની જામની ‘મંથર’ ગતિ રહે છે, જેથી દેશમાં ટ્રાફિકની દૃષ્ટિએ સૌથી ધીમું શહેર હોવાના ચોંકાવનારા અહેવાલો મળ્યા છે.

એક સંસ્થા દ્વારા જીપીએસ ડેટાનો ઉપયોગ કરીને વાસ્તવિક સમયની ટ્રાફિક પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું, જેના અનુસાર સપ્તાહના પીક અવર્સ દરમિયાન અમદાવાદ અને મુંબઈ બંને શહેરોમાં પ્રવાસીઓને ૧૦ કિલોમીટરનું અંતર કાપવામાં સરેરાશ ૨૯ મિનિટ લાગે છે. ટ્રાફિક જામની દૃષ્ટિએ અમદાવાદ ભારતનું સાતમું સૌથી ધીમું શહેર હતું. કોલકાતા ૩૫ મિનિટ સાથે રાષ્ટ્રીયસ્તરે સૌથી ધીમું શહેર હતું. હૈદરાબાદમાં ૩૨ મિનિટ અને ચેન્નઈમાં આ અંતર કાપવામાં ૩૦ મિનિટ લાગી હતી. કોલકાતા અને અમદાવાદ વચ્ચે માત્ર છ મિનિટનો તફાવત હતો.

વૈશ્વિક સ્તરે, કોલકાતા ટ્રાફિક જામમાં બીજા સ્થાને છે, જ્યારે અમદાવાદ ૪૩મા ક્રમે અને મુંબઈ ૩૯મા ક્રમે હતા. વાર્ષિક પીક-અવર સમય એટલે કે એક વર્ષ દરમિયાન પીક અવર્સમાં ટ્રાફિક જામમાં પ્રવાસી જેટલા કલાક વિતાવે છે તેના આધારે આ ડેટા તૈયાર કરવામાં આવ્યો હતો. ડેટા સિસ્ટમ મુજબ અમદાવાદનો વાર્ષિક પીક-અવર સમય ૭૩ કલાક હતો, જે બેંગલુરુના ૧૧૭ કલાક, મુંબઈના ૧૦૩ કલાક અથવા કોલકાતાના ૧૧૦ કલાક કરતાં નોંધપાત્ર રીતે ઓછો હતો.

શહેરના ટ્રાફિક હોટ ઝોન પશ્ચિમમાં વસ્ત્રાપુર અને જુહાપુરાથી લઈને પૂર્વમાં લાલ દરવાજા અને કાલુપુર સુધી ફેલાયેલા છે, જ્યાં સવારે વાહનોની ગતિ ૧૮.૮ કિલોમીટર પ્રતિ કલાક સુધી ઘટી જાય છે, અને સાંજના સમયગાળામાં તેની સ્પીડ વધુ ઘટીને ૧૭.૪ કિલોમીટર પ્રતિ કલાક થઈ જાય છે. પાલડી, જીમખાના અને દાણાપીઠ જેવા મધ્ય વિસ્તારમાં પ્રવાસીઓ શહેરી સરેરાશનો અનુભવ કરે છે. પરંતુ સરખેજ, આંબલી, વિજય પાર્ક, વિક્રમનગર, અસારવા, રખિયાલ, રામોલ, ઇસનપુર અથવા ગણેશ નગર જેવા વિસ્તારમાં મુસાફરીનો સમય અઢારથી ૨૩ મિનિટનો હતો.

# દક્ષિણ ગુજરાત પર ફરી મેઘરાજા મહેરબાનઃ ધરમપુરમાં ૨.૦૯ ઈંચ વરસાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાત પર ફરી મેઘરાજા મહેરબાન થયા હતા. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના આંકડા પ્રમાણે, રાજ્યમાં છેલ્લા ૧૨ કલાકમાં ૭૨ તાલુકામાં વરસાદ વરસ્યો હતો.

દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ વરસાદ પડ્યો હતો. ધરમપુરમાં ૨.૦૯ ઈંચ, પારડીમાં ૧.૮૫ ઈંચ, વ્યારામાં ૧.૮૧ ઈંચ, વાલોડમાં ૧.૭૩ ઈંચ, મહુવા(સુરત)માં ૧.૫૪ ઈંચ, ખેરગામમાં ૧.૧૮ ઈંચ, કપરાડામાં ૦.૯૪ ઈંચ, વલસાડમાં ૦.૮૩ ઈંચ, વઘાઈમાં ૦.૭૯ ઈંચ, ડાંગ-આહવામાં ૦.૭૧ ઈંચ, સોનગઢમાં ૦.૬૭ ઈંચ વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં છ તાલુકામાં એક ઈંચથી વધારે વરસાદ પડ્યો હતો, જ્યારે ૬૬ તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ પડ્યો હતો.

રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૫૪.૬૭ ટકા થયો છે. કચ્છ ઝોનમાં ૬૩.૯૫ ટકા, ઉત્તર ગુજરાતમાં ૫૩.૯૧ ટકા, પૂર્વ મધ્યમાં ૫૧.૨૯ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૩.૬૦ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૫૭.૮૯ ટકા વરસાદ પડી ચૂક્યો છે. સરદાર સરોવર ડેમ ૫૮.૪૪ ટકા ભરાયો છે, જ્યારે રાજ્યના અન્ય ૨૦૬ જળાશયમાં ૬૦.૬૦ ટકા જળસંગ્રહ છે.

રાજ્યમાં ૪૮ ડેમ હાઈ ઍલર્ટ પર છે, જ્યારે ૨૮ ડેમ ૧૦૦ ટકા ભરાયેલા છે. હવામાન વિભાગે રાજ્યમાં ૨૭ જુલાઈ સુધી રાજ્યમાં સાર્વત્રિક ભારે વરસાદની આગાહી કરી હતી. રાજ્યમાં ગાજવીજ અને ભારે પવન સાથે વરસાદ વરસવાની સંભાવના છે. મોનસૂન ટ્રફ અને સાયક્લોનિક સર્ક્યુલેશન સિસ્ટમ સક્રિય થતા ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. ૨૫ જુલાઈ સુધી માછીમારોને દરિયો નહીં ખેડવા સૂચના આપવામાં આવી હતી.

# અરવલ્લીના મોડાસામાં ખેડૂત-પશુપાલક મહાપંચાયત યોજાઈ, કેજરીવાલના ભાજપ પર આકરા પ્રહાર

અમદાવાદઃ અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે આમ આદમી પાર્ટી (આપ) દ્વારા ખેડૂત-પશુપાલક મહાપંચાયતનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાપંચાયતમાં દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલ અને પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માન હાજર રહ્યા હતા અને પશુપાલકોને સંબોધન કર્યું હતું. આ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટીના ગુજરાતના ધારાસભ્યો અને સંઘઠનના હોદ્દેદારો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. લગભગ ૫,૦૦૦ જેટલા પશુપાલકો તેમજ અન્ય લોકો મહાપંચાયત સમયે હાજર રહ્યા હતા.

દિલ્હીના પૂર્વ મુખ્ય પ્રધાન અને આમ આદમી પાર્ટી (આપ) ના સંયોજક અરવિંદ કેજરીવાલે મોડાસામાં આયોજિત ખેડૂત-પશુપાલક મહાપંચાયતમાં ગુજરાત સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. આ સંબોધનમાં તેમણે રાજ્ય સરકારને ‘અમીરોની’ અને ‘અદાણીની’ સરકાર ગણાવી હતી, જ્યારે આપને ગરીબો, ખેડૂતો અને શ્રમિકોની હિમાયતી તરીકે રજૂ કરી હતી.

કેજરીવાલે પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર અદાણીને બધા મોટા કોન્ટ્રાક્ટ આપી રહી છે, જેનાથી સામાન્ય જનતા અને ખાસ કરીને ખેડૂતો તથા પશુપાલકોના હિતોની અવગણના થઈ રહી છે. આમ આદમી પાર્ટી સામાન્ય લોકોના હક માટે લડી રહી છે અને તેમનો અધિકાર તેમને અપાવવા માટે કટિબદ્ધ છે.

આ ઉપરાંત, તેમણે તાજેતરમાં ખેડૂતો અને પશુપાલકો પર થયેલા અત્યાચારોની પણ સખત શબ્દોમાં નિંદા કરી હતી. કેજરીવાલે પ્રશ્ન ઉઠાવ્યો હતો કે, જ્યારે પશુપાલકો પોતાના હક માટે રજૂઆત કરી રહ્યા હતા, ત્યારે તેમની સાથે બેસીને વાતચીત કરવાને બદલે લાઠીચાર્જ કરવો કેટલો યોગ્ય છે?

# ધોલેરા ઈન્ટરનેશનલ ઍરપોર્ટ આ વર્ષના અંતમાં કાર્યરત થશે

અમદાવાદઃ સંસદનું ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે, જેમાં અમદાવાદના ધોલેરા ઈન્ટરનેશલ એરપોર્ટને લઈ વિગત આપવામાં આવી હતી. કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા સંસદમાં રજૂ કરાયેલા ડેટા અનુસાર, ધોલેરા ગ્રીનફિલ્ડ એરપોર્ટ પ્રોજેક્ટ ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં પૂર્ણ થવાની અપેક્ષા સાથે ગુજરાતના ઉડ્ડયન માળખાકીય સુવિધામાં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળશે. મંત્રાલયે પુષ્ટિ કરી કે આ પ્રોજેક્ટ પૂર્ણ કરવા માટે કોઈ સમયમર્યાદા લંબાવવામાં આવી નથી. ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજન નજીક આકાર લઈ રહેલું આ એરપોર્ટ, ભારત સરકારની ગ્રીનફિલ્ડ એરપોર્ટ્સ પૉલિસી, ૨૦૦૮ હેઠળ પ્રાદેશિક હવાઈ કનેક્ટિવિટી વધારવાના પ્રયાસનો એક ભાગ છે.

# ગિરનાર પર ભારે પવન ફૂંકાતા શ્રદ્ધાળુઓ માટે રોપ-વે સેવા બંધ કરાઈ

અમદાવાદઃ રાજ્યમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. આ દરમિયાન જૂનાગઢમાં ભારે પવન અને વરસાદી વાતાવરણને કારણે ગિરનાર રોપ-વે સેવા બંધ કરવામાં આવી હતી. ગિરનાર શિખર પર ૫૦-૫૪ કિ.મી. પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાતા તંત્રએ સુરક્ષાના ભાગ રૂપે હાલ રોપ-વે સેવા બંધ કરી હતી. પવનની ગતિ ધીમી થતા ફરી ગિરનાર રોપ-વે સેવા શરૂ કરાશે. જૂનાગઢના ગિરનાર ખાતે છેલ્લા ઘણા દિવસથી પવનની ગતિ વધી હોવાના કારણે ગિરનાર રોપ-વે હાલ પૂરતો બંધ કરાયો હતો. રોપ-વે સંચાલકે જણાવ્યું હતું કે, ભારે પવનના કારણે રોપ-વે સેવા બંધ કરી છે, ત્યારે એડવાન્સમાં બુકિંગ કરાયેલા લોકોને મેસેજ કરીને આ અંગે જાણ કરવામાં આવી છે.

# અમદાવાદમાં બાંધકામ સ્થળે પ્રદૂષણ છુપાવવા કોન્ટ્રાક્ટરોના ક્વૉલિટી સેન્સર સાથે ચેડાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં હવા પ્રદૂષણ વધી રહ્યું છે. ખાસ કરીને નવી બિલ્ડિંગો બનતી હોય તેની આસપાસ પ્રદૂષણની માત્રા વધારે જોવા મળે છે. અમુક ડેવલપર્સ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેસનની આંખમાં ધૂળ નાંખી રહ્યા છે. અનેક સાઇટ્સ પર હવા પ્રદૂષણ વ્યવસ્થાપન ધોરણોના નિયમોનું ઉલ્લંઘન થઈ રહ્યું હોવા છતાં અનેક કોન્ટ્રાક્ટરો ઢાંકપીછાડો કરી રહ્યા છે. ૨૦૨૩માં જાહેર થયેલા નિયમો હેઠળ એએમસી એ અન્ય પગલાં ઉપરાંત, ૧૦,૦૦૦ ચોરસ મીટરથી મોટી તમામ બાંધકામ સાઇટ્સ પર પીએમ૧૦ સ્તરનું નિરીક્ષણ કરવા માટે એર ક્વૉલિટી સેન્સર ફરજિયાત કર્યા હતા. હાલમાં, ૧૦૦થી વધુ સાઇટ્સ પર સેન્સર છે જે એએમસીને રિયલ ટાઇમ ડેટા બતાવે છે. જોકે, જ્યારે કેટલીક સાઇટ્સના રીડિંગ્સ અસામાન્ય રીતે ઓછા હોવા છતાં ત્યારે શંકા ગઈ હતી. તેઓ સતત ૫૦થી નીચે પીએમ૧૦ સ્તર બતાવતા હતા, જે છુપાવવા તરફ ઈશારો કરે છે. એએમસીની તપાસમાં બહાર આવ્યું કે તે ખરેખર છુપાવવાનું જ હતું. ઘણી સાઇટ્સ પર, રીડિંગ્સમાં હેરાફેરી કરવા માટે સેન્સર ભીના કપડાથી વીંટાળેલા જોવા મળ્યા હતા.

નવમા પાનાનું ચાલુ

## આજથી સળંગ ચાર

જુલાઈના સવારના ૧૧.૫૭ વાગે દરિયામાં ભરતી હશે એ દરમ્યાન દરિયામાં મોજાં ૪.૫૭ મીટર ઊંચા ઉછળશે. શુક્રવાર, ૨૫ જુલાઈના બપોરના વાગે દરિયામાં ભરતી સમયે મોજાં ૪.૬૬ મીટર ઊંચા ઉછળશે. શનિવાર, ૨૬ જુલાઈના બપોરના ૧.૨૦ વાગે ભરતી સમયે મોજાં ૪.૬૭ મીટર ઊંચા ઉછળશે. તો રવિવાર ૨૭ જુલાઈના બપોરના ૧.૫૬ વાગે દરિયામાં ભરતી સમયે મોજાં ૪.૬૦ મીટરથી ઊંચા ઉછળશે.

## બેસ્ટ દ્વારા કરાર રદ કરાયેલી ૧૦૦ બસ આણિક આગારમાં ધૂળ ખાય છે

મુંબઈઃ સેવામાં બેદરકારીને કારણે બેસ્ટ વહીવટીતંત્ર દ્વારા કોન્ટ્રાક્ટ રદ કરાયેલી કંપનીની લગભગ ૧૦૦ બસ વડાલા સ્થિત બેસ્ટ ઉપક્રમના આણિક ડેપોમાં ધૂળ ખાય છે. છેલ્લા દોઢેક વર્ષથી ઊભેલી આ બસ સંપૂર્ણપણે ઝાડીઓથી ઘેરાઈ ગઈ છે. કોન્ટ્રાક્ટર કંપની પર બેસ્ટનું દેવું બાકી છે અને આ મામલો હાલમાં કોર્ટમાં પેન્ડિંગ છે. દરમિયાન, સૂત્રોએ માહિતી આપી હતી કે ડેપોમાં પાર્ક કરેલી બસની હરાજી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.

મુંબઈગરાઓને અપૂરતી બસના કારણે અસુવિધા ન થાય તે માટે બેસ્ટે ડિસેમ્બર ૨૦૨૧ માં એક કંપનીને ૨૭૫ બસનો કોન્ટ્રાક્ટ આપ્યો હતો. જોકે, કોન્ટ્રાક્ટર કંપનીએ કોન્ટ્રાક્ટની શરતો અને નિયમોનું પાલન કર્યું ન હતું. સેવાઓ પૂરી પાડવામાં સતત બેદરકારીને કારણે, બેસ્ટે કોન્ટ્રાક્ટર કંપનીને વારંવાર નોટિસ ફટકારી હતી. જોકે સેવામાં સુધારો ન થવાને કારણે બેસ્ટ વહીવટીતંત્રે ૨૦૨૨માં સંબંધિત કંપની સાથેનો કોન્ટ્રાક્ટ રદ કર્યો હતો. કોન્ટ્રાક્ટમાં ૨૭૫ બસમાંથી, ૧૭૫ બસ કોન્ટ્રાક્ટર કંપની દ્વારા લઇ લેવામાં આવી હતી. કોન્ટ્રાક્ટર કંપનીને પણ નુકસાન થયું હોવાથી, તેણે આખરે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ સમક્ષ પોતાને દેવાદાર જાહેર કરી.

## હાઈ કોર્ટે કાનૂની હકને બદલે બાળકના હિતને પ્રાધાન્ય આપ્યું

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે સોમવારે કર્ણાટકના બિદરની એક મહિલાને તેના નવ વર્ષના પુત્રની સોંપણી તેનાથી અલગ રહેતા પતિને સોંપવાનો નિર્દેશ આપતા ૨૦૨૩ના ફેમિલી કોર્ટના આદેશને રદબાતલ ઠેરવ્યો હતો. ન્યાયમૂર્તિ શૈલેષ પી. બ્રહ્મેની એક ન્યાયમૂર્તિની ખંડપીઠે નોંધ્યું હતું કે મુસ્લિમ પર્સનલ લો અનુસાર બાળક સાત વર્ષનું થયા પછી પિતાને કસ્ટડીનો હક છે. જોકે, બાળકનું કલ્યાણ (એનું ભવિષ્ય, એનું હિત) સૌથી મહત્વપૂર્ણ છે અને પોતાના પિતા જ અજાણી વ્યક્તિ લાગે એવા વાતાવરણમાં બાળકનો ઉછેર સરખો નહીં થાય એવું વલણ અદાલતે અપનાવ્યું હતું. દંપતીના લગ્ન ૨૦૧૦માં થયા હતા અને ૨૦૧૫માં એક બાળકનો જન્મ થયો હતો. જોકે જૂન ૨૦૨૦માં મહિલાએ આરોપ કર્યો હતો કે તેનો પતિ તેની સાથે ખરાબ વર્તન કરી રહ્યો હતો અને તેને બિહારમાં તેના માતાપિતા સાથે રહેવા માટે મોકલી દીધી હતી. એક વર્ષ બાદ પતિએ બાળકની કસ્ટડી માટે નીલાંગા જિલ્લા કોર્ટનો સંપર્ક કરી દાવો કર્યો હતો કે પત્ની અન્ય પુરુષ સાથે રહે છે અને પુત્રના સ્વાસ્થ્ય અને શિક્ષણની અવગણના કરે છે.

મહિલાએ આ દાવાઓ નકારી કહ્યું હતું કે દહેજ સંબંધિત પજવણી તેણે સહન કરી હતી. હાલ કપડાનો વ્યવસાય ચલાવી રહી છે અને સ્વતંત્ર રીતે બાળકની જરૂરિયાતો પૂરી પાડે છે. ડિસેમ્બર ૨૦૨૩માં જિલ્લા ન્યાયાધીશે બાળકની કસ્ટડી પિતાને સોંપી હતી અને મહિલાને મળવાની પરવાનગી આપી હતી. ત્યારબાદ ૨૦૨૪માં મહિલાએ બોમ્બે હાઈકોર્ટમાં અપીલ કરી હતી. માર્ચ ૨૦૨૪થી ઓક્ટોબર ૨૦૨૪ વચ્ચે કેટલાક આદેશ પસાર કરવામાં આવ્યા હતા જેમાં બાળકને હંગામી સ્વરૂપે માતાની કસ્ટડીમાં રાખવામાં આવ્યું હતું અને પિતાને મળવા દેવાની અનુમતિ આપવામાં આવી હતી.

## મુંબઈમાં સતત

હળવું થયું હતું. હવામાન વિભાગના અધિકારી શુંભાગી ભુતેએ જણાવ્યું હતું કે ગુરુવારની આસપાસ બંગાળની ખાડીમાં લો પ્રેશર એરિયા નિર્માણ થવાની શક્યતા છે અને તેને કારણે કોંકણ રિજનમાં ભારે વરસાદ પડવાની શક્યતા છે. મુખ્યત્વે ૨૪ જુલાઈ, ગુરુવારના મુંબઈ, પાલઘર અને થાણે માટે ઓરેન્જ અલર્ટ અને દક્ષિણ કોંકણના વિસ્તાર ખાસ કરીને રાયગઢ, સિંધુદુર્ગ અને રત્નાગિરી માટે રેડ અલર્ટ રહેશે. હવામાન વિભાગના આંકડા મુજબ મંગળવાર સવારના ૮.૩૦ વાગ્યાથી બુધવાર સવારના ૮.૩૦ વાગ્યા સુધીના ૨૪ કલાકમાં કોલાબામાં ૮૭ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૮૫ મિ.મી. વરસાદ નોંધાયો હતો. મંગળવાર સાંજના ૫.૩૦ વાગ્યા સુધીમાં કોલાબામાં માત્ર છ મિ.મી. વરસાદ નોંધાયો હતો. એટલે કે મોટાભાગના વરસાદ મોડી રાતથી સવાર સુધીમાં જ પડયો હતો. પાલિકાના ઓટોમેટિક વેધર સ્ટેશનના આંકડા મુજબ બુધવાર સવારના ૨૪ કલાક દરમ્યાન દક્ષિણ મુંબઈના અમુક વિસ્તારમાં લગભગ ૧૦૦ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો હતો. મંગળવારથી બુધવાર સવાર સુધીમાં મલબાર હિલમાં સૌથી વધુ એટલે કે ૧૦૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો ફોર્ટ વિસ્તારમાં ૧૦૦ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો હતો.

પશ્ચિમ ઉપનગરમાં જુહુમાં ૮૧ મિ.મી., વર્સોવામાં ૭૯ મિ.મી., મલાડમાં ૭૭ મિ.મી. તો પૂર્વ ઉપનગરમાં ઘાટકોપરમાં ૫૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો.

## ‘પ્રફુલ લોઢાએ

જાહેર થશે.’ વિજય વડેટ્ટીવારે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે ‘જે ચહેરા છુપાયેલા છે તેમને ખુલ્લા પાડવામાં આવશે.’ ગયા અઠવાડિયે કોંગ્રેસના નેતા નાના પટોલેએ વિધાનસભાના ફ્લોર પર એવો આરોપ લગાવ્યો હતો કે મંત્રાલય, નાશિક અને થાણે હનીટ્રેપના સેન્ટર બની ગયા છે. આ સંદર્ભમાં ગૃહમાં પેન ડ્રાઇવ પણ બતાવવામાં આવી હતી. વિધાનસભા અધ્યક્ષે સરકારને હનીટ્રેપ મુદ્દે નિવેદન આપવા કહ્યું હતું, પરંતુ તેમના સૂચન પછી પણ સરકારે તેના પર કોઈ નિવેદન આપ્યું ન હતું. ન તો હની છે કે ન તો ટ્રેપ એવું નિવેદન આપીને ફડણવીસે આ આરોપોની મજાક ઉડાવી હતી. હવે, વિજય વડેટ્ટીવારે ફરી એકવાર આ જ બાબતનો ઉલ્લેખ કર્યો છે અને આરોપ લગાવ્યો છે કે મોટી માછલીઓ હનીટ્રેપમાં ફસાઈ ગઈ છે. જો આ સરકારમાં થોડી પણ શરમ હોય, તો માણિકરાવ કોકાટે સામે કાર્યવાહી કરવી જોઈએ. જે માણસ ખેડૂતો અને સરકારને ભિખારી કહે છે અને વિધાનસભામાં રમી રમે છે તેની સામે કાર્યવાહી થવી જોઈએ. અમે માગણી કરીએ છીએ કે માણિકરાવ કોકાટેને એક મિનિટ માટે પણ તેમના પદ પર ન રાખવા જોઈએ, એવી માગણી વિજય વડેટ્ટીવારે કરી હતી.

## પુણેની ગ્રામ પંચાયતે

ઓનલાઈન રમીનો કેસ હેડલાઇન્સ બનાવી રહ્યો છે, ત્યારે પુણે જિલ્લાના ખાનાપુર ગ્રામ પંચાયતના નાયબ સરપંચ દ્વારા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને મોકલવામાં આવેલો એક પત્ર સોશિયલ મીડિયા પર વાઈરલ થયો છે. જુન્નર તાલુકાના ખાનાપુર ગ્રામ પંચાયતમાં કેસિનો ક્લબ ખોલવાની પરવાનગી માગવામાં આવી છે, જેને કોકાટેના કથિત રમી કેસ સાથે જોડવામાં આવી રહ્યો છે. પુણે જિલ્લાના ખાનાપુર ગ્રામ પંચાયતના ડેપ્યુટી સરપંચ મુકુંદ ભગતે મુખ્ય પ્રધાનને મોકલાવેલો એક પત્ર સોશિયલ મીડિયા પર ફરતો થયો હતો. જોકે તે સ્પષ્ટ નથી કે આ પત્ર સાચો છે કે નકલી, પરંતુ તેના ધાગા-દોરા કોકાટેના ઓનલાઈન રમી કેસ સાથે જોડીને રજૂ કરવામાં આવી રહ્યો છે. રાજ્યમાં દરરોજ અલગ અલગ જુગાર એપ્લિકેશનો શરૂ થઈ રહી છે. આમાં એક મોટો ઉદ્યોગ છે. લોકો કોર્ટ, સરકારી કચેરીઓ, કોલેજોમાં દરેક જગ્યાએ જુગાર રમી શકે છે. પત્રમાં એ હકીકત તરફ ધ્યાન દોરવામાં આવ્યું હતું કે લોકોને લૂંટતી એપ સરકારને કરના રૂપમાં કેટલીક રકમ આપી રહી છે. જો આ કાર્યને ટેકો આપવા માટે ગ્રામ પંચાયતમાં કેસિનો ક્લબ શરૂ કરવામાં આવે તો યુવાનો પાસે વધુ કામ હશે અને બેરોજગારીની લાગણી નહીં રહે, એમ ડેપ્યુટી સરપંચ ભગતે પત્રમાં જણાવ્યું હતું. લાઈવ જુગારમાં, પૈસા સંકળાયેલા કેટલાક લોકો પાસે જાય છે. જોકે, જુગાર ખરાબ છે. તેના પર પ્રતિબંધ છે. જોકે, આ કોમ્પ્યુટર એપ્સ દરેકને લૂંટીને પોતાની કમાણી કરે છે. પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે સરકાર અને લોકોના પ્રતિનિધિઓ ખેલાડીઓ અને કલાકારોને કરોડો રૂપિયા આપી રહ્યા છે અને જાહેરાતો કરાવી રહ્યા છે એટલે આ બધું ચાલુ રહે છે. આપણી ગ્રામ પંચાયતને કેસિનો ક્લબ માટે પરવાનગી મળવી જોઈએ જેથી યુવાનો કામ શોધી શકે. લોકો તેમના બાકીના ખેતરો વેચીને ભીખ માગશે તેવી વિડંબનાપૂર્ણ ટીકા કરવામાં આવી છે.

## ભાષાકીય નફરત

ભાષાની નીતિના અમલીકરણ અંગેના બે જીઆર (સરકારી આદેશ) પાછા ખેંચવાનો નિર્ણય લીધો હતો.

મંગળવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર એક કોફી ટેબલ બુકના લોકાર્પણ પ્રસંગે રાધાકૃષ્ણને સવાલ કર્યો હતો કે જો તમે આવીને મારી મારપીટ કરશો એટલે શું હું તરત જ મરાઠીમાં બોલી શકીશ? જો આવી નફરત ફેલાવવામાં આવશે તો રાજ્યમાં કોઈ ઉદ્યોગ અને રોકાણ નહીં આવે. લાંબા ગાળે રાજ્યને નુકસાન જ થશે.’ અંગત અનુભવ જણાવતા રાજ્યપાલે કહ્યું હતું કે ‘હું જ્યારે તમિળનાડુમાં સંસદ સભ્ય હતો ત્યારે તમિળ ન બોલવાના કારણે એક જૂથ બીજા દ્વારા થયેલી મારપીટ મેં જોઈ હતી. હું હિન્દી નથી સમજી શકતો અને તે મારા માટે અવરોધ છે. આપણે મહત્તમ ભાષાઓ શીખવી જોઈએ અને આપણને આપણી માતૃભાષા પર પણ ગર્વ હોવો જોઈએ.

રાજ્યપાલની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપતા શિવસેના (યુબીટી)ના વિધાનસભ્ય આદિત્ય ઠાકરેએ કહ્યું કે રાજ્યમાં ભાષાકીય નફરત નથી અને રાજકીય ટિપ્પણી કરવાની જરૂર નથી. (પીટીઆઈ)

## ભાંડુપમાં ભેખડ

પાસે મંગળવારે સાંજે ભારે વરસાદને પગલે ડુંગર પરથી માટી અને ભેખડ ધસી પડી હતી અને તે નીચે રહેલા ઘરો પર પડી હતી. ખાલી રહેલા બે ઘર તૂટી પડયા હતા. સુરક્ષાને કારણથી બાદમાં અન્ય ત્રણ-ચાર ઘર ખાલી કરાવવામાં આવ્યા હતા. સદ્‌નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું પણ ચોમાસામાં ભેખડ ધસી પડવાના બનાવ વધતા હોવાનેક કારણે પાલિકા દ્વારા અનેક વખત ડુંગરાળ વિસ્તારમાં રહેતા લોકોને ઘર ખાલી કરવાની ચેતવણી આપવામાં આવતી હોય છે, જેનું લોકો પાલન કરતા નથી અને બાદમાં ભારે વરસાદ દરમ્યાન ભેખડ ધસી પડવાના બનાવ બનતા હોય છે.

## વર્સોવા-ભાયંદર

બોમ્બે હાઈ કોર્ટમાં પાસેથી અંતિમ મંજૂરી મેળવવામાં આવશે.

કોસ્ટલ રોડમાં પૅકેજ ‘બી’ અંતર્ગત કેબલ આધારિત પૂલ બાંધવામાં આવવાનો છે, ત્યાંથી મલાડ માઈન્ડસ્પેસથી અલાઈનમેન્ટ આગળ જશે. તેમ જ આગળ ઈન્ટરચેન્જ આવશે. ફલાયઓવરનો એક ભાગ ગોરેગામની દિશામાં ઊતરશે. ગોરેગામમાં ૧.૨ કિલોમીટર લંબાઈના નોન સીઆરઝેડમાં જગ્યા ઉપલબ્ધ હોઈ ત્યાં ફાઉન્ડેશનનું કામ ચાલી રહ્યું છે. તો મલાડ માઈન્ડસ્પેસમાં ૬૦૦ મીટર અંતર પર પ્રત્યક્ષમાં કામ કરવામાં આવી રહ્યું છે સરકારી અને ખાનગી જમીન ઉપલબ્ધ કરીને દસ્તાવેજ પ્રક્રિયા પૂરૂં કરવાનું કામ પણ ચાલી રહ્યું હોવાનું બાંગરે જણાવ્યું હતું.

પૅકેજ સી’ અને ‘ડી’ અંતર્ગત માઈડસ્પેસ મલાડ થી ચારકોપ ખાડી દરમ્યાન ઉત્તર દિશા અને દક્ષિણ દિશામાં જનારી ટનલ બાંધવામાં આવવાની છે. પૅકેજ ‘ઈ ’ હેઠળ ચારકોપ ખાડીથી ગોરાઈ એલિવેટેડ રોડ તેમ જ પૅકેજ ‘એફ’માં ગોરાઈ એલિવેટેડ રોડથી દહિસર એલિવેટેડ પ્રસ્તાવિત છે. પાલિકાએ અન્ય મંજૂરીઓ મળે ત્યા સુધી નોન કોસ્ટલ રેગ્યુલેશન ઝોનમાં કામ ચાલુ કરી દીધું છે, જેમાં પૅકેજ ‘એફ’ હેઠળ બોરીવલીમાં દેવિદાસ રોડ પર ૮૦૦ મીટર લંબાઈના નોન કોસ્ટલ રેગ્યુલેશન ઝોનમાં કામ ચાલુ કરવામાં આવવાનું હોવાનું અભિજિત બાંગરે જણાવ્યું હતું.

આ પ્રોજેક્ટ પૂરો થયા બાદ વર્સોવાથી ભાયંદરનું અંતર ૯૦- ૧૨૦ મિનિટ પરથી ફક્ત ૧૫થી ૨૦ મિનિટનું થઈ જશે. બળતણમાં બચતની સાથે જ કાર્બન ઉત્સર્જનમાં પંચાવન ટકાનો ઘટાડો થશે. આ પ્રોજેક્ટમાં ૧૬,૬૨૧ કરોડ રૂપિયાના ખર્ચે ૨૦ કિલોમીટર લાંબો વર્સોવા-દહિસર કોસ્ટલ રોડ બનશે. આગળ દહિસરથી ભાયંદરને જોડતો ૫.૬ કિલોમીટરનો એલિવેટેડ રોડ ૩,૩૦૪ કરોડ રૂપિયાના ખર્ચે બનશે.

મરીન ડ્રાઈવરથી ભાયંદર સુધીના ૬૦ કિ.મી.ના મેગા પ્રોજેક્ટમાં ઈન્ટરચેન્જ, એલિવેટેડ રોડ, પુલ અને બે ટનલ હશે.

આ રૂટ વર્સોવા, મલાડ, માલવણી, કાંદિવલી, બોરીવલી અને દહિસરમાંથી પસાર થશે અને મીરા રોડ થઈને ભાયંદરમાં પૂરો થશે. આ પ્રોજેક્ટનું કામ ઑગસ્ટ ૨૦૨૫માં શરૂ થશે અને ડિસેમ્બર ૨૦૨૮ સુધીમાં કામ પૂરું કરવાનો લક્ષ્યાંક છે.

## તાનસા છલકાયું

દિવસ ચાલે એટલું પાણી છે. મુંબઈ સહિત રાજ્યના મોટાભાગના જિલ્લામાં ચોમાસું ફરી સક્રિય થયું છે. મુંબઈને પાણી પુરવઠો કરનારા સાતેય જળાશયોના કેચમેન્ટ એરિયામાં પણ છેલ્લાં બે-ત્રણ દિવસથી નોંધપાત્ર વરસાદ પડી રહ્યો છે, તેને પગલે બુધવારે સાંજે પાંચ વાગીને ૪૦ મિનિટે તાનસા તળાવ છલકાઈ ગયું હતું. આ અગાઉ જુલાઈના પહેલા અઠવાડિયામાં પણ જળાશયોના કેચમેન્ટ એરિયામાં પડેલા મુશળધાર વરસાદને પગલે સાત જુલાઈના મિડલ વૈતરણાના ત્રણ દરવાજા ખોલવામાં આવ્યા હતા અને ત્યાર બાદ નવ જુલાઈ, ૨૦૨૫ના રોજ મિડલ વૈતરણા છલકાઈ ગયું હતું.

થાણે જિલ્લાના શહાપૂર તાલુકામાં આવેલા તાનસા જળાશય એ સૌથી જૂનામાં જૂનો બંધ માનવામાં આવે છે. તાનસામાંથી મુંબઈને પ્રતિદિન લગભગ ૫૦૦ મિલ્યન લિટર જેટલો પાણીપુરવઠો કરવામાં આવે છે. બુધવારે સાંજે છલકાઈ ગયેલા તાનસાની પાણી સમાવવાની ક્ષમતા ૧૪,૫૦૮ કરોડ લિટર (૧,૪૫,૦૮૦ મિલ્યન લિટર) જેટલી છે.

તાનસા જળાશય ગયા વર્ષે ૨૪ જુલાઈ, ૨૦૨૪ના રોજ વહેલી સવારના ૪.૧૬ વાગે છલકાયું હતું. ૨૦૨૩ની સાલમાં ૨૬ જુલાઈના વહેલી સવારના ૪.૩૫ વાગે તો ૨૦૨૨માં ૧૪ જુલાઈના રાતના ૮.૫૦ વાગે અને ૨૦૨૧ની સાલમાં ૨૨ જુલાઈના વહેલી સવારના ૪.૫૮ વાગે છલકાયું હતું.

પાણીપુરવઠા વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ કેચમેન્ટ એરિયામાં ધોધમાર વરસાદ પડી રહ્યો હોવાથી જળાશયોની સપાટીમાં વધારો થયો છે. બુધવારે સવારે છ વાગે સાતેય જળાશયોમાં તેની કુલ ક્ષમતાના ૮૬.૮૮ ટકા પાણીનો સ્ટોક જમા થઈ ગયો હતો. આ પાણી મુંબઈને આગામી ૩૧૮ દિવસ ચાલે એટલું થઈ ગયું છે. સાતેય જળાશયોમાં બુધવારે સવારના ૧૨,૫૭,૪૪૨ મિલ્યન લિટર જેટલો પાણીનો સ્ટોક હતો.

ગયા વર્ષે આ જ સમયે જળાશયોમાં ૫૩.૧૨ ટકા એટલે કે ૭,૬૮,૮૪૬ મિલ્યન લિટર અને ૨૦૨૩ની સાલમાં ૫૦.૧૮ ટકા એટલે કે ૭, ૨૬,૨૮૮ જેટલું પાણી હતું.

## વડાલાથી ગેટવે

આ મેટ્રો લાઇનનો પર્યાવરણીય અસર અહેવાલ અને સામાજિક અસર મૂલ્યાંકન અહેવાલ બહાર પાડ્યો છે.

આ મેટ્રો લાઇન ભાયખલા, નાગપાડા, ભીંડી બજારના ગીચ વિસ્તારોમાંથી પસાર થશે. આ વિસ્તારના રસ્તાઓ પણ સાંકડા છે. આ મેટ્રો લાઇન માટે સ્ટેશનો બનાવવા માટે મોટી જગ્યાની જરૂર પડશે. ૭૯૬ માળખા સંપૂર્ણપણે પ્રભાવિત થશે, જેમાંથી ૫૯૦ રહેણાંક, ૨૦૧ કર્મશિયલ તથા પાંચ કર્મશિયલ અને રહેણાંક માળખાં સંયુક્ત છે.

આમાંના મોટા ભાગના બાંધકામો વડાલા મેટ્રો સ્ટેશનના કામ માટે તોડવા પડશે. વડાલામાં મ્હાડા ચાલ અને કોકરી આગારમાં ૩૨૪ મકાનો તોડવા પડશે. ભીંડી બજાર મેટ્રો સ્ટેશનના નિર્માણ માટે ૨૦૫ પરિવારો પ્રભાવિત થશે. આમાં મિયાં અહેમદ ચોટાણી રોડ પર છ માળની ઇમારતના રહેવાસીઓનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં બે જૈન દેરાસર છે, જેમાં રહેણાંક સુવિધાઓ છે. આમાંના ૪૮ ભાડૂતોને અસર થશે. મેટ્રો-૧૧ના કામ માટે ચાર ધાર્મિક પ્રભાવિત થવાની સંભાવના છે. આમાં બે જૈન દેરાસર, એક હનુમાન મંદિર અને એક બૌદ્ધ મઠનો સમાવેશ થાય છે. ભીંડી બજાર વિસ્તારમાં આવેલા આ બે જૈન મંદિરો ૨૦૦ વર્ષ જૂના છે, જ્યારે પંચશીલનગરમાં બૌદ્ધ મઠ અને શિવરીમાં હનુમાન મંદિર આ પ્રોજેક્ટથી પ્રભાવિત થશે.

# હિન્દુ મરણ

### સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ

વંડા નિવાસી હાલ ઘાટકોપર, ગિરીશ નંદલાલ વ્યાસ (ઉં.વ. ૭૪) તા. ૧૯-૭-૨૫, શનિવારનાં કૈલાસવાસી થયેલ છે. તે વિનોદાબેનનાં પતિ. પૂર્વી સમીર માલીનાં પિતા. સ્વ. બિપિન, સ્વ. નરેનનાં મોટાભાઈ. રજનીભાઈ, જીતેન, જયંત, જયેશ, જયોત્સના, ઈન્દુબેન, જયશ્રી, મીના, ડિમ્પલનાં કાકા. ગુણવંતરાય પી. ભટ્ટનાં જમાઈ. ચિ. પ્રિયાંશનાં નાના. બંને પક્ષની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૫-૭-૨૫નાં ૫.૩૦થી ૭. લાયન્સ કોમ્યુનિટી હોલ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

### રાજપુત

રાજસ્થાન, ખોડ, જિ. પાલી, હાલ વિલેપારલે, ઉષાબેન સોલંકી (ઉં.વ. ૭૧) સોમવાર, તા. ૨૧-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સરસ્વતીદેવી તથા છેલાજી સોલંકીના દીકરી. શ્યામસુંદર (રાજાભાઈ)ના બેન. તેજલના નણંદ. ઈશાની, વરુણ, હિમાંજય, રુતુજાના ફોઈ. રાયા, વિહાનાના દાદી ફોઈ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

### દશા સોરઠિયા વણિક

બાબરા નિવાસી સ્વ. સુશીલબેન બચુભાઈ મલકાનના સુપુત્ર શ્રી સુરેશ, તે હિરાબેન પ્રાણલાલ સાંગાણીના જમાઈ. સ્વ. મીનાબેન પતિ. ઈશીતા નૈનેશ શેઠના પિતાશ્રી. મીતાબેન શરદભાઈ શેઠના વેવાઈ. સ્વ. કુસુમબેન નરેન્દ્રકુમાર ગાંધી, સ્વ. હર્ષાબેન સુધીરકુમાર માયાની, દક્ષાબેન ધીરજકુમાર ધ્રુવ, આશાબેન ધર્મેશ વાશીના મોટાભાઈ તા. ૨૨-૭-૨૫, મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

### હાલાઈ લોહાણા

હર્ષાબેન (હર્ષિદા) (ઉં.વ. ૭૫) મૂળ ગામ કેશોદ હાલ અંધેરી-મુંબઈ તે સુરેશભાઈ મથુરાદાસ રાયચુરાનાં ધર્મપત્ની સોમવાર, તા. ૨૧-૭-૨૫નાં શ્રીજીચરણ પામ્યા છે. તે ચિરાગના માતુશ્રી. ઝરણાંના સાસુ તથા માન્યાંનાં દાદી. અ.સૌ. ભારતી નરેન્દ્ર પલાણ તથા અ.સૌ. ગીતા અનિલ દાવડાના ભાભી તથા સ્વ. જ્યોતિ જમનાદાસ બોડાની દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૪-૭-૨૫, ગુરુવારનાં ૫થી૭. જલારામ હોલ, જુહુ વિલેપારલા.

### કચ્છી લોહાણા

સ્વ. ધરમશી પુરુષોત્તમ રૂપારેલ ગામ લખપત હાલે મુલુંડ ચેકનાકાવાળાના ધર્મપત્ની લતાબેન (ઉં.વ. ૮૦) તે સ્વ. કેશવલાલ મુલજી પૂજારાના પુત્રી. તા. ૨૨-૭-૨૫, મંગળવારના શ્રીરામ શરણ પામેલ છે. તે રાજેશ, દીપા મનીષ પંડિતપુત્રા, સીમા રાજેશ મંડલવિજાણના માતુશ્રી. સ્વ. લવજીભાઈ તથા સ્વ. દેવેન્દ્રભાઈના નાના ભાઈના પત્ની. સંગીતાબેનના સાસુ. ગં.સ્વ. દિવ્યબાળાબેન તથા ગં.સ્વ. ભગવતીબેનના દેરાણી. પ્રાર્થનાસભા નથી રાખી તેમ જ લૌકિક વ્યવહાર બંધ છે.

### રાધનપુર તીર્થ

સ્વ. માણેકલાલ જેઠાલાલના પુત્રવધૂ સુધાબેન (ઉં. વ. ૭૫) તે સ્વ. દિલીપભાઈના પત્ની. કોકીલાબેન રમેશભાઈ, બકુલાબેન વિજયભાઈ, સુવર્ણાબેન અશ્વિનભાઈના ભાભી. રિતેશ, સંકેત, પ્રીતિ, પ્રજ્ઞા, પરિંદા, રિન્કીના કાકી. જલ્પા, પાયલના કાકીજી. પિયર પક્ષે ચીનુભાઈ રવિચંદના પુત્રી તા. ૨૦-૭-૨૫ના સ્વર્ગવાસ થયા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### દશા નાગર વણિક

ગં.સ્વ. જશોદાબહેન ગિરિશભાઈ તારકસ, તે સંદીપ, અજીતા ચોકસી અને મિલનના માતુશ્રી. રૂપેશકુમાર ચોકસી તથા રંજનના સાસુમા. ક્ષિતિજ તથા શ્રેયના દાદી. ભૂષિત-હિમા તથા હરિઓમના નાની. વેદના પરનાની બુધવાર, તા. ૨૩-૭-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૫-૭-૨૫ના ૫થી ૭. જલારામ હોલ, નોર્થ સાઉથ રોડ નં. ૬, જેવીપીડી સ્કીમ, વિલેપારલે (પશ્ચિમ).

# પારસી મરણ

### વલસાડ

કેકીભાઈ જલભાઈ ચોથીયા (ઉં.વ. ૯૨) તે સિલુના પતિ, તે મરહૂમ નાજામાઈ અને મરહૂમ જલભાઈ રૂસ્તમજી ચોથીયાના દીકરા. તે મરહૂમ હિલ્લા અને મરહૂમ કેકી દારૂવાલાના જમાઈ. તે આલુ બરજીસ ઐબારા અને રોહિન્ટનના પિતા. તે બરજીસ જમશેદ ઐબારાના સસરા. તે મરહૂમ મીનુ, મરહૂમ માકી, મરહૂમ ધનમાઈ, શેહરૂ અને ડોલીના ભાઈ. તે અવસ અને મેહરઝાદના ગ્રાન્ડફાધર. મરહૂમ કેટીમાઈ અને મરહૂમ જમશેદજી અદેશર ઐબારાના વેવાઈ તા. ૨૩-૭-૨૦૨૫એ વલસાડ મુકામે ગુજરી ગયા છે.

કેટી પેસી મોતીવાલા (ઉં. વ. ૮૦) તે મરહૂમ પેસી જમશેદ મોતીવાલાના પત્ની. તે મરહૂમ માણેક માસ્ટર તથા મરહૂમ આલુ માસ્ટરના દીકરી. તે પરિઝાદના મમ્મી. તે બેહઝાદ, ફરહાન, સરસ્વતીના ગ્રાન્ડમધર. તે કિઆનાના ગ્રેટગ્રાન્ડમધર. તે પોરસ માસ્ટરના બહેન અને તે રસનાના સિસ્ટર-ઈન-લૉ તા. ૨૨-૭-૨૫એ ગુજરી ગયા છે. ઠે.ઃ ફ્લેટ નં. ૮, મોટા મેન્શન, બી-બ્લોક, ત્રીજે માળે, ભાટિયા હૉસ્પિટલની સામે, તાડદેવ, મું.-૭.

થ્રીતી પરવેઝ મીસ્ત્રી તે મરહુમ પરવેઝ દારબશા મીસ્ત્રીના ધન્યાની. તે હોશી ને યઝદીના માતાજી. તે બીનાઝ ને સોનાલીના સાસુજી. તે ક્યોઝ ને નીઈલના બપઈજી. તે વહીસ્તાના બપઈ. તે ગુલ ને દારા ભરુચાના વેવાણ. (ઉં. વ. ૯૦) રે.ઠે. ૬૪૬/૧૦૨, ખરેઘાટ રોડ, પારસી કોલોની, દાદર (ઈ), મુંબઈ ૪૦૦૦૧૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૪-૭-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે રુસ્તમ ફરામ અગ્યારીમાં છેજી.

થ્રીતી બેહરામ બલસારા તે બેહરામ રતનશા બલસારાના ધનયાની. તે મરહુમો ગુલ બમનશાહ ફતાકીયાના દીકરી. તે પોરુશાસ્પના માતાજી. તે હુફરીઝના સાસુજી. તે એરવદ વીરાફ, એરવદ મરઝબાન તથા મરહુમો નરગીશ રતનશા માદન ને રુસ્તમ ફતાકીયાના બહેન. તે ઝીયાના બપઈજી. (ઉં. વ. ૮૧) રે.ઠે. બચા મેનોર, ફ્લેટ નં. ૬, એન.ડી. પટેલ રોડ, નાશીક, મહારાષ્ટ્ર ૪૨૨૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૪-૭-૨૫ના દિને બપોરે ૩.૪૦ વાગે વાચ્છા ગાંધી અગ્યારીમાં છેજી.

### હાલાઇ લોહાણા

જામનગર નિવાસી હાલ દાદર, ગં. સ્વ. કલાવતી હસમુખલાલ ગોપાલજી ઠક્કર (ઉં.વ. ૮૧) તે દીપિકા અનીલકુમાર માંડવીયા, કલ્પા સંદીપકુમાર દોશીના માતુશ્રી. હિતીક્ષા સ્મિતકુમાર કોઠારી, હેમલ દોશી, યાસીકા માંડવીયાના નાની. સ્વ. લાલજીભાઈ, સ્વ. મગનભાઈ, સ્વ. મોહનલાલ મનજીભાઇ ગોકાણી, સ્વ. રાધાબેન બચુભાઈ ઠક્કર, સ્વ. લીલાવતી કાકુભાઇ જટણીયાના બહેન. ૨૧/૭/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### દેસાઈ સઇ સુથાર જ્ઞાતિ

ભાવનગરના, ભરતભાઈ વનમાળીદાસ ચાવડાના ધર્મપત્ની રશ્મિબેન (ઉં.વ. ૬૨) ૧૯/૭/૨૫ના રામશરણ પામેલ છે. તે સ્વ. વ્રજલાલ દયાળભાઈ સરવૈયા કોબડીવાળાના દીકરી. સ્વ. જગદીશભાઈ, ભરતભાઈ, મનીષભાઈ, નિર્મળાબેન ગોવિંદકુમાર ચાવડાના બહેન. જાગૃતિબેન, શર્મિલાબેન, અમિતાબેનના નણંદ. પ્રાર્થનાસભા ૨૪/૭/૨૫ના ૪ થી ૬. દેસાઈ સઇ સુતાર વાડી, સ્વયંભુ ગણપતિ મંદિર સામે, આકુરલી રોડ, અશોકનગર, કાંદિવલી ઈસ્ટ.

### ઘોઘારી લોહાણા

ખાંભા નિવાસી હાલ વસઈ, સ્વ. શાંતાબેન તથા સ્વ. પુરુષોત્તમભાઈ નંદારાણાના પુત્રવધૂ, સુરેશભાઈના ધર્મપત્ની અ. સૌ. હીરાગૌરી (ઉં.વ. ૭૦) તા. ૨૨ જુલાઈના મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. તે ધર્મેશ અને કાજલ વિરલકુમાર રાજાણીના માતુશ્રી. લલિતભાઈના ભાભી. અનિલભાઈના નાનાભાઈના પત્ની. સ્વ. ચુનીલાલ જીવરાજભાઈ ઉનડકટના પુત્રી. પ્રાર્થનાસભા તા. ૨૫ જુલાઈના શુક્રવારે ૪ થી ૬. ગ્રીન કોર્ટ સોસાયટી હોલ, ઓર્કિડ કોમ્પેક્ષ, વસઈ કોર્ટની પાછળ, વસઈ પશ્ચિમ.

# જૈન મરણ

### દશા શ્રીમાળી સ્થા. જૈન

જોડિયા નિવાસી, હાલ મુંબઈ-બોરીવલી સ્વ. મંજુલા મનસુખલાલ વી. દોશીના પુત્ર. રાજેશના ધર્મપત્ની રેખાબેન (ઉં.વ. ૭૨) તે ૨૨-૭-૨૫ને મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે અમીત, મીતલના માતુશ્રી. પિયરપક્ષે સ્વ. લીલાવતી ધારશી મુલજી કાપડિયાના પુત્રી પંકજભાઈ, બિપિન, સરલાબેન, અરુણા, દેવી, પ્રવિણા, શોભના, કલ્પનાના બેન. જયશ્રીબેન, વર્ષાના ભાભી. તેમની પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૬-૭-૨૫ના ૩.૩૦થી ૫.૩૦. સ્થળઃ પાવનધામ, એમ.સી.એ. ગ્રાઉન્ડની બાજુમાં, કાંદિવલી (વેસ્ટ).

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

ભાણવડિયા નિવાસી હાલ વસઈ, સ્વ. કસુંબાબેન હરીલાલ મોદીના સુપુત્ર મુકુન્દરાય મોદી (ઉં.વ. ૮૨) તા. ૨૨-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કોકિલાબેનના પતિ. ઉરેશ, અવિનાશ, ભાવિનના પિતાશ્રી. અ.સૌ. શૈલા, આરતી, હિનાના સસરા. સ્વ. ચુનીભાઈ, સ્વ. તારાચંદભાઈ, મગનભાઈ, સ્વ. સવિતાબેન મણિલાલ શેઠ, ગં.સ્વ. નિર્મળાબેન છોટાલાલ દેસાઈના ભાઈ. સાસરીપક્ષે સ્વ. લીલાવંતીબેન પ્રાણલાલ દેસાઈના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૫-૭-૨૫ના ૧૦.૩૦થી ૧૨.૦૦. સ્થળઃ માણેકપૂર વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ગુજરાતી સ્કૂલની પાછળ, વસઈ (વેસ્ટ).

### વાગડ વિ.ઓ. જૈન

ગામ હલરા, હાલે પૂના, સ્વ. જેઠીબેન રામજી રવજી ગાલાના સુપુત્ર ઉમરશીભાઈ (ઉં. વ. ૭૬) રવિવાર, તા. ૨૦-૭-૨૫ના પૂના મધ્યે અવસાન પામેલ છે. ગં.સ્વ. પાર્વતીબેનના પતિ. ગામ આધોઈના સ્વ. લક્ષ્મીબેન રાઘવજી આણંદા બૌવાના જમાઈ. પ્રાર્થનાસભાઃ યોગી સભાગૃહ, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઈસ્ટ), ગુરુવાર, તા. ૨૪-૭-૨૫ના ૨.૩૦થી ૪ રાખેલ છે.

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

સિહોર નિવાસી હાલ મુલુંડ, સ્વ. જયાબેન દામોદરદાસના સુપુત્ર નરેશભાઈ (ઉં. વ. ૭૦) તા. ૨૨-૭-૨૫ના અવસાન પામેલ છે. તે ઈલાબેનના પતિ. આશિષભાઈ તથા નિમેષભાઈના પિતાશ્રી. સ્વ. ભરતભાઈ, સ્વ. જયેશભાઈ તથા સ્વ. વસંતબેન ખાંતિલાલ દોશી, સ્વ. સવિતાબેન જયસુખલાલ સંઘવીના ભાઈ. જિગના તથા વિધિના સસરા. સાસરાપક્ષે હિમ્મતલાલ ગિરધરલાલ શાહ કાજાવદરવાળાના જમાઈ હાલ બેન્ગલોર. લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે. પિતૃવંદના તા. ૨૬-૭-૨૫, શનિવારના ૧૦થી ૧૨. શ્રી જીવરાજ ભાણજી હોલ, અશોક નગર, મેહુલ ટોકીઝની બાજુમાં, મુલુન્ડ (વેસ્ટ).

### દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન

મેંદરડા નિવાસી હાલ કાંદીવલી, ધીરજલાલ રતિલાલ હેમાણી (ઉં.વ. ૯૨) તે હંસાબેનના પતિ. સ્વ. સુરેશભાઈ, કિરીટભાઈ, સ્વ. પુષ્પાબેન, સ્વ. અરુણાબેન રતિલાલ ગાંધીના ભાઈ. મનોજ, યોગેશ, અલ્કા જગદીશભાઈ, માધવી યોગેશભાઈ, મીરા પ્રદીપભાઈના પિતા. ભાવના યોગેશના સસરા. પૂજા, ખુશીના દાદા. નિખિલ, મનન, ગોરલ, પ્રિયાંશી, વૈભવના નાના. તા. ૨૧/૭/૨૫ને સોમવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

ભુજપુર (ભાટીયા શેરી-૩)ના કિશોર નાનજી દેઢીયા (ઉં.વ. ૬૮) ૨૧-૭-૨૫ના અવસાન પામેલ છે. કસ્તુરબેન નાનજીના પુત્ર. પ્રીતીના પતિ. ગ્રીષ્મા, મૃણાલીના પિતા. પ્રવિણ, હેમા, સરોજ / કવિતાના ભાઇ. ઉદયપુર કમલાદેવી શાંતીલાલજી કાલુલાલજી મારવાડીના જમાઇ. પ્રાર્થના : શ્રી વ.સ્થા. જૈન સંઘ સંચાલિત કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦. નિવાસ : પ્રીતી કીશોર દેઢીયા, પ્લોટ ૨૦૧/૧, અપેક્ષા કો.હા.સો., ફ્લેટ નં. ૧, શેરે પંજાબ સોસાયટી, અંધેરી (ઇ.).

લુણીના હાલમાં ચિંચણી-બોઈસર રહેતા લક્ષ્મીબેન નવીનચંદ્ર દેવજી ધરોડ (ઉં.વ. ૮૨) ૨૨-૭-૨૫ના અવસાન પામેલ છે. તે બેરાજાના મોંઘીબેન ડુંગરશી હીરજી ધનાણીના સુપુત્રી. મંકાબેન દેવજી લધા ધરોડના વહુ. સ્વ. મીના, હર્ષા અને મિતેશના માતુશ્રી. સાદડી રાખવામાં આવી નથી. ઠે. મિતેશ નવીનચંદ્ર ધરોડ, ૦૦૮, ઓસવાલ એમ્પાયર, અભિનંદન એપાર્ટમેન્ટ, બોઈસર (વેસ્ટ) ૪૦૧૫૦૧.

લાખાપરના ચંદ્રિકા નવીન સતરા (ઉં.વ. ૬૩) તા. ૨૨-૭-૨૫ના મુંબઈમાં અવસાન પામેલ છે. કસ્તૂરબેન દામજીના પુત્રવધૂ. નવીનના ધર્મપત્ની. નિખિલ, ચૈતાલી, ભાવીનના માતૃશ્રી. ભાનુબેન વેરશીના પુત્રી. શાંતિલાલ, અજય, જયા, તારાના બેન. પ્રાર્થના રાખેલ નથી. રહેઠાણનું સ્થળઃ નવીન સતરા, ૧૦૧, સ્વસ્તિક અપાર્ટમેન્ટ, સાધાણી એસ્ટટ, ગાર્ડન લેન, ઘાટકોપર (વે).

કોડાયના સાકરબેન જેઠાલાલ વીરજી લાપસીઆ (ઉં.વ. ૮૫) તા. ૨૨-૭-૨૫ના અરિહંત શરણ પામેલ છે. રતનબેન વીરજી વેલજીના પુત્રવધૂ. સ્વ. જેઠાલાલના ધર્મપત્ની. ગુણવંતી, રમીલા, પ્રવિણા, કીરીટ, મુકેશના માતુશ્રી. ટુંડાના રતનબેન મોણશી સુરજીના સુપુત્રી. વેલજી, નાના આસંબિયાના કેશરબેન રતનશી, સં.પ.પ્રિયદર્શનાશ્રીજી મ.સા.ના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. સાકરબેન લાપસીઆ, સી-૫૧૧/૫૧૨, સરયુ, પ્રભાત કોમ્પલેક્ષ, વે. એક્સ. હાય વે, દહીંસર (ઈ).

શેરડીના કમલકાંત હરીયા (ઉં.વ. ૭૨) તા. ૨૨-૭-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી જયાબેન રતનશી દેવજીના સુપુત્ર. દમયંતી, જયશ્રીના ભાઈ. ગઢશીશાના ધનબાઈ માલશીના દોહીત્રા. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : જયશ્રી છેડા, ફ્લેટ નંબર-૧૦૮, ૯-બી, ઓમ સાઈધામ, સાઈવાડી, અંધેરી (ઈસ્ટ).

## કોસ્ટલ રોડ પર

શરતોનું સ્પષ્ટ ઉલ્લંઘન જણાઈ આવ્યું છે. આ સંસ્થા દ્વારા વીસ જુલાઈના રોજ મંત્રાલયને પત્ર લખીને કોસ્ટલ રોડ પરની ૯૦ હેકટરની ખુલ્લી જગ્યાનો કોઈ પણ રહેણાંક અથવા કમર્શિયલ ઉપયોગ એ પર્યાવરણીય નિયમોનો સ્પષ્ટ ભંગ કરનારી બાબત છે. પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલયે બુધવારે મહારાષ્ટ્ર કોસ્ટલ રેગ્યુલેશન ઝોનને પત્ર લખીને કોસ્ટલ રોડ પર બનાવવામાં આવી રહેલા પાર્કિંગમાં નિયમોનું ઉલ્લંઘન થયું છે કે નહીં તેની તપાસ કરવાનો નિર્દેશઆપ્યો હતો અને જો ફરિયાદમાં તથ્ય હોય તો કાદાકીય પગલાં લેવા બાબતે પણ સૂચના આપી હતી.જોકે પાલિકાના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે કોસ્ટલ રોડ પરનું અંડર ગ્રાઉન્ડ પાર્કિંગનું નિર્માણ સુપ્રીમ કોર્ટની મંજૂરી સાથે જ હાથ ધરવામાં આવ્યું છે. તેમાં કોઈ પણ પ્રકારની કમર્શિયલ પ્રવૃતિને મંજૂરી આપવામાં આવી નથી પણ અમને સત્તાવાર રીતે પે એન્ડ પાર્કની મર્યાદિત સુવિધા કાયદાકીય રીતે ઉપલબ્ધ કરાવવાની મંજૂરી આપવામાં આવી છે.

## તનુશ્રી દત્તાએ

પોલીસ સ્ટેશન જઈ ઔપચારિક રીતે ફરિયાદ નોંધાવશે તેમ પણ તેણે જણાવ્યું હતું.

### મહિલા પંચ નોંધ લેઃ નિલમ ગોરહે

તનુશ્રીના વીડિયો બાદ મહારાષ્ટ્રના ઉપસભાપતિ નિલમ ગોરહે કહ્યું કે ઘરેલું હિંસાનો મામલો ગંભીર છે. મહિલાઓ પર દેશમાં અત્યાચાર થઈ રહ્યા છે. તનુશ્રીએ વીડિયોમાં કરેલા આક્ષેપોની મહિલા આયોગ પણ નોંધ લે તેમ તેમણે જણાવ્યું હતું.

## કૉંગ્રેસ દ્વારા ભાજપ

પ્રવક્તા, એક મીડિયા કો-ઓર્ડિનેટર અને ખજાનચી હશે, આમાં લગભગ ૧૫-૨૦ સિનિયર ઉપપ્રમુખ અને ૩૫-૪૦ ઉપપ્રમુખ પણ રાખવામાં આવશે. કારોબારીમાં અંદાજે ૧૫ ટકા મહિલાઓને સ્થાન આપવામાં આવશે એમ પણ સૂત્રોએ કહ્યું હતું. રાજ્ય કારોબારી સમિતિની આ યાદી તૈયાર છે અને અંતિમ મંજૂરી માટે કેન્દ્રીય નેતૃત્વને મોકલવામાં આવી છે કારણ કે હાઇ-કમાન્ડ હજુ પણ તેના પર વિચાર કરી રહ્યું છે.

૨૦૨૪ની રાજ્ય વિધાનસભાની ચૂંટણીમાં પરાજય બાદ, પાર્ટીએ ઓબીસી પર ધ્યાન કેન્દ્રિત કરવાનો નિર્ણય લીધો છે. રાષ્ટ્રીય સ્તરે કોંગ્રેસ પણ ઓબીસીની સાથે ખરા અર્થમાં ઉભી રહેલી પાર્ટી તરીકે પોતાને રજૂ કરવા માટે વ્યાપકપણે કામ કરી રહી છે. મહારાષ્ટ્રમાં, ઓબીસી નેતૃત્વને વધારાની જગ્યા આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, એમ અંતિમ યાદીની રચના સાથે સંકળાયેલા એક વરિષ્ઠ રાજ્ય કોંગ્રેસના નેતાએ જણાવ્યું.

અહીં ઉલ્લેખનીય છે કે ભાજપને ઓબીસીનું જબરદસ્ત સમર્થન મળી રહ્યું છે અને મહા વિકાસ આઘાડી (એમવીએ)ની હારના મુખ્ય પરિબળોમાં એક કારણ તરીકે દર્શાવવામાં આવ્યું હતું.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ

મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

## સોશ્યલ મીડિયા પર પુરુષ વધુ સમય કેમ વીતાવે છે?

### શું છે એનાં કારણ ને શું છે એનાં મારણ...



આજના ડિજિટલ યુગમાં સોશ્યલ મીડિયા એ માત્ર મનોરંજન કે સંચારનું માધ્યમ નથી રહ્યું . તે જીવનનો અભિન્ન ભાગ બની ગયું છે. ખાસ કરીને પુરુષોમાં... સોશ્યલ મીડિયાનો ઉપયોગ એટલો વધી ગયો છે કે એ દિવસનો નોંધપાત્ર સમય તેના પર વિતાવે છે.

૨૦૨૪ના એક અહેવાલ મુજબ ભારતમાં ૯૦ કરોડથી વધુ ઈન્ટરનેટ વપરાશકર્તાઓ છે, જેમાંથી ૬૦%થી વધુ લોકો સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સનો નિયમિત ઉપયોગ કરે છે. આમાં પુરુષોનું પ્રમાણ નોંધપાત્ર છે, ખાસ કરીને૧૮થી૩૫વર્ષની વયજૂથમાં,જેમનો દૈનિક સરેરાશ ત્રણથી ચાર કલાક સોશ્યલ મીડિયા પર જાય છે. આ વલણ આધુનિક જીવનશૈલી, ટેક્નોલોજીની સરળ ઉપલબ્ધતા અને સામાજિક દબાણોનું પરિણામ છે, જે પુરુષોના સમયનો મોટો હિસ્સો ખાઈ રહ્યું છે.

પુરુષો સોશ્યલ મીડિયા પર સમય વિતાવે છે તેનું એક મુખ્ય કારણ ડિજિટલ દુનિયાની સરળ ઍક્સેસિબિલિટી-સુલભતા છે. સ્માર્ટફોનની કિંમત ઘટવા અને ઈન્ટરનેટની ઝડપ વધવાથી, ભારતમાં ૨૦૨૩ સુધીમાં ૮૦%થી વધુ યુવાન પુરુષો પાસે સ્માર્ટફોન હતા. આ ઉપકરણો દ્વારા ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને જેવાં પ્લેટફોર્મ્સનો ઉપયોગ સતત વધી રહ્યો છે. એક સર્વે મુજબ, ભારતીય પુરુષો દરરોજ સરેરાશ ૨.૫ કલાક ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ પર, ૧.૫ કલાક યુટ્યૂબ પર અને ૧કલાક ઉપર વિતાવે છે.

આ ઉપરાંત, ગેમિંગ એપ્સ અને ડેટિંગ એપ્સ જેવાં કે ટિન્ડર અને બમ્બલ પણ યુવાન પુરુષોમાં લોકપ્રિય બન્યા છે, જે એમનો સમય પચાવી લે છે. આ ડિજિટલ વિશ્વની સરળ ઉપલબ્ધતા પુરુષોને સતત ઓનલાઈન રહેવા માટે પ્રેરે છે, જેનાથી એમનો દિવસનો મોટો ભાગ સ્ક્રીનની સામે વિતે છે.

સોશ્યલ મીડિયાનો ઉપયોગ પુરુષોમાં વિવિધ હેતુઓ માટે થાય છે. ઘણા પુરુષો મનોરંજન, સમાચાર, રમતગમત અને ટેક્નોલોજીની માહિતી મેળવવા માટે સોશ્યલ મીડિયાનો ઉપયોગ કરે છે. યુટ્યૂબ પર ૨૦૨૪માં ભારતીય પુરુષોમાં ગેમિંગ વીડિયો અને ટેક રિવ્યૂઝનું વ્યૂઅરશિપ ૭૦% વધ્યું છે. આ ઉપરાંત, ઙજેવા પ્લેટફોર્મ્સ પર રાજકીય ચર્ચાઓ, મીમ્સ અને ટ્રેન્ડિંગ વિષયો પર ચર્ચામાં ભાગ લેવો પણ પુરુષો માટે આકર્ષક બન્યું છે. ઘણા યુવાન પુરુષો પોતાની ઓળખ બનાવવા અને સોશ્યલ સ્ટેટસ વધારવા માટે ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ અને ફોટા પોસ્ટ કરે છે. એક અભ્યાસ મુજબ, ૫૫% યુવાન પુરુષો દરરોજ ઓછામાં ઓછી એક સોશ્યલ મીડિયા પોસ્ટ કરે છે, જેમાંથી ૪૦% તેમના વ્યવસાયિક કે વ્યક્તિગત બ્રાન્ડિંગ માટે હોય છે. આ પ્રકારની પ્રવૃત્તિઓ પુરુષોનો ઘણો સમય લઈ લે છે, કારણ કે તેઓ લાઈક્સ, કોમેન્ટ્સ અને ફોલોઅર્સની ગણતરીમાં વ્યસ્ત રહે છે.

આ વધતો ઉપયોગ સામાજિક દબાણનું પણ પરિણામ છે. આજના સમયમાં સોશ્યલ મીડિયા પર હાજરી એ એક પ્રકારનું સામાજિક મૂલ્ય બની ગયું છે. ઘણા પુરુષને લાગે છે કે જો એ ઓનલાઈન સક્રિય નહીં હોય તો તેઓ સમાજમાં પાછળ રહી જશે. ૨૦૨૩ના એક સર્વેમાં ૬૫% પુરુષોએ જણાવ્યું કે એ સોશ્યલ મીડિયા પર સક્રિય રહેવું જરૂરી માને છે, કારણ કે તેનાથી એમની સામાજિક ઓળખ અને નેટવર્કિંગની તક વધે છે. આ દબાણ ખાસ કરીને શહેરી યુવાન પુરુષોમાં વધુ જોવા મળે છે, જેઓ પોતાની કારકિર્દી, સંબંધો અને વ્યક્તિગત છબીને સોશિયલ મીડિયા સાથે જોડે છે.

આ બધા વચ્ચે, ડેટિંગ એપ્સનો ઉપયોગ પણ વધ્યો છે, જેમાં ૩૦% યુવાન પુરુષો દરરોજ ૧-૨કલાક ડેટિંગ એપ્સ પર વિતાવે છે, જેનાથી એમનો સમય અને ધ્યાન બંને વિચલિત થાય છે.

આ વધતા ઉપયોગની અસર પુરુષના રોજિંદા જીવન પર પણ પડે છે. એક તરફ, સોશ્યલ મીડિયા માહિતી અને મનોરંજનનો સ્રોત બન્યું છે, પરંતુ તેનાથી ઉત્પાદકતા ઘટે છે.૨૦૨૪ના એક અભ્યાસ મુજબ, ૪૫% પુરુષ સોશ્યલ મીડિયાના કારણે કામ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મુશ્કેલી અનુભવે છે. આ ઉપરાંત, સતત ઓનલાઈન રહેવાથી માનસિક સ્વાસ્થ્ય પર પણ અસર થાય છે. ૩૫% યુવાન પુરુષોએ સોશ્યલ મીડિયાના વધુ પડતા ઉપયોગથી ચિંતા અને તણાવનો અનુભવ કર્યો છે, ખાસ કરીને સોશિયલ કમ્પેરિઝન અને લાઈક્સના દબાણને કારણે.

આ બધાને કારણે સોશ્યલ મીડિયા પર વિતાવેલો સમય વાસ્તવિક સંબંધો અને રૂબરૂ વાતચીતને ઘટાડે છે. ૨૦૨૩ના એક સર્વેમાં ૫૦% પુરુષોએ સ્વીકાર્યું કે સોશ્યલ મીડિયાના કારણે એ પરિવાર અને મિત્રો સાથે ઓછો સમય વિતાવે છે.

આ વલણનો સામનો કરવા માટે પુરુષ ડિજિટલ ડિટોક્સ અને સમય વ્યવસ્થાપનની ટેકનિકો અપનાવી શકે છે. દરરોજ ૧-૨ કલાક સોશિયલ મીડિયા માટે નિશ્ચિત સમય નક્કી કરવો અને ઓફલાઈન પ્રવૃત્તિઓ જેવી કે વાંચન, રમતગમત કે પરિવાર સાથે સમય વિતાવવો ઉપયોગી થઈ શકે છે. સોશ્યલ મીડિયાનો ઉપયોગ મર્યાદિત કરવાથી ન માત્ર ઉત્પાદકતા વધે છે, પરંતુ માનસિક સ્વાસ્થ્ય અને વાસ્તવિક સંબંધો પણ મજબૂત થાય છે. આખરે, સોશ્યલ મીડિયા એ જીવનનો એક ભાગ છે, પરંતુ તેને જીવનનું કેન્દ્ર બનવા દેવું એ કોઈ પણ પુરુષના સમય અને શક્તિનો દુરુપયોગ છે.

આ રીતે સંતુલિત અભિગમથી પુરુષ પોતાના દિવસનો સમય વધુ અસરકારક રીતે વાપરી શકે તો તે એના વ્યક્તિગત અને વ્યાવસાયિક જીવનને વધુ સમૃદ્ધ બનાવશે. ■



## ડિયર હની... તારો બન્ની

### પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

## બાળક પર તમારાં સપનાં ના થોપો...

ડિયર હની,

આપણી દીકરી મોટી થઇ ને ધોરણ બાર પાસ થઇ પછી શું કરવું એની મથામણ હતી.
દરેક ઘરમાં આવી મથામણ થતી જ રહે છે. દીકરો કે દીકરી એને શું બનાવવા એ મા-બાપ
જ નક્કી કરે છે , પણ દીકરો કે દીકરી શું બનવા ઈચ્છે છે એ એમને મોટાભાગે પૂછવામાં
આવતું નથી અને એમાંથી જ બધી સમસ્યા પેદા થાય છે. આપણે પણ એમાંથી પસાર થયા
છીએ. બીજાં મા- બાપ પણ પસાર થાય છે તો અહીં ચૂક ક્યાં થાય છે?
મને બરાબર યાદ છે કે, એ સમયે સીએ બનવાનો ક્રેઝ ચાલતો હતો. હજુ ય છે.
દીકરીની શાળામાં હું ગયેલો અને ત્યાંના શિક્ષકે ઘણા બધા વિદ્યાર્થીઓને એવી સલાહ
આપી કે, સીએ થવાય- સીએસ થવાય...,જે વાત આપણી દીકરીની દિમાગમાં ઘૂસી ગઈ.
એણે મને કહ્યું : 'પપ્પા, મારે સીએ થવું છે...' પછી આપણે ત્રણેયે વાત કરી હતી ને એને
કહેલું કે બેટા, સીએ થવામાં મહેનત ઘણી બધી કરવી પડશે. એ માટે તૈયાર છે ને ..?
એણે કહેલું કે, હું મહેનત કરીશ.... એણે મહેનત કરી. ક્લાસીસ પણ જોઈન કર્યા.
આઈપીસીસી પહેલું પગથિયું ગણાતું. હવે તો એનું નામ બદલાઈ ગયું છે, પરીક્ષા નજીક
આવી. પરીક્ષા આપ્યા બાદ એને વિશ્વાસ હતો કે, પાસ થઇ જશે. પણ પરિણામ આવ્યું તો
એ નાપાસ થયેલી. બહુ રડી હતી એ દિવસે. ત્યારે મેં કહેલું કે, બેટા, કોઈ વાંધો નહિ.
હજુ બીજી વાર ચાન્સ લઈએ. તારી તૈયારી હોય તો મને ફી ભરવામાં કોઈ વાંધો નથી. એ
અવઢવમાં હતી કે, બીજી વાર પરીક્ષા આપવી કે નહિ? સાંજ સુધી એની આંખો ભીની
થતી રહી. અને સાંજે કહે કે, 'પાપા, મારે સીએ નથી થવું...' મેં પૂછેલું, તો શું કરવું છે
? એને કહ્યું કે, 'પપ્પા, મારે તો ઇન્ટિરીયર ડિઝાઈનિંગ કરવું છે. મને થયું કે, આ નવું શું
આવ્યું? આપણે ત્રણેયે ફરી વાત કરી આખરે નક્કી કર્યું કે, એ ચાહે છે એ જ એને કરવા
દઈએ. હું વલ્લભવિદ્યાનગર ભણેલો અને ત્યાં આવી બહુ પ્રતિષ્ઠિત કોલેજ છે એ મને
ખબર હતી. ત્યાં સંપર્ક કર્યો તો ખબર પડી કે ત્યાં તો એડમિશનની પ્રોસેસ પૂરી થઇ ગઈ
છે... મારાથી મોટોભાઈ પણ ત્યાં રહે. એમણે અન્યત્ર પણ તપાસ કરી તો ખબર પડી કે,
એ જ વર્ષથી નવી કોલેજ શરૂ થઈ છે. ત્યાં વાત કરી તો એના ડિરેક્ટર સાથે ઓળખાણ
નીકળી અને આપણે નક્કી કર્યું કે, બીજા દિવસે વલ્લભવિદ્યાનગર પહોંચીને પહેલા તો
કોલેજ જોઈ અને પ્રિન્સિપલને મળ્યા. તું પણ સાથે હતી. દીકરીને પૂછ્યું કે, બોલો શું કરવું
છે? એડમિશન લેવું છે? દીકરીએ હા પાડી એટલે ત્યાં જ બધી પ્રક્રિયા પૂરી કરી.
દીકરીને હોસ્ટેલમાં મૂકી, એનો સામાન મુક્યો. મનમાં ઉચાટ તો હતો. તું તો મારા કરતાં
વધુ ડિસ્ટર્બ હતી, કારણ કે પહેલીવાર દીકરી ઘરથી દૂર જઈ રહી હતી. મને એ ઉચાટ
હતો કે, ગુજરાતી મીડિયમમાં એ ભણી છે અને અહીં તો અંગ્રેજી મીડિયમ છે.... આપણે
બંને હોસ્ટેલમાંથી બહાર નીકળ્યા દીકરીની વિદાય લીધી ત્યારે તારી આંખમાં આંસુ હતા.
મેં કહેલું કે, એની સામે રડમાં, નહિ તો એ ય ઢીલી પડી જશે. પણ મને બરાબર યાદ છે કે
આપણી દીકરી મક્કમ હતી. પછી શું થયું એ આપણે જાણીએ છીએ. એ સારા માર્ક સાથે
પાસ થયેલી. ચાર
વર્ષ ઘરથી દૂર રહી. હા, એને કેટલીક સમસ્યાઓ આવતી. ખાસ કરીને અંગ્રેજી માધ્યમના
કારણે. એ મને પૂછતી રહેતી. હું એના પ્રશ્નોના જવાબ ગુજરાતી અને અંગ્રેજી એમ બંને
ભાષામાં એને વળતો મેલ કરતો. એટલે એને બરાબર સમજાય. આ રીતે એ શીખતી ગઈ
અને આપણી અપેક્ષા કરતાં એ વધુ સારી રીતે પાસ થઇ. એટલું જ નહિ પાસ થયા બાદ
એણે બે ત્રણ જગ્યાએ આર્કિટેક્ટને ત્યાં કામ કર્યું. એણે પોતે પણ એકાદ બે પ્રોજેક્ટ કર્યા.
કહેવાનું એ છે કે, દીકરો હોય કે દીકરી, એની મરજી પૂછી એની કારકિર્દી એને જ
નક્કી કરવા દો. ઘણાં મા-બાપ તો પોતાનાં અધૂરાં સપનાં
સંતાન પર થોપે છે. બાળકનાં ખભા એ ભાર વહન કરી
શકતા નથી ને તૂટી જાય છે. પરીક્ષાના જીવનમાં જ
નહિ, જીવનની પરીક્ષામાં પણ એ પછી નાપાસ થાય
છે. પાયો ખોટો નખાય તો મકાનનું ચણતર બરાબર
ક્યાંથી થાય ?
દરેક મા બાપે આ વાત સમજવાની જરૂર છે.

તારો બન્ની

# સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## ઉત્તરાવસ્થાને આમ ઉત્તમાવસ્થા બનાવી શકાય!

એમની ઉંમર ૯૨ વર્ષ. હસમુખો ચહેરો- રણકતો અવાજ. આપણે એમને ફોન કરીને પૂછીએ કે, 'કેમ છો?' જવાબ મળે, 'મસ્ત'. આ ઉંમરે તંદુરસ્તી એમના કદમ ચૂમે છે. ખૂબ પહોંચતાં- પામતાં હોવા છતાં ગાડી-ડ્રાઈવર કે ટેક્સીમાં જવાને બદલે બસ-ટ્રેનમાં મુસાફરી કરવાનું પસંદ કરે છે. આજે પણ ચાર દાદરા ચઢીને જવાની તાકાત ધરાવે છે. આજે તો યુવાનો પણ લિફ્ટમાં જ ઉપર-નીચે કરે છે, જ્યારે ૯૨ વર્ષના આ યુવાન વડીલ રમીલાબહેન લિફ્ટની સગવડ ન હોય તો આરામથી દાદરા ચઢી-ઊતરી શકે છે.

સંઘર્ષમય બાળપણમાંથી પસાર થયેલા રમીલાબહેનને આજે પણ માથું દુખવું કોને કહેવાય એ ખબર નથી. ક્યારેય 'વિક્સ'નો ઉપયોગ કર્યો નથી. બ્લડપ્રેશર-ડાયાબિટીસ જેવી બીમારી એમનાથી જોજન દૂર છે.

માતા-પિતા નાનપણમાં જ ભગવાનને પ્યારા થઈ ગયાં હતાં. ભાંડરડામાં સૌથી મોટા રમીલાબહેન પર પોતાની અને ભાંડરડાઓને સાચવવાની જવાબદારી આવી પડી. જીવનમાં ખૂબ સંઘર્ષ કર્યો. માતા- પિતાનું અવસાન થયું ત્યારે એમની ઉંમર ૧૪ વર્ષની. નાના પાંચ ભાઈ-બહેન એટલે ૧૪ વર્ષની ઉંમરે જ રમીલાબહેન માતા બની ગયાં એમ કહીએ તો જરાય ખોટું નથી. ભાંડરડાને ખૂબ પ્રેમ આપ્યો- સાચવ્યા- ભણાવ્યા- પરણાવ્યાં. બધાં સારું ભણ્યાં. બહેન ડોક્ટર થઈ. બધાંની યોગ્ય વ્યવસ્થા કર્યા પછી રમીલાબહેને લગ્ન કર્યા. લગ્ન કર્યા પછી પતિ સાથે બિઝનેસમાં જોડાયાં. એ જમાનામાં કોઈ સ્ત્રી આવી રીતે વ્યવસાય કરે એ વાત અચરજ પમાડે એવી હતી, પણ એ તો દુકાને બેસતાં. સેલ્સ ટેક્સ, ઈન્કમ ટેક્સ બધાં વિષે જાણકારી મેળવી, બધું જ શીખ્યા. એમનામાં આવડત જ બહુ. બધું કામ પળભરમાં શીખી જાય.

લગ્ન પછી એમના જીવનમાં સમૃદ્ધિ આવી, છતાં રમીલાબહેન છકી ગયા ન હતાં. પોતે જ્યારે ૭૦ વર્ષના થયાં ત્યારે નક્કી કર્યું કે બસ થયું, હવે બહુ કમાઈ લીધું. વ્યવસાય સમેટી લીધો. પતિની તબિયત પણ નરમગરમ રહેતી હતી. તેથી બંને જણે નક્કી કર્યું-બસ, હવે પૈસા કમાવા નથી હવે પૈસા વાપરવા છે. સમાજ સેવા કરવી છે. બાળપણમાં પોતાને જે મુસીબત વેઠવી પડી તે બીજાને ન વેઠવી પડે એવાં કામ કરવાં. તેથી શિક્ષણ અને વૈદ્યકીય ક્ષેત્રે મદદ કરવાનું એમણે ચાલુ કર્યું. રમીલાબહેનના મૂળ વતનનું ગામ નાનું. નાની -મોટી બીમારી માટે પણ બાજુના શહેરમાં જવું પડે. એમણે અને પતિએ ગામમાં હોસ્પિટલ બનાવવા માટે પોતાનું યોગદાન આપ્યું. મુંબઈમાં પોતાના સમાજમાં લગ્ન અને અન્ય પ્રસંગો થઈ શકે તેવો બેન્કવેટ હોલ બનાવવામાં પણ બહુ મોટું યોગદાન આપ્યું. જ્ઞાતિના લોનાવલા, પંચગની અને નાથદ્વારામાં પણ સેનેટોરિયમ બંધાવવામાં ઘણું મોટું યોગદાન આપ્યું છે, પોતાની માટે પૈસા વાપરવા હોય તો દસ વાર વિચારે પણ સમાજનું કામ હોય તો ધનની કોથળી ખૂલ્લી મૂકી દે.

રમીલાબહેનને સંતાન નથી તેથી બધી મિલકતનું ટ્રસ્ટ જીવતે જીવત કરી દીધું છે. જેને આપણે 'જીવતા જગતિયું' કહીએ એવું. આજે જ્યારે રમિલાબહેન પોતાના ગામમાં જાય છે ત્યારે ત્યાંના રહેવાસીઓ સાથે જીમમાં આજુબાજુમાં નાના નાના ગામમાં ફરે અને જોઈ લે કે કોને શું અને કેટલી જરૂર છે. પછી એ પ્રમાણે મદદ કરે. ગામના ૫૦૦ જેટલાં વિદ્યાર્થીઓને



મદદ કરી ગ્રેજ્યુએટ કર્યા. ૯૨ વર્ષની ઉંમરે રમીલાબહેન આટલાં સામાજિક કાર્ય કરે છે.

રમીલાબહેન ફક્ત પોતાના પિયરમાં જ નહીં સાસરીમાં પણ એટલાં જ પ્રિય છે. આજે બંને પક્ષે ત્રીજી ચોથી પેઢીનાં બાળકો છે બધાં રમીલાબહેનને બહુ પ્રેમ કરે છે અને બહુ માન પણ આપે છે. આપણે મોટેભાગે આટલી વૃદ્ધ વ્યક્તિને મળીએ તો એમની વાતોમાં તબિયતની ફરિયાદ હોય, સંતાનો-પુત્રવધૂઓ માટેની ફરિયાદ હોય અને એ બધા એમ કહેતા હોય કે 'ભગવાન હવે ઉપાડી લે તો સારું', પણ. રમીલાબહેન પાસે આવાં શબ્દો ક્યારેય સાંભળવા ન મળે. એ તો હંમેશાં ખુશખુશાલ જ હોય.

રમીલાબહેનની સમાજ પ્રત્યેની નિષ્ઠા ઉપરાંત એમને નાનપણથી વાંચવાનો બહુ જ શોખ. વિશાળ વાંચનને કારણે તેમણે લખવાનું શરૂ કર્યું. પોતાના અનુભવ લખવા લાગ્યાં. આજે એમનાં ૧૫૦થી વધારે પુસ્તક પ્રકાશિત થયાં છે અને આ પુસ્તકોની ખાસ વાત છે કે એમનાં પ્રત્યેક પુસ્તકનું શીર્ષક 'પ'થી શરૂ થાય છે. કોઈ પૂછે કે 'પ' પરથી શા માટે તો એ કહે છે: 'માનવનું પરમ લક્ષ્ય પરમપિતાને પામવાનું છે, માટે...!

રમીલાબહેને લખવાનું શરૂ કર્યું ૬૫ વર્ષે. આમ જેમ ઉંમર વધતી ગઈ તેમ રમીલાબહેનનું કાર્યક્ષેત્ર પણ વધતું ગયું. એમણે પરોપકારનો 'પ' આત્મસાત કર્યો છે. ને હમણાં હમણાં એટલે કે એકાદ-બે વર્ષ પહેલાં રમીલાબહેનને 'હાયકુ' લખવાનો શોખ જાગ્યો પછી આટલાં ઓછા સમયમાં તેમણે ૬૦,૦૦૦થી વધારે હાયકુ લખ્યાં છે,જેની નોંધ 'લિમ્કા બુક ઑફ રેકોર્ડ્સમાં પણ છે !

સહેજે કોઈને પણ પ્રશ્ન થાય કે '૯૨ વર્ષે આટલી સરસ તંદુરસ્તીનું શું કારણ હશે?' કારણ એટલું જ કે એમણે મગજની સમતુલા જાળવી રાખી છે. ગમે તેવા મુશ્કેલ સમયમાં એ શાંત ચિત્તે વિચારીને રસ્તો કાઢી શકે છે.

બીજા શબ્દોમાં એમ કહી શકાય કે આપણે કહીએ છીએ ને કે 'મન તંદુરસ્ત તો તન તંદુરસ્ત.'

આ ઉંમરે આટલી બધી પ્રવૃત્તિ... કોઈ ફરિયાદ નહીં, કોઈ લક્ઝરી ભોગવવાની અપેક્ષા નહીં , છતાંયે એમનાં ચિત્તમાં સદા આનંદ... આનંદ... આનંદ.! ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

## હું આર્થર મિલરથી ખૂબ પ્રભાવિત થઈ હતી

(ભાગઃ ૪)

નામઃ મેરેલિન મોનરો
સમયઃ ૫ ઑગસ્ટ, ૧૯૬૨ (સવારે ૩.૫૦)
સ્થળઃ ૧૨૩૦૫ ફિફ્થ હેલેના ડ્રાઈવ, બ્રેન્ટવૂડ, લોસ એન્જેલસ
ઉંમરઃ ૩૬ વર્ષ

**ઈશ્ર્વર** જ્યારે આપણને સિદ્ધિ, પ્રસિદ્ધિ, સંપત્તિથી માલામાલ કરી દે ત્યારે સાથે સાથે કંઈક એવું આપે છે જેનાથી આપણે બચવું પડે છે. કંઈક એવું જે આપણને બરબાદ કરવા માટે પૂરતું હોય... મારી એકલતા અને ડિપ્રેશન, મારી પ્રસિદ્ધિ અને સફળતાની ઉભેલા એવા રાક્ષસો હતા કે જેના પડછાયાથી પણ મને ડર લાગતો. દિવસ દરમિયાન હું કામમાં વ્યસ્ત રહેતી, પરંતુ સાંજ પડે તેમ તેમ મને ભય ઘેરી વળતો. ઘેર જવાના વિચાર માત્રથી હું દૂર ભાગતી. એ દિવસોમાં મારા અનેક અફેર્સ થયા. નાના નાના સંબંધો જે થોડો સમય માટે ચાલ્યા અને વિખરાઈ ગયા...


આર્થર મિલર-મેરેલિન મોનરો

એલિયા કઝાને મારી ઓળખાણ આર્થર મિલર સાથે કરાવી હતી, ૧૯૫૧માં એમના એક ફિલ્મના પ્રીમિયરમાં હું મહેમાન હતી જ્યારે આર્થર મિલર પણ અત્યંત સન્માનનીય લેખક તરીકે ત્યાં આમંત્રિત હતા. (એલિયાસ કાઝાન્ત્ઝોગ્લો, જેને એલિયા કાઝાન તરીકે ઓળખવામાં આવે છે, તે ગ્રીક-અમેરિકન ફિલ્મ અને થિયેટર દિગ્દર્શક, નિર્માતા, પટકથા લેખક અને અભિનેતા હતા, જેમને ધ ન્યૂયોર્ક ટાઇમ્સ દ્વારા ''બ્રોડવે અને હોલિવૂડના ઇતિહાસમાં સૌથી સન્માનિત અને પ્રભાવશાળી દિગ્દર્શકોમાંના એક'' તરીકે વર્ણવવામાં આવ્યા હતા.) એ વખતે હું આર્થર મિલરથી ખૂબ પ્રભાવિત થઈ હતી. એમનું વિશાળ વાંચન અને વાત કરવાની શૈલીથી શરૂ કરીને મને સૌથી વધારે જે ગમ્યું હતું, એ-એમણે મારા સૌંદર્યની કે મારા સ્ટારડમની નોંધ સુધ્ધા લીધી નહોતી! સામાન્ય રીતે, મને એક વાર મળનાર વ્યક્તિ મને ફરી મળવાનો પ્રયાસ કર્યા વગર રહેતી નહીં. ખાસ કરીને, પુરુષ! પરંતુ, આર્થર મિલરે એવો કોઈ પ્રયાસ કર્યો નહીં... પોતાના માટે પર્યાપ્ત હતા, પરણેલા હતા. એમની પત્ની મેરિ સ્ટેન્લી સાથેના એમના સંબંધો મૈત્રીપૂર્ણ હતા... એ લોકો અને સમારંભોમાં સાથે દેખાતા! આર્થર મિલર એક બૌદ્ધિક સમાજ સાથે જોડાયેલા હતા, લેખકો, વિચારકો, ચિંતકો અને અમેરિકાના એવા લોકો જેમને વિદ્વાનો આદરની નજરથી જોતા હતા. જ્યારે હું એક 'બ્લોન્ડ' હતી!! સોનેરી વાળવાળા (બ્લોન્ડ) લોકોના સ્ટીરિયોટાઇપ્સ છે. આ સ્ટીરિયોટાઇપના પેટા પ્રકારોમાં ''સોનેરી બોમ્બશેલ'' અને ''મૂર્ખ સોનેરી'' શામેલ છે. ઐતિહાસિક રીતે સોનેરી રંગના વાળ અને ત્વચા ધરાવતા લોકોને શારીરિક રીતે આકર્ષક માનવામાં આવ્યા છે, જોકે ઘણીવાર તેમને શ્યામ રંગના લોકોની તુલનામાં ઓછા બુદ્ધિશાળી માનવામાં આવે છે. આ વિચારને કારણે સોનેરી રંગના વાળ ધરાવતી સ્ત્રીઓ વિશે પશ્ચિમમાં જોક્સ બનાવવામાં આવે છે. જોકે, સંશોધન દર્શાવે છે કે (સોનેરી રંગના વાળ ધરાવતી સ્ત્રીઓ અન્ય રંગના વાળ ધરાવતી સ્ત્રીઓ કરતા ઓછી બુદ્ધિશાળી હોતી નથી.) અત્યાર સુધી મને મળેલા લોકોને માત્ર મારા ચહેરા કે શરીરમાં જ રસ પડતો હતો. એ બધા મને સ્ટાર તરીકે જોતા હતા, પરંતુ પહેલીવાર આર્થર મિલરને '૫૧માં મળી ત્યારે હું સ્ટાર નહોતી, પરંતુ બીજીવાર મળી ત્યારે ૧૯૫૪માં હું સ્ટાર હતી અને મારા છૂટાછેડા થઈ ચૂક્યા હતા. હું ડિપ્રેશનમાંથી પસાર થતી હતી. મારા એક મિત્રએ આર્થર મિલરના એક બ્રોડવે નાટકની ટિકિટ લીધી હતી, એના આગ્રહને કારણે હું આર્થર મિલરનું નાટક જોવા ગઈ. 'ડેથ ઓફ અ સેલ્સમેન' (પુલિત્ઝર પ્રાઈઝ). એ પહેલાં 'ધ ક્રુસીબલ' નાટકે ખૂબ ચર્ચા જગાવી હતી... એ નાટક જોયા પછી હું એમને મળવા ગઈ. હું શરાબના નશામાં હતી. એમણે મને હાથ પકડીને ઊભી રહેવામાં મદદ કરી એટલું જ નહીં, એમણે મારી સાથે ખૂબ સહાનુભૂતિ અને સ્નેહથી વાત કરી. હું એટલી બુદ્ધિશાળી કે શિક્ષિત નહોતી જેથી મને એમનું નાટક સમજાય, તેમ છતાં એમણે પૂરા સન્માનથી મારી વાત સાંભળી! હું ખૂબ પ્રભાવિત થઈ એટલું જ નહીં, મને લાગ્યું કે આ એક એવી વ્યક્તિ છે જેની સાથે હું મારી જિંદગીનો કોઈ આત્મવિશ્વાસપૂર્ણ રસ્તો શોધી શકું. એ રાત્રે મેં એમને પત્ર લખ્યો, 'પ્લીઝ, મને નફરત નહીં કરતા... હું જીવનમાં કશુંક બનવા માગું છું, પરંતુ મારી પાસે રસ્તો નથી. શું તમે મને એ રસ્તો દેખાડી શકો? હું તમને ખૂબ આશાથી જોઈ રહી છું...'

એમણે મને જવાબ લખ્યો, 'તું દુનિયાની સૌથી દુઃખી છોકરી છે જેને હું અચાનક મળ્યો! પરંતુ, દુનિયાની સૌથી સુંદર છોકરી પણ તું જ છે એવું મને લાગે છે...'

મિલરે મને લખેલું, 'તું સ્વયં જીવન છે! હું તને મારા આત્મા અને મારી કથાઓમાં અમર કરી દઈશ...'

એ ગાળામાં એમણે મારા માટે સ્ક્રીપ્ટ લખી, 'ધ મિસ ફિટ્સ.' એ ફિલ્મમાં અભિનય કરવા માટે એમણે મને ન્યૂ યોર્કમાં એક એક્ટિંગ કોર્સ જોઈન કરવાની સલાહ આપી. હું લોસ એન્જેલસ છોડીને ન્યૂ યોર્ક અભિનયના કોર્સમાં જોડાઈ, પરંતુ મને સતત એવું લાગતું રહ્યું કે, હું આર્થરના બૌધ્ધિક સમાજમાં 'મિસ ફિટ' છું! ન્યૂ યોર્કના મારા એક્ટિંગના કોર્સ દરમિયાન હું મિલરને વારંવાર મળતી... એ મને પોતાના વર્તુળમાં લેખકો અને સાહિત્યકારોની સાથે સાથે નાટ્યકારો, કવિઓ, ચિત્રકારો વચ્ચે લઈ જતા. સહુ મને જોઈને અભિભૂત થતા, પરંતુ હું એ સહુની વચ્ચે એકલી-ગભરાયેલી રહેતી. શું બોલવું, બોલવું કે નહીં એની અસમંજસમાં હું વધુ મૂર્ખ પુરવાર થતી. હું ૨૮ વર્ષની હતી અને મિલર ૪૦ના. અંતે, ૨૯ જૂન, ૧૯૫૬ના દિવસે મેં મિલર સાથે લગ્ન કર્યાં. મને લાગ્યું કે, મારું જીવન કોઈ એક કિનારે પહોંચી ગયું હતું. અમે યહૂદી ધર્મ અપનાવ્યો. મેં પ્રેસમાં ઈન્ટરવ્યૂ વખતે કહ્યું કે, 'હું મિલરને મારું બૌદ્ધિક અને ભાવનાત્મક શેલ્ટર માનું છું' જ્યારે મિલરે મને પ્રેસ કોન્ફરન્સમાં 'માય ચાઈલ્ડ વાઈફ' કહ્યું.

'મિસ ફિટ્સ'ના શુટિંગ દરમિયાન હું વારંવાર બીમાર પડી... મને શરાબની એવી લત લાગી ગઈ હતી જે છુટતી નહોતી. વારંવાર શૂટિંગ પોસ્ટપોન્ડ કરવું પડ્યું. ઊંઘની ગોળીઓના વ્યસનને કારણે હું સવારે ઉઠી શકતી નહીં. ક્લર્ક ગેબલ જેવા અભિનેતા સાથે ફિલ્મ મળી હોવા છતાં હું મારી જાતને પુરવાર નહીં કરી શકું એ ભય હેઠળ હું વધુને વધુ શરાબ પીતી... આ ફિલ્મમાં સફળ નહીં થાઉ તો મારા અને મિલરના સંબંધ પર અસર પડશે એ વાતનો ભય પણ મને કોરી ખાતો હતો. મિલરે પોતાની બુદ્ધિમત્તા અને સમજણથી મને ટકાવવાનો પૂરો પ્રયાસ કર્યો, પરંતુ હું સ્વયં પરથી નિયંત્રણ ખોવા લાગી હતી. એ જ ગાળામાં મિલર જાણીતી ફોટોગ્રાફર ઈંગે મોરાથ તરફ આકર્ષાવા લાગ્યા હતા. એનું વિશાળ વાંચન અને એની બુદ્ધિમત્તાની સામે હું મારી જાતને નાની અને મૂર્ખ અનુભવતી. મને દવાઓ અને સહાનુભૂતિથી સ્ટેબલ કરીને, મારી માનસિક હાલત સુધારવાનો મિલરે ઘણો પ્રયાસ કર્યો, પરંતુ હું રોજ એક નવા ભયથી ગ્રસ્ત થતી. મિલર મને છોડી દેશે... હું એને લાયક નથી... હું આ ફિલ્મ પૂરી નહીં કરી શકું... ફિલ્મ સફળ નહીં થાય... આવી જાતભાતની અસુરક્ષા અને માનસિક સમસ્યાઓ સાથે ઝઝૂમતા મેં મુશ્કેલીથી એ ફિલ્મ પૂરી કરી. એ જ ગાળામાં મિલરે પોતાની ડાયરીમાં લખેલી એક નોંધ મારે હાથે ચડી... અમારા ડચકાં ખાતાં સંબંધ માટે આ આખરી ધક્કો પુરવાર થયો.

૧૯૬૧ની ૨૦ જાન્યુઆરીએ અમારા છૂટાછેડા થઈ ગયા... એ પછી જે મારો ભય હતો એ પ્રમાણે જ મિલરે ફોટોગ્રાફર ઈંગે મોરાથ સાથે લગ્ન કરી લીધા અને હું જિંદગીના સૌથી ભયાનક દોરમાં ધકેલાઈ ગઈ... શરાબ, ઊંઘની ગોળીઓ અને એકલતાના એક એવા દોરમાં જે મને મારા મૃત્યુ તરફ દોરી રહ્યા હતા!

આ એ સમયગાળો હતો જ્યારે અમેરિકાના પ્રેસિડેન્ટ આઈઝનહોવરની ટર્મ પૂરી થઈ, એ અમેરિકાના ૩૪મા રાષ્ટ્રપતિ હતા. ૨૦ જાન્યુઆરી, ૧૯૬૧ના દિવસે મારા છૂટાછેડા થયા અને ૨૦ જાન્યુઆરી, ૧૯૬૧ના દિવસે જોન એફ. કેનેડી અમેરિકાના સૌથી યુવા અને એક માત્ર રોમન કેથલિક રાષ્ટ્રપતિ તરીકે પદ પર આવ્યા...

મેરેલિન મોનરો નામની અભિનેત્રીના જીવનનો સૌથી રોમાંચક અને સૌથી ખતરનાક સમય અહીંથી શરૂ થયો... (ક્રમશઃ)■

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

## લ્યો, અમે તો આ ચાલ્યાં...




**નાના** હતાં અને જ્યારે ગામમાં રહેતાં હતાં ત્યારે વારે વારે અમારાં અથવા ઘરમાંથી કોઈ નહીં તો કોઈનાં મુખેથી આ વાક્ય સંભળાતું, 'જરીક પાદરે ગેઈને આયવો.' (કે આયવી) ટટટ' સમય બદલાયો અને અમે શહેરમાં લદાયાં. ત્યારબાદ અમે ઘાંચીના બળદની જેમ રાત-દિવસ એક જ ધરી ઉપર ગોળ ગોળ ફરવા લાગ્યાં. (યાદ આવે છે ને તમને કે 'ઘાંચીનો બળદ, ના ઘરનો કે ના ઘાટનો!') બસ, અમે પણ બની ગયાં'ના ઘરનાં કે ના ઘાટનાં.'

પ્રવાસના અનેક પ્રકારોમાં આ પણ કદાચ એક પ્રકાર જ છે ને ભલા! કેટલાક પ્રવાસો કર્મે તો કેટલાક ભાગ્યથી તો કેટલાક આપણે જાતે ઊભા કરીએ છીએ. અમે તો પ્રવાસને નિયતિનો જ એક ભાગ બનાવીને હંમેશાં ઍન્જોય કર્યો છે , કારણ કે પ્રવાસ વિના પ્રગતિ પણ ક્યાં શક્ય છે?

જુઓ ને, વિકાસની લ્હાયમાં ગામડાંઓએ શહેરમાં પ્રવાસ કરીને અડ્ડો જમાવ્યો અને શહેરો બિચારાં હાફવાં લાગ્યાં. 'ન જાણ્યું જાનકીનાથે, સવારે શું થવાનું છે!' એ ઉક્તિ મુજબ અમે પણ કોલેજ કરવા ગામનું પાદર છોડીને શહેરમાં ઉલેચાયાં. ત્યારે અમને અમારો એ પ્રવાસ, કે જે નાની-નાની પગલી અને ફગ્ગો ફગ્ગો રમતાં હતાં, એ સમયે બા - બાપાની આંગળી પકડીને કરેલો એ યાદ આવ્યું એટલે કે હુરત હેરમાં જન્માષ્ટમીનો મેળો જોવા ગયેલાં એ યાદ આવ્યું. દસ પૈસાની પીપૂડી, ને ફુગ્ગામાં તો જાણે સ્વર્ગનો આનંદ લૂંટેલો! પણ આજે જ્યારે શહેરમાં કાયમ માટે ચારે કોરથી ભીંસાઈ રહ્યાં છીએ... આકાશ, સૂર્ય, ચંદ્ર, તારા, પવન, પાદર જોવા તડપી રહ્યાં છીએ ત્યારે ખ્યાલ આવે છે કે ઘરમાંથી નીકળીને ગામને પાદર જવું સહેલું હતું, પણ ગામથી નીકળીને શહેર જવું ને ત્યાં સ્થાયી થવું એટલે 'હાથે કરીને પગ પર કુહાડી મારવા જેવો ઘાટ.' બીજું કંઈ નહીં.

જો કે ગામ છોડેલું ત્યારે તો અમે બધા બહુ ખુશી ખુશી ગામમાં ફરી ફરીને કહી વળેલાં. 'લ્યો, અમે તો આ ચાલ્યાં... સ્વર્ગમાં. (હકીકત નર્કમાં !) જ્યારે સામે અમને ગ્રામવાસીના નિઃસાસા સંભળાયેલા. (કે અમે કેવાં કમભાગી અને આ જનારાં કેવાં ભાગ્યશાળી છે!) કાશ! ત્યારે અમને અમારાં પાદર, ગામ, ઘર અને ખેતરોની કિંમત સમજાઈ હોત...

પ્રવાસ કરનારાઓ અંદરથી તો જાણતાં જ હોય છે કે કોઈપણ પ્રવાસ ક્યારેય સુવિધાજનક તો હોતો જ નથી. ઘણી બધી રીતે ખર્ચાયા પછી ઘરે આવીને એટલું સમજાય છે કે આના કરતાં તો ઘરમાં રહીને સોફા ઉપર સૂતાં સૂતાં સિંગાપોર, બેંગકોક, થાઈલેન્ડ ગૂગલ કે યુટ્યૂબ પર, ટ્રાવેલ લોગ ઉપર, ઘરનું મફત અને સ્વાદિષ્ટ ભોજન ખાતાં ખાતાં જોઈ લેતે તો પૈસા પણ બચતે અને આ પ્રવાસનો થાક વત્તા આવીને આ કપડાં ધોવાનો અને ઘર સાફ કરવાનો થાક તો ના લાગતે. (રાંડ્યા પછીનું ડહાપણ!!)

આજકાલ લોકોને વાતે વાતે ને થોડી થોડી વારે જીવનમાં ચેન્જ પરિવર્તન બહુ જોઈએ છે. ટાબરિયાં, યુવાનો, બુઢ્ઢા ઓ કે ગૃહિણીઓ પણ થોડી થોડી વારે કહેતી ફરે છે કે જીવનમાં કંઈક ચેન્જ લાવવો પડશે. 'આઈ વોન્ટ સમ ચેન્જ ઈન લાઇફ...'

ગૃહિણી આવું બોલી એટલે પતિદેવે પાછળથી કોમેન્ટ કરી. 'પહેલાં એકરાગિતાને અંગ્રેજીમાં શું કહેવાય એ તો શીખ. કદાચ એમ કરતાં ચેન્જ મળી જાય.' એટલું બોલ્યા અને માહોલમાં તડાફડીનો ચેન્જ આવી ગયો. અંતે એ 'ચેન્જ' ખાતર પતિદેવે પત્નીને સિંગાપોર, બેંગકોકની ટ્રીપ કરાવવી જ પડી.

આમ પ્રવાસ અચાનક પણ ઘડાઈ જતો હોય છે, પણ દરેક તડાફડી બાદ પતિ પ્રવાસ કરાવશે એમ સમજીને રોજ તડાફડી કરનારાઓના કેસમાં તલાક... તલાકનો પ્રવાસ ના થઈ જાય એ પણ જોવું રહ્યું.

કોલેજિયનોને તો બેન્કમાંથી લોન લઈને પણ વિદેશમાં ભણવાનો પ્રવાસ કરવો છે. ગમે તે રીતે વિઝા માટે ગમે ત્યાંથી પૈસાનું તિકડમ કરીને પણ વિદેશ ઊપડવું છે. ભલે ત્યાં ભર ઠંડીમાં... ઘૂંટણભેર બરફમાં ઠૂંઠવાતાં ઠૂંઠવાતાં, ફાસ્ટ ફૂડ 'સબ- વે' ના કાઉન્ટર પર કામ કરીને પણ પાર્ટ ટાઇમ ભણવાનો પ્રવાસ કરવો છે. તમે કાચી કળી છોડ ઉપરથી તોડો, તો કળીઓની શી દશા થાય? અને બંને પક્ષના વિરહી પ્રવાસની કથાઓથી આપણે અણજાણ નથી જ નથી. જોકે, હવે ચડસાચડસીનો યુગ એટલે 'બાજુવાળો પોયરો કેનેડા ગયો ને ડૉલર લાવતો થેઈ ગીયો ને આપણા ઘરમાંથી એકેય પોયરો વિમાનમાં બેઠો નથી! કંઈ કરો... કંઈ કરો...' ના ટકોરા ટક ટક થયા કરે ને વિમાન ભરાતાં રહે છે.

અમારાં બાજુવાળા રમીલાબહેન જ્યારે જ્યારે એના પોયરાને ત્યાં અમેરિકા જઈને આવે, ત્યારે મારી હારુ નેઇલપોલિશ, શેમ્પૂ કે પછી લિપસ્ટિક લઈ આવે અને બે કલાક મોટી મોટી ડિંગ હાંકીને જાય. જાણે કે અમે સાવ કંગાલ ના હોઈએ! એકવાર એમના પતિદેવ હારે આવેલા અને રમીલાબહેને ડિંગ હાંકવી શરૂ કરી. ત્યાં એમના ભુરાભાઈ ભુરાયા થયા કે, 'હવે પછી તારા પોયરાની વાત કે અમેરિકાની વાત તો કરટી જ ની. ચાર દાડા'નું વાહી શાક ને બે મહિનાની વાહી દાળ, દાંત તૂટી પડે એવાં નાન ખવડાવીને તારી વહુએ મારા દાંત ઢીલા કરી મૂક્યા ને મારું બાર કિલો વજન ઓછું કરી નાખ્યું. હવે તો ગામનું ઘર ખોલીને ત્યાં ચેન્જ લેવા જવાં. પણ હવે મારે પરદેશની વાત જોઈતી નથી. હમજી?'

રમીલા તો કાપો તો લોહી નહીં નીકળે એવી થઈ ગઈ. જ્યારે અમે તો રમીલાને બતાવી દેવા માટે વેકેશનમાં અમેરિકા જવા વિચારતાં હતાં, પણ હવે ચેન્જને નામે સીધા ગામનું ઘર ખોલી, ત્યાં ઉનાળામાં નિરાંતે કેરી ખાઈને તાજામાજા થવાનો પ્રવાસ મનમાં ગોઠવી દીધો. પણ ભાઈ, આ મનરૂપી માંકડું છે. ક્યારે ક્યાંનો પ્રવાસ ગોઠવી દે એ કંઈ કહેવાય નહીં. સમજ્યા! ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

## મા-બાપ ને દીકરી... 'થ્રી ઈઝ ખરેખર અ કંપની'

**શનિવારની** નમતી બપોરે આધ્યાએ ધમ-ધમ કરતી ડોરબેલ વગાડી. ઘરમાં આવતાવેંત ઉત્સાહિત સ્વરે એણે જાહેર કરી દીધું, 'હું અને અનુપ મેરેજ કરવા માગીએ છીએ...!'

આધ્યાનાં પેરેન્ટ્સ સુશીલા અને અજય તો ડઘાય ગયાં. જાણે કંઈ સમજમાં આવતું ના હોય એમ ફાટી આંખે આધ્યા સામે જોઈ રહ્યાઃ

હે, ભગવાન! હજુ તો સતરમાં વર્ષમાં પ્રવેશેલી દીકરી લગ્નની વાતો કરવા લાગી?

'વ્હોટ નોનસેન્સ!' અચાનક પપ્પા બરાડી ઉઠ્યા.

મમ્મી તો હજુ પણ જાણે આઘાતમાં હોય એમ સામું જોઈ રહેલી. આધ્યા પોતાના પેરેન્ટ્સની આવી પ્રતિક્રિયા જોઈ મુંઝાઈ ગઈ..

મમ્મી-પપ્પા તો ખૂબ ઓપન માઈન્ડેડ હતાં. એકદમ ફ્રેન્ડલી. એના ક્લાસમેટ છોકરો હોય કે છોકરી ક્યારેય કોઈને ઘેર આવતા રોક્યા નહોતા. અજય અને સુશીલા હંમેશાં આધ્યાની વાતોમાં જોરશોરથી ભાગ લેતા. એના પહેરવા-ઓઢવાં પર કોઈ પ્રતિબંધ નહોતો. કોઈ નીતિ-નિયમો કે નિયંત્રણ પણ નહીં. પપ્પા એને સ્વિમિંગ, સ્કેટિંગમાં લઈ જતા. મમ્મી એની સાથે કોલ્ડ પ્લે સાંભળતી, 'નાયકા' કે 'મેબલીન'ના મેકઅપની વાતો પણ કરતી મા-બાપ બન્ને જાણે આધ્યાની સાથોસાથ ફરી પોતાની ટીનએજને જીવવા લાગેલાં. હસી-મજાક, હલ્લા-ગુલ્લા કરતાં ઘરમાં એ ત્રણેયની કંપની જોરદાર રહેતી. આધ્યાના મિત્રો તો એના પેરેન્ટ્સ પર ઓવારી જતાં. એ બધાએ પોતાની ચૌદ-પંદર વર્ષની જિંદગીમાં જોયેલા બેસ્ટ પેરેન્ટ્સ હતાં આધ્યા પાસે.

આધ્યાને લાગ્યું હતું કે, અનુપ જેવો રૂડો-રૂપાળો, હેન્ડસમ છોકરો જમાઈ તરીકે મળે એનાથી વધારે એમને શું જોઈતું હશે? પણ, આ શું? અહીં તો અપસેટ સર્જાય ગયો. પહેલીવાર આધ્યાના એડવેન્ચરમાં પેરેન્ટસે પાર્ટિસિપેટ ના કર્યું. કદાચ એમને ભરોસો જોઈતો હશે એમ વિચારી આધ્યાએ શરૂ કર્યુંઃ

'પપ્પા, અનુપ અને હું કંઈ અફેર નથી કરતા. બસ, એકબીજાની સાથે અમને મજા આવે છે. અમે અમારા ભવિષ્યની વાતો કરીએ છીએ. અમે સી.એ. કરવા માગીએ છીએ. સાથે નોકરી કરીશું. હું કંઈ ભણવાનું નહીં મૂકી દઉં. જો તમને એવું લાગતું હોય તો, એ તમારી ભૂલ છે. હું ખૂબ મહેનત કરીશ. હું જિંદગીને ખૂબ સારી બનાવીશ. હું મારી લાઇફમાં કંઈક બનીને બતાવીશ...'

આધ્યાની આ ભાષણબાજીએ અજયનું લોહી વધારે ઉકળ્યું. એણે માંડ જાત પર કાબૂ રાખતાં કહ્યું,:

'તું માત્ર સત્તર વર્ષની છે. આ ઉંમર આવા નિર્ણયો લેવા માટે નથી. તારો એક નિર્ણય આવનારાં સાંઈઠ વર્ષોની જિંદગી નક્કી કરશે. આજે તે જે વાત કરી એ એકદમ વાહિયાત છે, યુ ઈડિયટ.!'

પોતાના પેરેન્ટ્સનું આવું વર્તન પચાવી ના શકતી આધ્યા સામે તાડૂકીઃ 'તો તમે શા માટે અનુપને મારી સાથે સ્ટડી કરવા હા પાડતાં?'

'એ જ તને કહેવા માગીએ છીએ કે, તમારે સાથે ભણવાનું છે. આવી વાતો વિચારવાની નથી. હવે એક વાત ચોખ્ખી સાંભળી લે. તું આને અનુપ સાથેના પ્રેમનો વિરોધ સમજતી હોય તો ભલે. હું તારો બાપ છું... અને હું આવી વાહિયાત વાતો માટે તારી સાથે સહમત નથી...'

અચાનક સુશીલા જોરથી બરાડી, 'જા દૂધ પી અને પરીક્ષાઓની તૈયારી કર....!'

'મને તમારા પર કેટલો ગર્વ હતો... જ્યારે બીજી બધી છોકરીઓ અનુપની પાછળ ભાગતી ત્યારે હું એને ઇગ્નોર કરતી. છતાં એણે મને પસંદ કરી. તમે ગમે તે કરો, હું તો અનુપ સાથે લગ્ન કરીશ ને એ પણ હમણાં જ કરીશ!'. આવું કહી દરવાજો પછાડતી આધ્યા ચાલી નીકળી.

સામાન્ય રીતે શાંત સરોવરસમા એ ઘરમાં આજે ભૂકંપ મચી ગયેલો. અજયે ધબ્બ દઈને સોફામાં પડતું મેલ્યુંઃ

'સુશી, સાચું કહું આ છોકરી જે રીતે લગ્નનું નામ લે છે... મને એને ધીબેડી નાખવાનું મન થાય છે. એક કામ કરું, હું એ છોકરાના ઘેર જઈ એને ઠમઠોરી નાખું હવે...'

પતિને શાંત પાડતી સુશીલા સ્ત્રી સહજ ભાવમાં બોલીઃ

'તમે ગુસ્સે થશો તો આ વસ્તુ વધારે બગડશે. એના કરતાં કાલે સ્કૂલ જઈ છોકરાની ફરિયાદ કરી દઈએ.'

બીજા દિવસે બન્ને પહોંચ્યા પ્રિન્સિપલ પાસે. આખી વાત સાંભળી એમણે હળવેથી કહ્યું, 'જુઓ, પહેલી વાત તો એ કે, તમારે અનુપને કશું કહેવાનું થતું નથી'. અજયે મોં મચકોડ્યું.

'બીજું, ખોટી આવી ચર્ચા કરી બન્ને છોકરાઓને સ્કૂલ કે સમાજમાં બદનામ કરવા કરતાં થોડી શાંતિ જાળવો. આ ઉંમરે સંતાનોને મા-બાપની સલાહો ભાષણબાજી લાગે છે માટે એવું કરવાનો ટાળો. જરૂર લાગે તો હાલ આધ્યાને કોઈ અન્ય જગ્યાએ મોકલી આપો'.



આધ્યાનાં પેરેન્ટ્સને આવી સુફિયાણી વાતો બહુ ગળે ઊતરી નહીં. એ તો કોઈપણ ભોગે અનુપનો ઘડો-લાડવો કરવાના મૂડમાં હતા. ખાસ કરીને અજય હાથ ખંજવાળતો અનુપ સામે આવે એની રાહ જોઈ રહ્યો હતો.

સામે પક્ષે આધ્યાની આવી નાદાની થકી અનુપ હેરાન-પરેશાન થઈ ઉઠ્યોઃ

'અરે, યાર આવી વાત મમ્મી-પપ્પાને કરાય? હવે હું તારા ઘેર કેમ આવીશ? હું એ લોકોને શું જવાબ આપીશ?.'

'લે, આપણે કંઈ ખરાબ થોડું કરીએ છીએ?' આધ્યા બોલી, પણ અનુપ સમજતો હતો કે, પોતે એમ જ મજાક-મસ્તીમાં કરેલી પ્રેમ કે લગ્નની વાતને આધ્યાએ ગંભીર સ્વરૂપ આપી દીધું છે, જેની જવાબદારી લેવા એ બિલ્કુલ તૈયાર નહોતો. બીજા જ દિવસથી અનુપે કિનારો કરી લીધો. ના એ આધ્યા સાથે ભણવા બેસતો, ના લંચ બ્રેકમાં જમતો. ના કોઈ ફોન કોલ્સના જવાબ આપતો અને ના તો એની સાથે લાઇબ્રેરીમાં જતો. આધ્યાને ઘેર જવાની વાત તો દૂર રહી, એને નજીક આવતા જોઈને પણ એ ઝડપથી ત્યાંથી ખસી જતો.

એક દિવસ આધ્યાએ પરાણે એને પકડ્યો. અનુપે જાહેરમાં એને ઝાટકી નાખીઃ

'અરે, યાર રોમેન્ટિક મુવીઝ જોઈ-જોઈને તું તો સાવ ગમાર થઈ ગઈ છે. તારી સાથે થોડી મજાક-મસ્તી શું કરી લીધી, તું તો સાચું માની બેઠી. તું કારણ વગર મને ફસાવી દઈશ. એના કરતાં તું તારું કામ કર અને હું મારું....' કહી અનુપે ચાલતી પકડી.

આધ્યા કોઈ સામે નજર ના મેળવી શકી. હા, એક વાત એને ચોક્કસ સમજાય હતી કે, પોતે અનુપની મસ્તીને ગંભીરતાથી લઈ બેસેલી એ એની ભૂલ હતી.

ઘેર જઈ મમ્મી-પપ્પાને સામે બેસાડી એણે ફરમાન જાહેર કર્યુંઃ 'મોમ ડેડ, સાંભળો. મારી ભૂલ હતી. હું સ્વીકારું છું. આજ પછી કેરિયર બનાવી ના લઉં ત્યાં સુધી હું હરામ બરાબર કોઈ છોકરાની વાત કરીશ ને કરું તો મારું નામ બદલી નાખજો!'

સુશી દીકરીને વળગી પડીઃ

'અરે, આધ્યા નામ અમને બહુ ગમે છે'. અજયે પણ હસતાં કહ્યુંઃ 'યેસ, મને પણ બહુ ગમે છે.'

'એટલે જ તો કહું છું. હું મારું નામ બદલવું પડે એવી નોબત નહીં આવવા દઉં.' કહી આધ્યાએ આંખ મીંચકારી ને ત્રણે ખડખડાટ હસી પડ્યાં.

આખરે ઘણા દિવસે ઘરમાં 'થ્રી ઈઝ અ કંપની'ની લાગણી પાછી ફરી હતી. ■

# એવર ગ્રીન પ્લાઝો

ફેશન
ખુશ્બુ મુલાણી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com





પ્લાઝો એટલે, સ્ટ્રેટ પેન્ટ કે જેનું માપ કમર પાસે જે હોય તે જ નીચે બોટમ સુધી હોય. પ્લાઝો એ માત્ર યન્ગ યુવતીઓની જ પસંદ નથી, પરંતુ બધીજ વયની મહિલાઓની પસંદ છે. પ્લાઝો પહેરવાની અલગ અલગ સ્ટાઇલ હોય છે સાથે તે જુદા જુદા ફેબ્રિકમાં આવે છે. પ્લાઝો એ એક કેઝ્યુઅલ લૂક પણ આપે અને ફોર્મલ લૂક પણ આપે છે. તમે તમારી બોડી ટાઈપ અને હાઈટ મુજબ પ્લાઝોની પસંદગી કરી શકો. ચાલો જાણીયે પ્લાઝો કઈ રીતે અલગ અલગ સ્ટાઈલમાં પહેરી શકાય.

પ્લાઝો અને કુરતી - જો તમને કુરતીમાં કૈક અલગ લૂક આપવો હોય તો તમે કુરતી સાથે પલાઝો પહેરી શકશો. પ્લાઝો પહેરવાથી એક ટિપિકલ કુરતીને નવો લૂક મળે છે. પ્લાઝો ઘણી ટાઈપના ફેબ્રિકમાં આવે છે જેમકે, હોઝિયરી, લાઇક્રા, સિલ્ક, હોઝિયરી, કોટન વગેરે. પ્લાઝો સાથે કોઈ પણ સ્ટાઇલની કુરતી સારી લાગે છે. જેમકે, શોર્ટ લેન્થ કે પછી લોન્ગ લેન્થ. જો તમારી હાઈટ ખૂબ જ ઓછી હોય તો પ્લાઝો પહેરવાના ટાળવા. જો તમારી હાઈટ સારી હશે તો પ્લાઝોનો લૂક સારો આવશે. લાંબી યુવતીઓ કોઈ પણ લેન્થની કુરતી પહેરી શકે. લોન્ગ કુરતી સાથે પ્લાઝો એક અલગ જ લૂક આપશે. હોઝિયરી અને કોટન પ્લાઝો સાથે કોટનની જ કુરતી સારી લાગશે. હોઝિયરીના પ્લાઝો એન્કલ લેન્થના પહેરવા, કારણકે હોઝિયરીના પ્લાઝો પહેર્યા પછી તેનું ફેબ્રિક લચી પડે છે. હોઝિયરી સાથે સિન્થેટિક ફેબ્રિકની કુરતી પણ સારી લાગશે.

કોટન પ્લાઝો - કોટન પ્રિન્ટેડ ફેબ્રિકમાંથી બનાવેલા પ્લાઝો એક કેઝ્યુઅલ લૂક આપે છે. આ પ્લાઝો પહેર્યા પછી શરીરથી અળગા રહે છે. કોટન પ્રિન્ટેડ ફેબ્રિકમાંથી બનેલા પ્લાઝો સાથે શોર્ટ ટીશર્ટ અને લોન્ગ ટીશર્ટ પહેરી શકાય. આ પ્લાઝો ઘરમાં અને બહાર એમ બન્ને રીતે પહેરી શકાય. ઘરમાં પહેરવા હોય તો કોટન પ્લાઝો સાથે ટીશર્ટ એક કમ્ફર્ટેબલ લૂક આપશે. કોટન પ્લાઝો પ્લેન ફેબ્રિકમાં પણ આવે છે. મોટાભાગની યુવતી પ્લેન પ્લાઝો ઓફિસ વૅર તરીકે પહેરે છે. ભલે પ્લેન હોય પણ પહેર્યા પછી એક નીટ લૂક આવે છે અને કોટન હોવાથી ગરમી પણ નથી થતી તેથી આખો દિવસ કાઢવો હોય તો આરામથી નીકળી જાય. જે ડ્રેસ મટિરિયલ આવે છે તેની સાથે પણ કોન્ટ્રાસ્ટ પ્લેન પ્લાઝો પહેરી શકાય. કોટન પ્લાઝોની પ્રિન્ટ સિલેક્ટ કરતી વખતે ખાસ ધ્યાન રાખવું. જેમકે, ક્યારેક ખૂબ જ બોલ્ડ પ્રિન્ટ હોય છે જે પહેર્યા પછી વધારે પડતી આંખમાં આવે છે. જેટલી ડેલિકેટ પ્રિન્ટ હશે તેટલા જ પ્લાઝો સુંદર લાગશે અને એની સાથે કોઈ પણ જાતના ટોપ્સ મિક્સ એન્ડ મેચ કરી શકાશે. જો તમારું શરીર ભરેલું હોય તો ખાસ કરીને સોલિડ કલરના પ્લાઝો પહેરવા અને જો તમારું શરીર સુડોળ હોય તો તમે કોઈ પણ કલરના પ્લાઝો પહેરી શકો.


ડેનિમ પ્લાઝો - જે પ્લાઝો કોટન ડેનિમ ફેબ્રિકમાંથી બન્યા હોય તેને ડેનિમ પ્લાઝો કહેવાય. ડેનિમ કોટન પ્લાઝો એ કોટન ફેબ્રિકમાંથી જ બનેલા હોય છે માત્ર તે દેખાવમાં ડેનિમ જેવા લાગે છે. આ પ્લાઝો સાથે ફ્રેશ કલર્સના ક્રોપ ટોપ ખૂબ જ સ્માર્ટ લૂક આપે છે. અથવા તો ડેનિમ કોટન પ્લાઝો સાથે ઓવર સાઈઝ શર્ટ કે પછી વાઈટ લખનવી કુરતી પણ પહેરી શકાય. ડેનિમ કોટન પ્લાઝો સાથે કોઈ પણ જાતના ટોપ્સનું મિક્સ એન્ડ મેચ કરી શકાય. ડેનિમ કોટન પ્લાઝો સાથે ડેનિમના શર્ટ કે કુરતી પણ પહેરી શકાય. ડેનિમ કોટન પ્લાઝોમાં ચોકવાળા, ઇલાસ્ટિકવાળા, બટનવાળા એમ ઘણી વેરાઈટી આવે છે. તમારા બોડી ટાઈપને અનુસાર તમે પ્લાઝોની પેટર્ન પસંદ કરી શકો. જો તમારો કમર અને પેટનો ભાગ વધારે હોય તો પ્લાઝો સાથે શોર્ટ ટોપ્સ ન પહેરવા. સુડોળ યુવતી પર જ પ્લાઝો સાથે શોર્ટ ટોપ્સ સારા લાગશે.

પ્લાઝો સાથે પગમાં સ્પોર્ટ્સ શૂઝ પણ પહેરી શકાય અને હાઈ હિલ્સ પણ પહેરી શકાય. જેમકે, બ્લેક કલરના લિનન પ્લાઝો સાથે બેજ કલરનું ફોર્મલ શર્ટ અને પગમાં હાઈ હિલ્સ એક ફોર્મલ લૂક આપી શકે. પ્લાઝો સાથે ક્રોસ બેગ, ટોટ બેગ કે પછી કલચ પણ લઇ શકાય.

પ્લાઝો પર કોઈ પણ જાતની હેર સ્ટાઇલ સારી લાગી શકે જેમકે, સોફ્ટ કર્લ્સ કે પછી સ્ટ્રેટ હેર, કે પછી મેસી બન જ કેમ ન હોય. તેથી જ પ્લાઝોને એવર ગ્રીન કહેવાય કે કોઈ પણ ઋતુમાં કે કોઈ પણ ઇવેન્ટમાં પ્લાઝો પહેરી શકાય. ■

વિશેષ
ડી. જે . નંદન
feedback.ladki@
bombaysamachar.com

# જીવના જોખમવાળી સુંદરતા શા કામની?



પ્રતીકાત્મક તસવીર

શેફાલી જરીવાલાનું માત્ર ૪૨ વર્ષે નિધન થતાં આખું બોલિવૂડ હચમચી ગયું છે. સૌથી વધારે તો એ વાતે ગભરાહટ ફેલાવી છે કે, કાટાં લગા નામના ગીતથી મશહૂર થયેલી અદાકારા શેફાલી જરીવાલા કોઈ ગંભીર બીમારીથી મૃત્યુ નથી પામી, પરંતુ એવું માનવામાં આવે છે કે, તે પોતાની ઉંમર કરતાં નાની દેખાવા માટે પાછલાં પાંચ- છ વર્ષોથી ગ્લૂટાથિયોન નામની દવા લઈ રહી હતી, જે એક ઍંટી એજિંગ ટ્રીટમેન્ટનો એક ભાગ છે.

તે જ કારણે તેને જબરદસ્ત હાર્ટ અટેક આવ્યો અને તેનું નિધન થયું. પહેલેથી જ આટલી સુંદર લાગતી શેફાલી ખૂબસૂરતીનાં કયાં શિખરો હાસિલ કરવા માગતી હતી, જેની કિંમત તેણે પોતાની જાન ગુમાવીને આપી.

સાચી વાત તો એ છે કે, માત્ર બોલિવૂડ જ નહી પરંતુ હોલિવૂડમાં પણ અનેક ફિલ્મી કલાકાર પોતાની ખૂબસૂરતી વધારવા માટે ઘણા પ્રકારના જોખમ લે છે જેને કારણે ઘણાએ પોતાનો જીવ પણ ગુમાવ્યો છે. ફિલ્મી દુનિયા, મોડેલિંગ કે પછી પેજ થ્રીની પાર્ટી કેમ ન હોય આ બધાં જ કલાકારોને આ ચમકતી દુનિયામાં સૌથી વધારે સુંદર લાગવું હોય છે.

કેમેરા સામે તેઓ સો ટકા પરફેક્ટ લાગવા માગે છે. આના માટે તેઓ જિમ અને કસરત કરી જરૂરતથી વધારે થાકી જાય છે. ઘણીવાર સ્લિમ, ફિટ અને તરોતાજા દેખાવા માટે એસ્ટેરાઈડ અને ડાઈટ ડ્રગનો ઉપયોગ કરે છેઅને ઘણીવાર તો ખૂબ જ દર્દભરી કોસ્મેટિક સર્જરીનો પણ સહારો લે છે.

સાલ ૨૦૨૩માં મિસ યૂનિવર્સ અને બોલિવૂડ અભિનેત્રી સુષ્મિતા સેનને ફિટનેસના ક્રેઝને કારણે જબરદસ્ત હાર્ટઅટેક આવ્યો હતો. હકીકતમાં તે પોતાની વધતી ઉંમરને ઢાંકી ગ્લેમરની દુનિયામાં હંમેશાં મિસ યૂનિવર્સ જ લાગવા માગતી હતી તેથી જ દિવસ રાત ફિટનેસ માટે વધારે ને વધારે સમય આપતી હતી. જેની કિંમત આખરે તેણે એક હાર્ટએટેક સાથે ચુકવી. આવી જ રીતે સાલ ૨૦૨૨માં હરિયાણાની લોકપ્રિય અભિનેત્રી અને નેતા સોનાલી ફોગાટનું મૃત્યુ અચાનક હાર્ટએટેકથી થયું હતું. પછીથી બહાર આવ્યું કે, તે બોડી ટોનિંગનો ઉપયોગ કરી રહી હતી.

સોનાલી ફોગાટે એક પાર્ટીમાં નશીલા ડ્રગનો ઉપયોગ કર્યો હતો. સોનાલી સોશિયલ મીડિયા અને ફિલ્મી દુનિયાના એ દબાણનો સામનો કરી રહી હતી જેને યંગ અને ગ્લેમરસ દેખાવા માટે હંમેશાં પ્રેશરમાં રહેવું પડતું હતું, પરંતુ આ વાત માત્ર હિંદુસ્તાન અને બોલિવૂડ સુધી જ સીમિત નથી. આ રોગ અને દબાવ પશ્ચિમની દુનિયામાં પણ છે. સાલ ૨૦૦૮માં હોલિવૂડ એક્ટર હીથ લેજરને ‘દ ડાર્ક નાઈટ ’માં જોકરનો જે જબરદસ્ત અભિનય કર્યો હતો, તેણે પૂરી દુનિયામાં પોતાના ચાહકોનું દિલ જીતી લીધું હતું. પરંતુ આ રોલના ઊંડાણમાં ઊતરવા માટે તેઓ માનસિક રૂપે ખૂબ જ થાકી ગયા હતા. જેને કારણે તેમને હંમેશાં ઊંઘની દવા તેમજ ઍંટી-ડિપ્રેશનનો સહારો લેવો પડતો હતો. આ કારણોસર તેઓનું ઓવરડોઝ લેવાના કારણે મૃત્યુ થયું હતું.

દોઢ દાયકા પહેલા દુનિયાના સૌથી મોટા સેલિબ્રિટી અને બ્રેક ડાન્સરનો બાદશાહ માઈકલ જેકસન પોતાની ત્વચાને ગોરી બનાવવાના ચક્કરમાં એટલા વધારે પ્રમાણમાં દવાનો ઉપયોગ કર્યો કે અચાનક એક દિવસે તેમનું મૃત્યુ થઈ ગયું. જ્યારે ૭૦ના દાયકાના અમેરિકાના પોપ સિંગર કરેન કારપેંટર પણ પાતળા લાગવા માટે ગાંડપણમાં એનોરેક્સિયા નેર્વોસાનો શિકાર થઈ ગઈ હતી.

ફ્રાંસની અભિનેત્રી જેલોના બ્લોંટ પણ પોતાના ચેહરાને જવાન દેખાડવા માટે એટલી વાર બુટોક્સ સર્જરી કરાવી હતી કે એક વખત એવો આવ્યો કે તેનો આખો ચહેરો બગડી ગયો. આ સદમાને તે સહી ના શકી અને તેણે આત્મહત્યા કરી લીધી. આ વાત પરથી એ ખ્યાલ આવે કે, દુનિયામાં સુંદરતાની કેટલી કિંમત ચુકવવી પડે છે.

ટીવી શો બાલિકા વધૂની ખૂબસૂરત અભિનેત્રી પ્રત્યૂષા બેનર્જી તો તમને યાદ જ હશે. એણે માત્ર ૨૪ વર્ષની ઉંમરમાં આત્મહત્યા કરી હતી કારણકે, તે સોશિયલ મીડિયા ટ્રોલિંગ અને કેરિયર પ્રેશરથી કંટાળી ગઈ હતી. તેનો સબંધ પણ માઠો થઈ ગયો હતો. ગ્લેમર ઈંડસ્ટ્રીમાં ટકી રહેવા માટે તેના પર હંમેશાં સારા લાગવાનો અને પાતળા લાગવાનો દબાવ રહેતો હતો. આ બધું જ તે સહન ન કરી શકી અને તેણે આત્મહત્યા કરી.

કલકત્તાની ઈંસ્ટાગ્રામ મોડલ રિયા ઘોષનું મૃત્યુ કિડની ફેલ થવાથી થયું હતું, પરંતુ પોસ્ટમોર્ટમ રિપોર્ટથી ખબર પડી કે, તે પાતળા લાગવા માટે લાંબા સમયથી એસ્ટેરાઈડ અને ડ્રગ લઈ રહી હતી. તેની પર સોશિયલ મીડિયામાં આકર્ષક બોડી રાખવા માટે દબાણ કરવામાં આવતું. તેના સિવાય તે આટલી મશહૂર બ્રાંડની એમ્બેસેડર કઈ રીતે બની શકે. આ બધાં જ ઉદાહરણો પરથી એ સાબિત થાય છે કે, કઈ રીતે ખૂબસૂરતીનો ભાર ગ્લેમર ઈંડસ્ટ્રીમાં સેલિબ્રિટી અને ફિલ્મી કલાકારને ખાઈ જાય છે. ■



ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@
bombaysamachar.com

# વિશ્વાસથી જ આત્મવિશ્વાસ વધે

‘મુંબઈ સમાચાર’ની લાડકી પૂર્તિને નિયમિત વાંચતી બહેનોને આજે એક પ્રશ્ન પૂછુ?

- ધારો કે તમે ઘોર જંગલમાં એક નાની કેડી પર એકલા ચાલી રહ્યા છો અને તમારી સામે એક સિંહ આવી જાય છે, તો આવા સમયે તમે શું કહેશો?

- તમે કહેશો કે આવા સમયે મારે શું કરવાનું હોય?

- જે કરવાનું છે તે તો સિંહે કરવાનું છે ને?

* ખરેખર એવું નથી.

- તમારી પાસે બે વિકલ્પો છે.

* સિંહની સામે લડાઈ કરો અને એને પાડી દો અથવા તો

* ત્યાંથી ભાગી જાવ.

* આને અંગ્રેજીમાં ફાઈટ અને ફ્લાઈટ રિસ્પોન્સ કહે છે.

* જ્યારે જ્યારે પણ આપણી સામે ભય ઊભો થાય ત્યારે આપણી પાસે બે વિકલ્પો વચ્ચે પસંદગી કરવાની હોય છે:

* જે વ્યક્તિમાં હિંમત કે આત્મવિશ્વાસ હોય તે ફાઈટ આપે છે અને

* જેનામાં એ નથી તે ત્યાંથી ભાગે છે.

- તો શું આત્મવિશ્વાસની જરૂર ફક્ત સિંહ સામે લડવામાં જ કામ આવે?

* ના,

- જીવનમાં ડગલે ને પગલે તેની જરૂર પડે છે.

* દરેક પ્રકારના નિર્ણયોનો અમલ કરવા માટે આત્મવિશ્વાસની જ જરૂર પડે છે.

- મારા આટલા વરસોના અનુભવથી એટલું ચોક્કસ કહીશ કે આપણી ખાસ કરીને કેટલીક ચોક્કસ જ્ઞાતિની કે વિભાગની યુવાન બહેનોમાં, રીતરિવાજોના નિયમોને કારણે આત્મવિશ્વાસની ખૂબ કમી હોય છે.

- બીજું કે આત્મવિશ્વાસ કોઈ દુકાન કે સુપર માર્કેટમાંથી ખરીદી કરી શકાતો નથી.

- એ તો આપણા વારસાગત ઉછેરમાંથી આવે છે.

- જે વ્યક્તિને નાનપણમાં ખૂબ જ પ્રેમ અને ઉત્સાહ મળ્યો હોય તેનામાં આત્મવિશ્વાસ વધારે આવે છે.

- પણ જેને

* ઓછો પ્રેમ મળ્યો હોય તથા

* ખૂબ નિંદા કરવામાં આવી હોય તેને આત્મવિશ્વાસનો અભાવ થાય છે, એવું આ લખનારનું માનવું છે, અભ્યાસ છે.

- પણ પ્રશ્ન એ પણ મનમાં ઉદ્ભવે છે કે

* શું આત્મવિશ્વાસ ફરીથી મેળવી ના શકાય?

- જવાબ સ્પષ્ટ છે.

- હા

* કેવી રીતે?

- વ્યક્તિએ તેના માટે પોતે પ્રયત્ન કરવા પડે જે નીચે દર્શાવ્યા મુજબ છે.:

- પબ્લિક સ્પિકિંગ શીખો

* જાહેરમાં બોલવા માટે ખૂબ હિંમતની જરૂર પડે છે.

* એ હિંમત ધીમે ધીમે પબ્લિક સ્પિકિંગની ટ્રેનિંગથી પાછી લાવી શકાય છે.

* તમારી જાતને નાનાં નાનાં વચનો આપો અને પછી તે વચનો પ્રમાણે કામ કરો.

- શરૂઆતમાં તમને તકલીફ પડશે, પણ સમય જતાં તમે મોટા વચનો આપી શકશો અને પાળી પણ શકશો.

- જેનો ડર લાગતો હોય તેવાં કામો ધીમે ધીમે કરો અને પછી ડર લાગતો હોય તેવાં મોટા કામો કરવા તમે સક્ષમ બની જશો.

- આ રીતે તમારો આત્મવિશ્વાસ પાછો આવશે.

* દાખલા તરીકે ઊંચાઈનો ડર લાગતો હોય તો ધીમે ધીમે વધુ ઊંચાઈ પર જાવ અને તેનો અનુભવ કરો.

* આગનો ડર લાગતો હોય તો આગની નાની નાની જ્વાળા પાસે જાવ.

* પાણીનો ડર લાગતો હોય તો ધીમે ધીમે ઊંડા પાણીમાં જવાના પ્રયત્નો કરો. ડર નીકળવા લાગશે.

ઉપરાંત એક અનુભવ કરેલી ટેક્નિક છે જેમાં તમારે ઊભા ઊભા આંખ બંધ કરીને તમારા જીવનનો એવો પ્રસંગ યાદ કરવાનો કે જ્યારે તમને આત્મવિશ્વાસનો ખૂબ જ અનુભવ થયો હોય.

- એ યાદ કરતાં કરતાં જ્યારે તમે આત્મવિશ્વાસની ટોચ પર છો એવું લાગે ત્યારે તમારે એક ડગલું આગળ આવીને હવામાં મુઠ્ઠી ઉછાળીને ‘યસ’ બોલવાનું અને એવું ફિલ કરવાનું કે તમારો આત્મવિશ્વાસ પાછો એટલો જ આવી ગયો છે.

- આમ વારંવાર કરવાથી તમારો આત્મવિશ્વાસ વધશે.

- વિશ્વાસથી જ આત્મવિશ્વાસ વધે છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ક્લાઈમેટ ચેન્જથી જીવસૃષ્ટિનું અસ્તિત્વ જોખમમાં: આંતરરાષ્ટ્રીય કોર્ટ

હેગ: ઇન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસે 'ક્લાઇમેટ ચેન્જ' (વાતાવરણમાં થતાં ફેરફાર) અંગે પોતાનો ઐતિહાસિક અભિપ્રાય આપતા જણાવ્યું હતું કે માનવોની પ્રવૃત્તિને લીધે ગ્રીનહાઉસ ગૅસ વાતાવરણમાં છૂટે છે અને તેની વાતાવરણ પરની ખરાબ અસર સરહદ પાર પણ થાય છે તેમ જ તેનાથી જીવસૃષ્ટિનું અસ્તિત્વ જોખમાય છે. તેણે જણાવ્યું હતું કે 'ક્લાઇમેટ ચેન્જ'ની માઠી અસર 'નેચરલ ઇકૉસિસ્ટમ' અને 'માનવ વસતિ' પર થાય છે. અગાઉ, સંયુક્ત રાષ્ટ્રસંઘની મહાસભાએ ઇન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસને 'ક્લાઇમેટ ચેન્જ' અંગે પોતાનો સલાહ સાથેનો અભિપ્રાય આપવા ૨૦૨૩માં વિનંતિ કરી હતી. આ અભિપ્રાય કોઇ પણ દેશ માટે ચુકાદાની જેમ બંધનકારક નહિ ગણાય.

ઇન્ટરનેશનલ કોર્ટ ઑફ જસ્ટિસના ૧૫ ન્યાયાધીશની પેનલને બે મુખ્ય સવાલ કરાયા હતા. એક, ગ્રીનહાઉસ ગૅસની માઠી અસર રોકવા આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ રાષ્ટ્રોને કેવી ફરજ પાડી શકાય? બીજો, પર્યાવરણ અને વાતાવરણને નુકસાન પહોંચાડતા દેશોની સામે કેવા કાયદેસર પગલાં લઇ શકાય? (એજન્સી) ■

# પાંચ વર્ષે ચીનાઓને ભારત ટૂરિસ્ટ વિઝા આપવાનું શરૂ કરશે

નવી દિલ્હી: ચીન સાથે સંબંધોમાં સુધારો આવ્યો પછી ભારત સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે. ભારત સરકાર દ્વારા પાંચ વર્ષ પછી ચીનના નાગરિકોને ટૂરિસ્ટ વિઝા આપવાની જાહેરાત કરવામાં આવી છે. ચીનમાં આવેલા ભારતના દૂતાવાસે સત્તાવાર રીતે આની જાહેરાત કરી છે. તમને જણાવી દઈએ કે ૨૦૨૦ કોરોના મહામારી પછી ચીનથી આવતા દરેક લોકોનો પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો હતો. કોરોના વાઇરસ ચીનની કોઈ લેબમાંથી લીક થયો હોવાની ચર્ચાઓ શરૂ થઈ હોવાથી ભારતે ચીનના નાગરિકોને વિઝા આપવાનું બંધ કરી દીધું હતું.

બીજિંગમાં આવેલી ભારતીય વિઝા સેન્ટરમાં પાસપોર્ટ પરત કરવા માટે અરજી કરતી વખતે યોગ્ય રીતે પ્રમાણિત પાસપોર્ટ અરજી ફરજિયાત રહેશે તેવું ભારતીય દૂતાવાસે સ્પષ્ટ કર્યું છે. જેના સિવાય અરજી કરવામાં આવશે તે પાસપોર્ટ રદ કરી દેવામાં આવશે. કોરોના બાદ ભારત અને ચીન વચ્ચેની મોટા ભાગની યાત્રા સ્થગિત કરી દેવામાં આવી હતી. કોરોના બાદ જ્યારે સ્થિતિમાં સુધાર આવ્યો ત્યારે વેપાર અને અભ્યાસ માટે વિઝા આપવામાં આવતા હતાં, પરંતુ હવે પ્રવાસી વિઝા આપવાની સેવા શરૂ કરી દેવામાં આવી છે.

દર વર્ષે મોટી સંખ્યામાં વિદેશી પ્રવાસીઓ ભારતમાં આવતા હોય છે. ભારત અને ચીન વચ્ચે જ્યારે ૧૯૬૨માં ગલવાન ખીણમાં યુદ્ધ થયું ત્યારે બંને દેશો વચ્ચેના સંબંધો વધારે ખરાબ થયાં હતાં. તે બાદ ૨૦૨૦માં આવેલા કોરોના વખતે પણ ભારત અને ચીનના સંબંધોમાં ખટાશ આવી હતી. ૨૦૨૪માં ડેપ્સાંગ અને ડેમચોક વિસ્તારોમાંથી સૈનિકો પાછા ખેંચવા માટે પણ એક કરાર થયો અને તે બાદ પીએમ મોદી અને ચીની રાષ્ટ્રપતિ વચ્ચે બેઠકો પણ થઈ હતી. ■

# ઑસ્ટ્રેલિયામાં ભારતીય વિદ્યાર્થી પર હુમલો

મૅલબર્ન: ઑસ્ટ્રેલિયાના ઍડિલેઈડમાં કરવામાં આવેલા કથિત વંશીય હુમલા બાદ ભારતીય વિદ્યાર્થી ચરણપ્રિત સિંહને સારવારાર્થે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હોવાનું સ્થાનિક પ્રસારમાધ્યમના અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું.

પાર્કિંગ સંબંધિત વિવાદને પગલે કિન્ટૉરે ઍવન્યુ વિસ્તારમાં શનિવારે ૨૩ વર્ષના ચરણપ્રિત પર પાર્કિંગ એરિયામાં ઉપસ્થિત યુવકોના જૂથ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

મને માર મારીને બેભાન કરી દેવામાં આવ્યો તે અગાઉ જૂથના સભ્યો મારા વાહન પાસે આવ્યા હતા અને વંશીય ટિપ્પણી કરી હતી.

આ ઘટનાને કારણે મને માનસિક આઘાત લાગ્યો હતો. મારી ડાબી આંખ પાસેની માંસપેશીઓ ફાટી ગઈ હતી અને મારાં જડબા પર સોજો આવ્યો હતો એમ જણાવતાં ચરણપ્રિતે કહ્યું હતું કે મારને કારણે મારા માથામાં આવેલો સોજો હજુ ઊતર્યો નથી.

ઘટનાને મામલે ૨૦ વર્ષના યુવકની ધરપકડ કરવામાં આવી હતી. ઘટનાસ્થળેથી નાસી છૂટેલા અન્ય હુમલાખોરોને શોધી કાઢવામાં મદદ કરવાની પોલીસે સામાન્ય જનતાને અપીલ કરી હતી. (એજન્સી) ■

# ૧૬૫૪ કરોડનો એફડીઆઈ ગોટાળો: મિંત્રા સામે ઈડીનો કેસ

નવી દિલ્હી: એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) એ ઈ-કોમર્સ કંપની ફ્લિપકાર્ટ-સમર્થિત 'ફેશન અને લાઇફસ્ટાઇલ' પ્લેટફોર્મ મિંત્રા, સંબંધિત કંપનીઓ અને ડિરેક્ટરો વિરુદ્ધ ૧,૬૫૪ કરોડ રૂપિયાથી વધુના એફડીઆઇ 'ઉલ્લંઘન'માં ફેમા હેઠળ કેસ નોંધ્યો હતો. તપાસ એજન્સી ઈડીએ બુધવારે આ માહિતી આપી હતી. ઈડીએ જણાવ્યું હતું કે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટ (ફેમા) ની કલમ ૧૬ (૩) હેઠળ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. એજન્સીને 'વિશ્વસનીય માહિતી' મળી હતી કે મિંત્રા ડિઝાઇન્સ પ્રાઇવેટ લિમિટેડ અને 'મિંત્રા' બ્રાન્ડ નામ ધરાવતી તેની સંબંધિત કંપનીઓ 'હોલસેલ કેશ એન્ડ કેરી' ની આડમાં મલ્ટી-બ્રાન્ડ રિટેલ વ્યવસાય કરી રહી છે. ઈડીએ કહ્યું હતું કે આ હાલના ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (એફડીઆઇ) દિશાનિર્દેશોનું કથિત ઉલ્લંઘન છે. બેંગલૂરુમાં હેડક્વાર્ટર ધરાવતા મિંત્રા, તેની સંબંધિત કંપનીઓ અને તેના ડિરેક્ટરો સામે કેસ નોંધવામાં આવ્યો છે.

મિંત્રાના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે કંપની "દેશના તમામ લાગુ કાયદાઓનું પાલન કરવા અને અખંડતાનાં ઉચ્ચતમ ધોરણો સાથે કામ કરવા માટે સંપૂર્ણ રીતે પ્રતિબદ્ધ છે." ■

# કટ્ટરપંથી પાકિસ્તાન આતંકવાદમાં ગળાડૂબ: યુનોમાં ભારત ભડક્યું

ન્યુ યોર્ક : ભારતે જમ્મુ કાશ્મીરના પહલગામ હુમલા બાદ ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હતો. તેમજ આંતરરાષ્ટ્રીય મંચ પર પાકિસ્તાનના આતંકવાદના ચહેરાને બેનકાબ પણ કર્યો છે. ત્યારે હવે ભારતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પાકિસ્તાનને ફરી એક વાર ઝાટક્યું છે. ભારતે પાકિસ્તાનને કટ્ટરપંથી અને આતંકવાદમાં ગળાડૂબ દેશ ગણાવ્યો છે. પાકિસ્તાનની અધ્યક્ષતા હેઠળની સંયુક્ત રાષ્ટ્રની સલામતી સમિતિની બેઠકમાં ભારતે તેને આતંકવાદ વિરુદ્ધ જડબાતોડ જવાબ આપ્યો હતો. ભારતે જણાવ્યું હતું કે પાકિસ્તાન સીમા પાર આતંકવાદને પ્રોત્સાહિત કરે છે. જેની તેમને ગંભીર કિંમત ચુકવવી પડશે. ભારતે કહ્યું કે પાકિસ્તાન કટ્ટરપંથ અને આતંકવાદમાં ડૂબેલો દેશ છે. ■

# જસ્ટિસ વર્માની અરજીની સુનાવણી માટે સુપ્રીમ નવી ખંડપીઠ રચશે

નવી દિલ્હી: રોકડ રકમ જપ્તિના વિવાદને મામલે ગેરવર્તન કરવા બદલ દોષી ઠેરવતા ઈન-હાઉસ ઈન્કવાયરી પેનલના અહેવાલને અમાન્ય ઠેરવવાની માગણી કરતી અલાહાબાદ હાઈ કોર્ટના જજ જસ્ટિસ યશવંત વર્માની અરજીની સુનાવણી કરવા નવી ખંડપીઠની રચના કરવામાં આવશે, એમ સુપ્રીમ કોર્ટે બુધવારે કહ્યું હતું.

આઠમી મેએ તત્કાલીન ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (સીજેઆઈ)એ મહાભિયોગની કાર્યવાહીનો આરંભ કરવાની સંસદને કરેલી ભલામણને પણ રદ કરવાની જસ્ટિસ વર્માએ માગણી કરી હતી. તાકીદે સુનાવણી માટે આ અરજીને મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ કે. વિનોદચંદ્રન અને જોયમાલા બાગચીની બનેલી ખંડપીઠને મોકલી આપવા પણ જણાવવામાં આવ્યું હતું. (એજન્સી) ■

# દહેજ કેસમાં પત્નીની ફરિયાદ પર બે મહિના સુધી કોઈ ધરપકડ ન કરો: સુપ્રીમ કોર્ટ

## તમામ રાજ્યમાં આ માર્ગદર્શિકા અમલી બનાવવાનો આદેશ

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે દહેજ ઉત્પીડન કેસમાં ખોટા આરોપો અને નિર્દોષ લોકોને સુરક્ષા આપવા માટે એક મોટો ચુકાદો આપ્યો છે. જેમાં સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ બી.આર.ગવઈ અને જસ્ટિસ એ.જી. મસીહની ખંડપીઠે જણાવ્યું છે કે, અલાહાબાદ હાઈ કોર્ટના વર્ષ ૨૦૨૨ના દિશા નિર્દેશોને સમગ્ર દેશમાં લાગુ કરવાનો આદેશ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે જ્યારે કોઈ મહિલા દહેજ ઉત્પીડન કાયદા હેઠળ તેના સાસરિયાઓ વિરુદ્ધ કેસ દાખલ કરે છે ત્યારે પોલીસે બે મહિના સુધી પતિ કે તેના સંબંધીઓની ધરપકડ ન કરવી જોઈએ. ભારતીય ફોજદારી ધારાની કલમ ૪૯૮ અ માં મહિલાઓને દહેજ ઉત્પીડન કેસ રાહત આપે છે. જોકે, તેનો દુરુપયોગ પણ પ્રકાશમાં આવ્યો છે. જેના પગલે સુપ્રીમ કોર્ટે એક મહત્વનો નિર્ણય લીધો છે.

આ અંગે ૧૩ જૂન, ૨૦૨૨માં અલાહાબાદ હાઈ કોર્ટે જણાવ્યું હતું દહેજ ઉત્પીડન કેસમાં પતિ અને તેમના પરિવારજનો પર સામાન્ય રીતે ખોટા આરોપ લગાવવામાં આવે છે. ■

# નીટ-યુજીમાં લાઈટ ગુલ: કાઉન્સેલિંગ માટે શરતી મંજૂરીની સુપ્રીમ કોર્ટની ના

નવી દિલ્હી: સુપ્રીમ કોર્ટે બુધવારે મધ્ય પ્રદેશમાં પોતાના પરીક્ષા કેન્દ્રોમાં વીજળી ગુલ થવાની સમસ્યાનો સામનો કરનારા બે ઉમેદવારોને નીટ-યુજી ૨૦૨૫ની કાઉન્સેલિંગમાં હાજરી આપવા માટે શરતી મંજૂરી આપવાનો ઇનકાર કર્યો હતો. જોકે, ન્યાયાધીશ પી.એસ. નરસિંહા અને જસ્ટિસ એ.એસ. ચંદુરકરની બેન્ચે નવ્યા નાયક અને એસ. સાઈ પ્રિયાની અરજીઓને પચીસ જૂલાઈના રોજ વધુ સુનાવણી માટે સૂચિબદ્ધ કરી હતી. ઉમેદવારોએ મધ્ય પ્રદેશ હાઈકોર્ટના ૧૪ જુલાઈના આદેશને પડકાર્યો છે જેમાં તેમના માટે ફરીથી પરીક્ષા લેવાનો ઈનકાર કર્યો હતો. અરજદારોના વકીલે કહ્યું હતું કે કાઉન્સેલિંગ માટે એક નોટિફિકેશન જાહેર કરવામાં આવ્યું છે અને તેમણે તેમાં સામેલ થવા માટે એક અસ્થાયી મંજૂરી માગી છે. નેશનલ ટેસ્ટિંગ એજન્સી તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કહ્યું હતું કે બંને અરજીઓમાં ફરીથી પરીક્ષા લેવાની વિનંતીને મંજૂરી આપી શકાતી નથી કારણ કે તે પરીક્ષામાં હાજર રહેલા લાખો વિદ્યાર્થીઓને અસર કરશે. બેન્ચે વચગાળાના નિર્દેશો જાહેર કરવાનો ઈનકાર કર્યો અને સુનાવણી મુલતવી રાખી હતી. નોંધનીય છે કે ૧૬ જુલાઈના રોજ સુપ્રીમ કોર્ટ એ ઉમેદવારોની અરજી પર સુનાવણી કરવા માટે સહમત થઈ હતી જેઓ પરીક્ષામાં સામેલ થયા હતા અને કેટલાક પરીક્ષા કેન્દ્રો પર વિજળી ગુલ થઈ ગઇ હતી. હાઈકોર્ટની સિંગલ બેન્ચે નેશનલ ટેસ્ટિંગ એજન્સીને રાજ્યના ઇન્દોર અને ઉજ્જૈનમાં કેટલાક કેન્દ્રો પર વીજળી ગુલ થવાથી પ્રભાવિત ઉમેદવારો માટે નીટ-યુજી-૨૦૨૫ પરીક્ષા ફરીથી લેવાનો નિર્દેશ આપ્યો હતો. ■

# પાકિસ્તાનનું શાહીન-૩ મિસાઈલનું પરીક્ષણ નિષ્ફળ

ઇસ્લામાબાદ: 'ઑપરેશન સિંદૂર'માં ભારતના શસ્ત્રોનાં પરીક્ષણ કર્યા બાદ પાકિસ્તાને પણ પોતાના શસ્ત્રાગારમાં અત્યાધુનિક હથિયારો વધારવાની શરૂઆત કરી છે, પરંતુ નાપાક ઈરાદા ધરાવતા પાકિસ્તાનને નિષ્ફળતા હાથ લાગી રહી છે, કારણ કે તાજેતરમાં પાકિસ્તાને પોતાની એક મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. પરંતુ તે નજીકના અંતરે જ તૂટી પડી હતી.

પાકિસ્તાને મંગળવારે પોતાની શાહીન-૩ ન્યુક્લિયર મિસાઈલનું પરીક્ષણ કર્યું હતું. પરંતુ તેનું ટેસ્ટિંગ કરવામાં નિષ્ફળતા મળી હતી. એટલું જ નહીં, પાકિસ્તાનના ડેરા ગાઝીખાન વિસ્તારમાંથી શાહીન-૩ મિસાઈલને છોડવામાં આવી હતી, જે ગ્રાપન ખીણના લેવી સ્ટેશનથી માત્ર ૫૦૦ મીટર દૂર પડી હતી, જે બલુચિસ્તાન પ્રાંતના માનવ વસ્તીવાળો વિસ્તાર છે.

પાકિસ્તાનના મિસાઈલ પરીક્ષણથી બલુચિસ્તાનના લોકો ભડક્યા હતા. કારણ કે જો મિસાઈલ માનવ વસ્તી ધરાવતા વિસ્તારમાં પડી હોત તો મોટું નુકસાન થવાની શક્યતા હતી. બલુચ નેતા મીર યાર બલોચે પાકિસ્તાનના આ પરીક્ષણની કઠોર શબ્દોમાં નિંદા કરી છે. ■

---

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| टंचाई | કઠણ |
| टपरी | ટીખળ |
| टणक | અચાનક |
| टपकन | પતરાનું ઝૂંપડું |
| टवाळी | અછત |

## ઓળખાણ પડી?



ભારત સરકારની સાહિત્ય અકાદમી દ્વારા એનાયત કરવામાં આવતા પ્રતિષ્ઠિત એવોર્ડ મેળવનારી પ્રથમ મહિલાની ઓળખાણ પડી?

અ) સરિતા જોશી બ) અમૃતા પ્રીતમ ક) અનુરાધા પૂજારી ડ) માલતી રાવ

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | રુ | ણો | ૨ દ | ય | | ૩ રુ | ખ | ૪ સ | ૫ દ |
| રુ | | | ર | | ૬ જા | પ | | ૭ દા | મ |
| ણા | | ૮ ચિ | બા | વ | લી | | ૯ મ | કા | ન |
| ૧૦ ચ | ૧૧ મ | ત્કા | ર | | | ૧૨ અ | કા | ળ | |
| ૧૩ લ | હે | ર | | ૧૪ વ | ૧૫ ગ | દા | ર | | ૧૬ અ |
| | ત | | ૧૭ ભા | ર | ત | | | ૧૮ ના | ભિ |
| ૧૯ પુ | ર | શ્ચ | ર | ણ | | ૨૦ અ | ૨૧ વા | વ | રુ |
| રુ | | | ણ | | ૨૨ વ | ગ | ડા | | ચિ |
| ૨૩ ષા | ડ | ૨૪ વ | | ૨૫ દા | રૂ | | ૨૬ બં | ૨૭ ધ | |
| ર્થ | | ૨૮ ચ | ણ | ભ | ણ | | ૨૯ ધી | ર | જ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | ૩ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | ૮ | | | | ૯ | |
| ૧૦ | | | ૧૧ | | | | | ૧૨ | |
| ૧૩ | | ૧૪ | | ૧૫ | | | ૧૬ | | |
| | | ૧૭ | | | | | ૧૮ | ૧૯ | |
| ૨૦ | | | | ૨૧ | ૨૨ | | ૨૩ | | |
| | | | ૨૪ | | | | | ૨૫ | ૨૬ |
| | ૨૭ | ૨૮ | | | | | ૨૯ | | |
| ૩૦ | | | | | | ૩૧ | | | |
| ૩૨ | | | | | ૩૩ | | | | |

**આડી ચાવી**

૧. વધુ પડતી ચરબી હોવાનો વિકાર (૪)
૩. મીઠી પેશાબનો રોગ (૫)
૭. પૈસો, નાણું, સોનું (૨)
૯. શ્વાસનો રોગ (૨)
૧૦. --- બન્યા હૈ તો હિંદી બોલના પડેગા (૨)
૧૧. શેહ, દાબ, પ્રભાવ (૨)
૧૨. બધાને --- બેંકમાં ખાતું ખોલાવવું હોય (૨)
૧૩. દૃશ્ય, સીનરી (૩)
૧૫. પંજાબની એક નદી (૨,૨)
૧૭. માથા વિનાનું શરીર (૩)
૧૮. ફેલાવો, પ્રવેશ (૩)
૨૦. હઠીલી, વાયુ ઉત્પન્ન કરે એવી (૩)
૨૧. હિસ્સો (૨)
૨૩. ટેક્ષ, હાથ (૨)
૨૪. સગવડ, સોઈ (૪)
૨૫. પગથિયાંવાળો કૂવો (૨)
૨૭. બળતરા, સળગતો કોલસો (૩)
૨૯. સહેલું (૩)
૩૦. આખરે, છેવટે (૫)
૩૧. પિતા (૨)
૩૨. મલાઈ (૨)
૩૩. ઊતરવું તે, એક ચિન્હ (૫)

**ઊભી ચાવી**

૧. મહેમાનગીરી કરનાર, યજમાન (૪)
૨. મોટાં બારણાં (૪)
૪. --- સ્વાસ્થ્ય માટે ઘાતક (૪)
૫. ચરબીવાળું, સ્થૂળ, જાડું (૩)
૬. સાથે મુસાફરી કરનાર (૫)
૮. ગુનાહિત લાગણી (૬)
૧૪. બધાને સંબંધોની --- કરવી છે. (૩)
૧૬. દીવો (૩)
૧૯. સેવા ચાકરી, બરદાસ્ત (૪)
૨૦. રસ્તો (૨)
૨૨. ખોટું (૩)
૨૪. સંગીતનો કક્કો (૪)
૨૬. અમુક વિચારનો આગ્રહ (૪)
૨૭. અંતઃકરણ (૩)
૨૮. ગાયક ગીત --- જ શોભે (૨)
૨૯. એકધારું, અહોર્નિશ (૩)
૩૦. પૂરું, સમાપ્ત (૨)
૩૧. ---માં શરીર ઘખે (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધ ઓળખી કાઢો. સ્ત્રીના જમાઈના સસરાની એકમાત્ર દીકરીના દાદાજીનો એકમાત્ર દીકરો સ્ત્રીને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો.

અ) કાકાજી બ) પતિ ક) જેઠ ડ) ભત્રીજો

## જાણવા જેવું

રણ એટલે જેમાં રેતી વધારે હોઇ ઝાડપાન અને વનસ્પતિનો જથ્થો થોડો હોય એવી સપાટ ભૂમિ. જેમકે, કચ્છનું રણ, સહરાનું રણ. સંશોધકોનું નિરીક્ષણ કહે છે કે આ રણનો વિસ્તાર એક લાખ ચોરસ માઇલ જેટલો છે અને એની આસપાસ બીજા એક લાખ ચોરસ માઈલ સુધી વેરાન સ્થિતિ પ્રવર્તે છે.

## સુડોકુ-૯૦૪૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૪ | ૫ | ૨ | | ૯ | ૮ | ૬ | |
| | | ૮ | | ૪ | | ૫ | | |
| | ૧ | | | | | | ૩ | |
| | | ૯ | ૧ | | ૭ | ૬ | | |
| | ૬ | | | | | | ૧ | |
| | | ૧ | ૫ | | ૮ | ૨ | | |
| | ૩ | | | | | | ૭ | |
| | | ૭ | | ૯ | | ૩ | | |
| | ૮ | ૨ | ૪ | | ૩ | ૯ | ૫ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૦૪૭

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૭ | ૪ | ૬ | ૫ | ૨ | ૯ | ૮ | ૩ |
| ૬ | ૯ | ૨ | ૩ | ૮ | ૪ | ૭ | ૧ | ૫ |
| ૩ | ૫ | ૮ | ૧ | ૭ | ૯ | ૬ | ૨ | ૪ |
| ૯ | ૩ | ૫ | ૪ | ૬ | ૧ | ૨ | ૭ | ૮ |
| ૮ | ૬ | ૭ | ૨ | ૯ | ૫ | ૩ | ૪ | ૧ |
| ૪ | ૨ | ૧ | ૮ | ૩ | ૭ | ૫ | ૯ | ૬ |
| ૫ | ૧ | ૩ | ૭ | ૨ | ૮ | ૪ | ૬ | ૯ |
| ૨ | ૪ | ૯ | ૫ | ૧ | ૬ | ૮ | ૩ | ૭ |
| ૭ | ૮ | ૬ | ૯ | ૪ | ૩ | ૧ | ૫ | ૨ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

આપેલી પંક્તિમાં દેવું શબ્દનો પર્યાયવાચી શબ્દ સંતાઈ બેઠો છે એ શોધી કાઢો. એક રજકણ સૂરજ થવાને શમણે ઉગમણે જઈ ઊડે, પલકમાં ઢળી પડે

## નોંધી રાખો

સમય આપનારી વ્યક્તિ સમયસર મળી જાય તો સારો સમય આવવામાં ઝાઝો સમય નથી લાગતો એ હકીકત છે.

## માઈન્ડ ગેમ

વિવિધ દેશના વિવિધ રાષ્ટ્રીય પક્ષી હોય છે. ક્યા દેશનું રાષ્ટ્રીય પક્ષી રેવેન છે જે બાહ્ય દેખાવમાં કાગડા જેવું દેખાય છે?

અ) કંબોડીયા બ) અલ્બેનિયા ક) ભૂતાન ડ) સોમાલિયા

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| उकडणे | ઉકળાટ |
| उकरणे | ખોદવું |
| उगळणे | થૂંકવું |
| उगाच | વિના કારણ |
| उचकी | હેડકી |

ગુજરાત મોરી મોરી રે: દોહિત્રી


ઓળખાણ પડી?: અન્નપૂર્ણા દેવી

માઈન્ડ ગેમ: ઓસ્ટ્રિયા

ચતુર આપો જવાબ, માથું ખંજવાળો: લાજ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) ભારતી બુચ (૩) ભારતી પ્રકાશ કટકિયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) સુભાષ મોમાયા (૬) નીતા દેસાઈ (૭) ખુશરૂ કાપડિયા (૮) શ્રદ્ધા આશર (૯) લજિતા ખોના (૧૦) પુષ્પા પટેલ (૧૧) નુતન વિપીન શાહ (૧૨) મીનળ કાપડિયા (૧૩) નિખિલ બંગાળી (૧૪) અમીશી બંગાળી (૧૫) હર્ષા મહેતા (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) મહેશ દોશી (૧૮) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૯) અંબરીષ ઓઝા (૨૦) કિશોર સંઘરાજકા (૨૧) તાહેર ઔરંગાબાદવાલા (૨૨) શીરીન ઔરંગાબાદવાલા (૨૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) અંજુ ટોલિયા (૨૭) અરવિંદ કામદાર (૨૮) અલકા વાણી (૨૯) જયવંત પદમશી ચિખલ (૩૦) દેવેન્દ્ર સંપટ (૩૧) ભાવના કર્વે (૩૨) વિણા સંપટ (૩૩) પુષ્પા ખોના (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) રમેશ દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ઈનાક્ષી દલાલ (૩૮) ડાયના સંતોકે (૩૯) પ્રવીણ વોરા (૪૦) શિલ્પા શ્રોફ (૪૧) નિતિન જયંતિલાલ બજરિયા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) નયના ગિરીશ મિસ્ત્રી (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) ગીતા ધીરેન્દ્ર (૪૬) પ્રતિમા પમાણી (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) રસીક જુથાણી - ટોરંટો - કેનેડા



(જયપ્રકાશ કેળકર)

## રાયગડમાં રેડ અને મુંબઈ, થાણે, પાલઘરમાં આજે ઑરેન્જ અલર્ટ

# મુંબઈમાં સતત ત્રીજા દિવસે ભારે વરસાદ, ટ્રાફિક જૅમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં સતત ત્રીજા દિવસે પણ મુશળધાર વરસાદ રહ્યો હતો. વહેલી સવારના મુંબઈ સહિત થાણે અને મુંબઈ મેટ્રોપોલિટન રિજનના વિસ્તારમાં ભારે વરસાદ રહ્યો હતો. અનેક નીચાણવાળા વિસ્તારમાં સવારના થોડા સમય માટે પાણી ભરાયા હતા. હવામાન વિભાગે આગામી દિવસોમાં મુંબઈમાં વરસાદ વધુ તીવ્ર થવાની શક્યતા વ્યક્ત કરી છે, જેમાં ગુરુવારના મુંબઈ, થાણે અને પાલઘર માટે ઓરેન્જ અલર્ટ અને રાયગઢ માટે રેડ અલર્ટની ચેતવણી આપવામાં આવી છે.

બુધવારના સવારના ભારે વરસાદને પગલે હવામાન વિભાગે ઓરેન્જ અલર્ટ આપ્યું હતું. સવારના સમયે ભારે વરસાદની સાથે જ સવારના ૧૧.૦૯ વાગ્યાથી દરિયામાં ભરતી હતી અને તે સમયે અમુક વિસ્તારમાં ભારે વરસાદના ઝાપટાં પડવાથી થોડા સમય માટે પાણી ભરાઈ ગયા હોવાની ફરિયાદ આવી હતી. બપોર બાદ જોકે વરસાદનું જોર થોડું (જુઓ પાનું ૪) ▶▶

# આજથી સળંગ ચાર દિવસ દરિયામાં મોટી ભરતી

## દરિયા કિનારે જવાનું ટાળવાની અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈમાં આજે ભારે વરસાદ પડવાની આગાહી વચ્ચે ગુરુવાર, ૨૪ જુલાઈ, ૨૦૨૫થી રવિવાર, ૨૭ જુલાઈ, ૨૦૨૫ સુધી દરિયામાં મોટી ભરતી છે. તેમાં પણ ૨૬ જુલાઈ શનિવારના દરિયામાં સૌથી મોટી ભરતી છે. આ દરમ્યાન દરિયામાં મોજા ૪.૬૭ મીટર ઊંચા ઉછળશે. તેથી ભરતી સમયે નાગરિકોને દરિયા કિનારે નહીં જવાની અપીલ પાલિકા પ્રશાસને કરી છે. ગુરુવાર, ૨૪ (જુઓ પાનું ૪) ▶▶

# તાનસા છલકાયું

## મુંબઈને ૩૧૮ દિવસ ચાલે એટલું પાણી જમા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકાને પાણી પુરવઠો કરનારા સાત જળાશયોમાંથી તાનસા તળાવ બુધવારે સાંજે છલકાઈ ગયું હતું. આ અગાઉ નવ જુલાઈના મિડલ વૈતરણા છલકાઈ ગયું હતું. એ સાથે જ મુંબઈને પાણી પુરવઠો કરનારા સાતેય જળાશયોમાં ૮૭ ટકા પાણીનો સ્ટોક જમા થઈ ગયો છે, જે મુંબઈને લગભગ ૩૧૮ (જુઓ પાનું ૪) ▶▶



# ભાંડુપમાં ભેખડ ધસી પડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ભારે વરસાદને પગલે ભાંડુપમાં મંગળવારે મોડી સાંજે રહેણાંક વિસ્તારમાં ભેખડ ધસી પડવાની દુર્ઘટના બની હતી. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું પણ બે ઘરને નુકસાન થયું હતું.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ભાંડુપ (પશ્ચિમ)માં ખીંડીપાડામાં ઓમેગા સ્કૂલ નજીક સાઈ નિકેતન હાઉસિંગ સોસાયટી (જુઓ પાનું ૪) ▶▶

# કૉંગ્રેસ દ્વારા ભાજપ સામે એલાન-એ-જંગ

## ઓબીસીના ગઢમાં ગાબડું પાડવાનું લક્ષ્ય: કૉંગ્રેસે ૪૦ ટકા ઓબીસી નેતાઓ સાથે પેનલનો પ્રસ્તાવ મૂક્યો: તેમાં લગભગ ૧૫ ટકા મહિલા પ્રતિનિધિત્વ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રમાં આગામી દિવસોમાં મીની વિધાનસભાની ચૂંટણીઓ પ્રસ્તાવિત છે ત્યારે ભાજપના સૌથી મોટા ટેકેદાર વર્ગ ઓબીસીના મતોમાં ગાબડું પાડવાના હેતુથી મહારાષ્ટ્ર કૉંગ્રેસની જમ્બો કેબિનેટમાં ૪૦ ટકા ઓબીસી નેતાઓ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું આધારભૂત સાધનો પાસેથી જાણવા મળ્યું છે.

મહારાષ્ટ્ર કૉંગ્રેસે લગભગ ૨૮૦ સભ્યોની નવી જમ્બો રાજ્ય કારોબારી સમિતિનો પ્રસ્તાવ તૈયાર કર્યો છે, જેમાં ૪૦ ટકા અન્ય પછાત વર્ગો (ઓબીસી) નેતાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે એવું સૂત્રોએ જણાવ્યું હતું.

આ પગલાને પાર્ટી દ્વારા ઓબીસી મતદારોને આકર્ષવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે કારણ કે રાજ્યમાં જિલ્લા પરિષદો અને મહાનગરપાલિકાની ચૂંટણીઓ આ વર્ષના અંતમાં યોજાવાની અપેક્ષા છે. આ ચૂંટણીઓમાં રાજ્યમાં કુલ ૧૪ હજારથી વધુ જન પ્રતિનિધિઓ ચૂંટાવાના છે. એથી જ આને મીની વિધાનસભા ગણવામાં આવતી હોય છે. આમેય રાજ્યના અનેક જિલ્લામાં કૉંગ્રેસ એકલેપંડે ચૂંટણી લડવાનો વિચાર કરી રહી છે.

પ્રદેશ કૉંગ્રેસના સૂત્રોએ એવી માહિતી આપી હતી કે, તાજેતરમાં નિયુક્ત થયેલા મહારાષ્ટ્ર એકમના વડા હર્ષવર્ધન સપકાળના નેતૃત્વ હેઠળની નવી રાજ્ય કારોબારી સમિતિમાં લગભગ ૨૮૦ નેતાઓ હશે.

આમાં લગભગ ૧૧૦-૧૧૫ મહાસચિવ, ૧૦૫-૧૦૮ સચિવ, પાંચ વરિષ્ઠ (જુઓ પાનું ૪) ▶▶

# કોસ્ટલ રોડ પર પાર્કિંગ બનાવવા પ્રકરણે તપાસનો આદેશ

## સીઆરઝેડ નિયમોનું ઉલ્લંઘન થતું હોવાનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય દ્વારા મુંબઈ કોસ્ટલ રોડ પર પાર્કિંગની જગ્યા નિર્માણ કરવા બાબતે કરવામાં આવેલી ફરિયાદનો તપાસ કરવાનો આદેશ મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી (એમસીઝેડએમએ)ને આપવામાં આવ્યો છે.

બિનસામાજિક સંસ્થા દ્વારા કોસ્ટલ રોડ પર વરલી અને હાજી અલી તથા બ્રીચ કેન્ડી પર પાર્કિંગની સુવિધા ઉપલબ્ધ કરાવવા બાબતે વાંધો ઉઠાવવામાં આવ્યો છે. આ સ્થળો કોસ્ટલ રેગ્યુલેશન ઝોન હેઠળ આવે છે, જે પર્યાવરણીય નિયમના પાલન કરવા બાબતે ચિંતા ઊભી કરનારી હોવાનો દાવો આ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે.

કોસ્ટલ રોડ પર ટાટા ગાર્ડનની દક્ષિણ તરફ ભુલાભાઈ દેસાઈ રોડ પર ૨૫૦ વાહનોની ક્ષમતા સાથે અંડરગ્રાઉન્ડ પાર્કિંગ બનાવવામાં આવી રહ્યો છે. તો હાજી અલીમાં લોટસ જેટી પાસે ૧,૨૦૦ વાહનો અને બિંદુ માધવ ઠાકરે ચોકની નજીક વરલી ડેરી અને વરલી સી ફેસ પાસે ૨૦૦ વાહનો સાથેનું પાર્કિંગ બનાવવામાં આવી રહ્યું છે.

બિનસામાજિક સંસ્થાના દાવા મુજબ પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય અને મહારાષ્ટ્ર કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરિટી (એમસીઝેડએમએ) દ્વારા આપવામાં આવેલી પર્યાવરણીય મંજૂરીની (જુઓ પાનું ૪) ▶▶

# વર્સોવા-ભાયંદર લિંક રોડ માટે સરકારી-ખાનગી જમીનનું સંપાદન શરૂ

## ગોરેગામના નોન-સીઆરઝેડમાં કામ ચાલુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વર્સોવા-દહિંસર-ભાયંદર લિંક રોડ પ્રોજેક્ટ માટે આવશ્યક પરવાનગી અને નો-ઑબ્જેકશન સર્ટિફિકેટ મેળવવાની તૈયારી મુંબઈ મહાનગરપાલિકા કરી રહી છે, એ સાથે જ પ્રોજેક્ટ માટે સરકારી અને ખાનગી જમીનનું સંપાદન ઝડપી કરવાનો નિર્દેશ પણ પાલિકા પ્રશાસને સંબંધિત અધિકારીઓને આપ્યો છે. આ દરમ્યાન કોસ્ટલ ઝોનના નિયમ હેઠળ નહીં આવતી બહારની જમીન પર બહુ જલદી કામ ચાલુ કરવામાં આવવાનું છે.

વર્સોવા-ભાયંદર (મુંબઈ કોસ્ટલ રોડ-ઉત્તર)નું અલગ અલગ તબક્કામાં કામ કરવામાં આવવાનું છે, જેમાં પૅકેજ 'એ', 'બી' અને 'સી', 'ડી' અને 'ઈ' અંતર્ગત કામ કરવામાં આવવાનું છે. પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિતિ બાંગરે જણાવ્યું હતું કે તાજેતરમાં જ વર્સોવા-ભાયંદર લિંક રોડ પ્રોજેક્ટમાં મેનગ્રોવ્ઝ ડાઈવર્ઝન પ્રપોઝલને કેન્દ્ર સરકારના પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રાલય તરફથી પહેલા તબક્કાની સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. કોસ્ટલ રેગ્યુલેશન ઝોન મંજૂરી તેમ જ વન હસ્તાંતરણ પ્રસ્તાવને મંજૂરી મળી ગઈ છે અને હવે (જુઓ પાનું ૪) ▶▶

# પીઓપીની મૂર્તિઓ દરિયામાં વિસર્જન કરતી વખતે જરૂરી સાવચેતી રખાશે

## રાજ્ય સરકારની ખાતરી બાદ હવે હાઈ કોર્ટના નિર્ણયની રાહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ઘરની મૂર્તિઓ કૃત્રિમ તળાવ અને સાર્વજનિક ગણેશોત્સવ મંડળોની પ્લાસ્ટર ઓફ પેરિસની મોટી મૂર્તિઓને પરંપરાગત રીતે દરિયામાં વિસર્જન કરવામાં આવશે અને પર્યાવરણની તમામ બાબતોને ધ્યાનમાં રાખીને આવશ્યક ઉપાયયોજના અમલમાં મૂકવામાં આવશે એવી એફિડેવિડ બુધવારે રાજ્ય સરકારે મુંબઈ હાઈ કોર્ટમાં રજૂ કરી હતી. તેથી હવે મોટી ગણેશમૂર્તિઓના દરિયામાં વિસર્જન કરવાને લઈને સાર્વજનિક મંડળોમાં મૂંઝવણ હતી તે દૂર થવાની શક્યતા છે. જોકે રાજ્ય સરકારની એફિડેવિડ બાદ હાઈ કોર્ટના નિર્ણય પર સાર્વજનિક મંડળોની નજર છે.

પ્લાસ્ટર ઓફ પૅરિસ પરના પ્રતિબંધને કારણે મૂર્તિકારોની રોજગારી છીનવાઈ જશે અને એક મોટો ઉદ્યોગ આર્થિક રીતે અડચણમાં આવી જશે એવું કારણ રાજ્ય સરકાર દ્વારા આગળ કરવામાં આવ્યું હતું. એ બાબતે રાજીવ ગાંધી સાયન્સ ટેક્નોલોજી કમિશને પીઓપીને કારણે પર્યાવરણ અને દરિયાઈ સૃષ્ટિને થનારા નુકસાનને લઈને અભ્યાસ કર્યો હતો અને ત્યારબાદ તેમણે અમુક સૂચના અને ભલામણ રાજ્ય સરકારને કરી હતી. બાદમાં આ અહેવાલ કેન્દ્રીય પર્યાવરણ વિભાગે કોર્ટમાં સબમીટ કર્યો હતો અને ત્યારબાદ કોર્ટે પીઓપી વાપરવા પર મૂકેલા પ્રતિબંધને હટાવ્યો હતો અને મોટી ગણેશમૂર્તિના વિસર્જન કયાં કરવા તે બાબતે રાજ્ય સરકારને એફિડેવિડ રજૂ કરવા માટે કહ્યું હતું.

સરકારે પીઓપીની મૂર્તિના વિસર્જનને લગતો અભ્યાસ કર્યા બાદ હાઈ કોર્ટમાં અહેવાલ સબમીટ કર્યો હતો અને હવે હાઈ કોર્ટ તે બાબતે આગામી દિવસમાં આદેશ આપશે. આ દરમ્યાન મુંબઈમાં ગણેશમૂર્તિના દરિયામાં વિસર્જન બાબતે પરંપરાનું સન્માન રાખીને વિસર્જન થશે એવી ભૂમિકા સરકારે રાખી છે. ■

## સુશાંત સિંહ જેવી મારી હાલત કરવાનો પ્રયાસ

# તનુશ્રી દત્તાએ ફરી નાના પાટેકર સામે કર્યો સતામણીનો આરોપ

મુંબઈ: બોલીવૂડની અભિનેત્રી તનુશ્રી દત્તાએ થોડા વર્ષો અગાઉ 'મી ટૂ મૂવમેન્ટ' શરૂ કરી હતી અને જાણીતા અભિનેતા નાના પાટેકર સામે ગેરવર્તણૂકનો આક્ષેપ કર્યો હતો. તેનાં આક્ષેપો બાદ બોલીવૂડમાં ઘણી અભિનેત્રી અને અન્ય મહિલાઓએ છેડછાડ અને જાતીય સતામણીની ફરિયાદ કરી હતી. જોકે સમય જતા આ મુવમેન્ટ ધીમી પડી હતી ત્યારે હવે ફરી તનુશ્રી દત્તાનો એક વીડિયો વાયરલ થયો છે.

તનુશ્રીએ રડતા રડતા વીડિયો શૂટ કર્યો છે અને આક્ષેપ કર્યો છે કે તેને તેનાં ઘરમાં જ હેરાન કરવામાં આવી રહી છે. તે સતત પરેશાન થઈ રહી છે અને આ માટે તેણે નાના પાટેકર અને બોલીવૂડ માફિયાને જવાબદાર ઠેરવ્યા છે. વીડિયો વાયરલ થયા બાદ તેણે મીડિયા સાથે વાત કરી છે અને વધારે ગંભીર આક્ષેપો કરતા જણાવ્યું છે કે બોલીવૂડમાં માફીયા ગેંગ ચાલે છે. જે રીતે તેમણે સુશાંતસિંહ રાજપૂતને હેરાન કર્યો અને ત્યારબાદ તેણે આત્મહત્યા કરી તેમ તેને પણ હેરાન કરવામાં આવી રહી છે. તેણે દાવો કર્યો છે કે જો મને કંઈ થાય તો તેની માટે જવાબદાર નાના પાટેકર રહેશે. તેણે આ મામલે પોલીસ પણ ઘરે બોલાવી હતી અને એકાદ બે દિવસમાં તે (જુઓ પાનું ૪) ▶▶

## હની ટ્રેપ કેસમાં વિજય વડેટ્ટીવારનો ગંભીર આરોપ

# 'પ્રફુલ લોઢાએ વીડિયો બનાવીને ૨૦૦ કરોડ ભેગા કર્યા'

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: રાજ્યમાં હની ટ્રેપનું પ્રકરણ છેલ્લા કેટલાક દિવસથી ભારે ચર્ચામાં છે ત્યારે આ કેસ સંદર્ભે રાજ્ય વિધાનસભામાં કૉંગ્રેસના જૂથ નેતા વિજય વડેટ્ટીવારે એવા ગંભીર આરોપ કર્યા હતા કે આ કેસમાં પ્રફુલ લોઢાના નામની ચર્ચા થઈ રહી છે. આ કેસમાં ઘણા લોકો સંડોવાયેલા છે અને તેમની સામે કાર્યવાહી થવી જોઈએ, ભલે તેઓ કોઈપણ પક્ષ સાથે સંકળાયેલા હોય. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે લોઢાએ લોકોના વિડીયો બનાવીને ૨૦૦ કરોડ રૂપિયા ભેગા કર્યા છે.

હની ટ્રેપનું ખૂબ મોટું રેકેટ છે. તેમાં ઘણી બધી મોટી માછલીઓ સંડોવાયેલી છે. લગભગ ૫૦ જેટલા પ્રધાનો અને અધિકારીઓ તેમાં સંડોવાયેલા છે. રાજકારણમાં ઘણા સિનિયર અધિકારીઓ, પ્રધાનો અને ભૂતપૂર્વ પ્રધાનો હની ટ્રેપમાં સંડોવાયેલા છે. આ બધા માટે જેમનું નામ સામે આવ્યું છે તે લોઢા છે, જેણે ઘણા લોકો પાસેથી પૈસા લીધા છે. તેમણે ઓછામાં ઓછા ૨૦૦ કરોડ ભેગા કર્યા છે, એવો આરોપ વિજય વડેટ્ટીવારે લગાવ્યો હતો.

તેમણે એમ પણ કહ્યું હતું કે 'હું કહીશ નહીં કે તે કોનો કાર્યકર છે. પરંતુ આ બધી બાબત ટૂંક સમયમાં (જુઓ પાનું ૪) ▶▶

# ભાષાકીય નફરત મહારાષ્ટ્ર માટે નુકસાનકારક: રાજ્યપાલ

## રાજ્યમાં આવતા રોકાણ પર આડઅસર થતા વિકાસ રુંધાશે

મુંબઈ: મહારાષ્ટ્રના રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણને ભાષાકીય નફરત ફેલાવવાથી દૂર રહેવાની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું હતું કે તેનાથી રાજ્યને નુકસાન થશે તથા ઉદ્યોગ અને રોકાણને પણ અસર થશે.

રાજ્યની શાળાઓમાં ધોરણ એકથી પાંચ માટે હિન્દી ત્રીજી ભાષા તરીકે દાખલ કરવાના મહાયુતિ સરકારના પગલાના વિવાદ વચ્ચે રાજ્યપાલની આ ટિપ્પણી આવી છે. આ પગલા સામે વિરોધ પક્ષોના આકરા વાંધાને પગલે રાજ્ય પ્રધાન મંડળે ગયા મહિને ત્રણ (જુઓ પાનું ૪) ▶▶

# વડાલાથી ગેટવે મેટ્રો-૧૧ માટે ૮૦૧ પરિવાર થશે પ્રભાવિત

## ૨૦૦ વર્ષ જૂના દેરાસરો સહિત ચાર ધર્મસ્થળોને પણ અસર થશે

મુંબઈ: વડાલાથી ગેટવે ઓફ ઈન્ડિયા મેટ્રો-૧૧ લાઇનના બાંધકામ માટે ૮૦૧ પરિવારોને અસર થશે અને કુલ ૭૯૬ બાંધકામો તોડી પાડવા પડશે. આ ચાર ધાર્મિક સ્થળોને પણ અસર થશે. મુંબઈ મેટ્રો રેલ કોર્પોરેશન (એમએમઆરસી) દ્વારા હાથ ધરવામાં આવેલા સામાજિક અસર મૂલ્યાંકન અહેવાલમાંથી આ વાત સામે આવી છે. કાસારવડવલીથી વડાલા મેટ્રો-૪ લાઇનના દક્ષિણ મુંબઈ સુધીના વિસ્તરણ માટે મેટ્રો-૧૧ લાઇન મહત્વપૂર્ણ છે. આ મેટ્રો લાઇનની લંબાઈ ૧૭.૫૧ કિમી છે. તેના પર કુલ ૧૧ સ્ટેશન હશે. એમએમઆરસીએ આ મેટ્રો માટેનો પ્રસ્તાવ રાજ્ય સરકારને મંજૂરી માટે મોકલી દીધો છે. હવે એમએમઆરસીએ નાગરિકોના સૂચનો અને વાંધાઓ માટે (જુઓ પાનું ૪) ▶▶

# વાશિમમાં ટ્રક અને બસ વચ્ચે ટક્કર: બેનાં મોત, ૨૬ લોકો ઘાયલ

વાશિમ: વાશિમ જિલ્લામાં બુધવારે સવારે ટ્રક અને ખાનગી બસ વચ્ચે થયેલી ટક્કરમાં બે જણનાં મોત થયાં હતાં, જ્યારે ૨૬ લોકો ઘવાયા હતા.નાગપુરથી ટ્રક છત્રપતિ સંભાજીનગર જઇ રહી હતી, જ્યારે બસ પુણેથી જિલ્લાના પેડગાવ ગામ નજીક કરંજા તરફ જઇ રહી હતી ત્યારે સવારે સાત વાગ્યે આ અકસ્માત થયો હતો. ટ્રકનું એક ટાયર ફાટતાં ડ્રાઇવરે સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો અને સામેથી આવી રહેલી બસ સાથે તે ટકરાઇ હતી.

અકસ્માતમાં બંને વાહનના ડ્રાઇવરનાં મોત થયાં હતાં, જ્યારે ૨૬ લોકો ઘાયલ થયા હતા, જેમાંથી છ જણને ગંભીર ઇજા પહોંચી હતી. ઘાયલોને સારવાર માટે અકોલા, વાશિમ અને શેલુબજાર ખાતે આવેલી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, એમ મંગરુલપિર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

અંક પ્રગટ થઈ ચૂક્યો છે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ
વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર કિંમત: ₹ ૧૦૦/-
પ્રારંભ ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૨
પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭

માહિતી માટે સંપર્ક કરો
મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોન: (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષ: (૦૨૨) ૨૨૬૯૧૨૩૬
ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

## માણિક કોકાટેના રમી કેસ બાદ

# પુણેની ગ્રામ પંચાયતે હવે કસિનો ક્લબ ખોલવાની પરવાનગી માગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભામાં રાજ્યના કૃષિ પ્રધાન ખેડૂતોની ચર્ચા વખતે રમી રમી રહ્યા હોવાનો વિડીયો વાઈરલ થયા બાદ રાજ્ય સરકાર ટીકાનો ભોગ બની રહી છે, ત્યારે રાજ્યની એક ગ્રામ પંચાયતે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પાસે ગામમાં જ કેસિનો ક્લબ ખોલવાની પરવાનગી માગતાં સનસનાટી ફેલાઈ ગઈ છે.

જ્યારથી વિધાનસભ્ય રોહિત પવારે વિધાનસભામાં કૃષિ પ્રધાન કોકાટે મોબાઇલ ફોન પર રમી રમતા હોવાની વીડિયો ક્લિપ પ્રસારિત કરી છે, ત્યારથી કોકાટે વિપક્ષ અને ખેડૂત સંગઠનો તરફથી ટીકાનો સામનો કરી રહ્યા છે.

રાજ્યના કૃષિ પ્રધાન માણિક કોકાટેનો કથિત (જુઓ પાનું ૪) ▶▶

# લગ્નનો પ્રસ્તાવ ઠુકરાવનારી મહિલાના પતિની હત્યા કરનારા યુવકની ધરપકડ

થાણે: લગ્નનો પ્રસ્તાવ ઠુકરાવનારી મહિલાના પતિની હત્યા કરવા બદલ પોલીસે નવી મુંબઈના વાશી ખાતેથી ૨૧ વર્ષના યુવકની ધરપકડ કરી હતી. આરોપીની ઓળખ અમિનુરઅલી અહેમઅલી મોલ્લા તરીકે થઇ હોઇ તેની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૩ (૧) હત્યા અને ૨૩૮ (પુરાવા નષ્ટ કરવા) હેઠળ ગુનો દાખલ કરાયો હતો, એમ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસે ગુનો દાખલ કર્યા બાદ આરોપીને પકડી પાડ્યો હતો અને મૃતદેહ પણ શોધી કાઢ્યો હતો. મૃતદેહને બાદમાં પોસ્ટમોર્ટમ માટે સરકારી હોસ્પિટલમાં મોકલાયો હતો. (પીટીઆઇ)■

# ટીમ ઈન્ડિયાનો પહેલા દિવસે સંઘર્ષઃ સ્કોર ૪/૨૬૪

મૅન્ચેસ્ટરઃ ભારતે અહીં ઇંગ્લૅન્ડ સામેની ચોથી ટેસ્ટમાં પ્રથમ દિવસે બૅટિંગ મળ્યા બાદ પહેલા દિવસની રમતના અંત સુધીમાં ચાર વિકેટે ૨૬૪ રન કર્યા હતા. જાડેજા અને શાર્દુલ ૧૯-૧૯ રને નોટઆઉટ હતા.

કરુણ નાયરના સ્થાને ફરી રમવાનો મોકો મેળવનાર સાઇ સુદર્શને એક છેડો સાચવી રાખીને ૧૫૧ બૉલમાં સાત ફોરની મદદથી ૬૧ રન કર્યા હતા અને રમતની અંતિમ પળોમાં બેન સ્ટૉક્સના બૉલમાં કૅચઆઉટ થયો હતો.


રિષભ પંતને સર્જરીવાળા જમણા પગમાં ઈજા થઈ હતી. તેને ગૉલ્ફ કાર્ટમાં બેસાડીને લઈ જવામાં આવ્યો હતો.

એ પહેલાં, ભારતનો સ્કોર ત્રણ વિકેટે ૨૧૨ રન હતો ત્યારે રિષભ પંતને સર્જરીવાળા જમણા પગમાં ઈજા થઈ હતી જેને લીધે તે પોતાના ૩૭ રનના સ્કોર પર રિટાયર હર્ટ થયો હતો. તેણે એ ૩૭ રન ૪૮ બૉલમાં એક સિક્સર અને બે ફોરની મદદથી કર્યા હતા. તે ફાસ્ટ બોલર ક્રિસ વૉક્સના યૉર્કરમાં રિવર્સ સ્વીપ શૉટ મારવા ગયો ત્યારે બૉલ તેને જમણા પગ પર વાગ્યો હતો. તેણે ત્રણ વર્ષ પહેલાં થયેલા કાર અકસ્માત બાદ જમણા પગના ઘૂંટણમાં સર્જરી કરાવી હતી અને હવે એ જ પગ પર તેને બૉલ જોરદાર વાગ્યો છે. તેને પગમાંથી લોહી નીકળ્યું હતું. તેને હળવી સારવાર અપાયા બાદ ઍમ્બ્યુલન્સ તરીકે જાણીતી ગૉલ્ફ કાર્ટમાં બેસાડીને મેદાનની બહાર લઈ જવામાં આવ્યો હતો. પંત ડાબા હાથની આંગળીમાં થયેલી ઈજા છતાં આ મૅચમાં રમ્યો છે.

દરમ્યાન, પેસ બોલર અંશુલ કંબોજ ભારતનો ૩૧૮મો ટેસ્ટ ખેલાડી બન્યો છે. તેને ઈજાગ્રસ્ત આકાશ દીપના સ્થાને તેમ જ શાર્દુલ ઠાકુરને ઈજાગ્રસ્ત નીતીશ રેડ્ડીના સ્થાને અને સાઇ સુદર્શનને કરુણ નાયરના સ્થાને ટીમમાં સમાવવામાં આવ્યા છે.

ઇંગ્લૅન્ડ સામેની સિરીઝમાં ૧-૨થી પાછળ રહ્યા બાદ મૅન્ચેસ્ટરમાં ભારતીય ઓપનર્સ યશસ્વી જયસ્વાલ અને કે. એલ. રાહુલે બૅટિંગ મળ્યા બાદ સાવચેતીભરી શરૂઆત કરી હતી. લંચના બ્રેક સુધીમાં ભારતના વિના વિકેટે ૭૮ રન કર્યા હતા. કે. એલ. રાહુલે ૯૮ બૉલમાં ૪૬ રન કર્યા હતા અને ચાર રન માટે ૧૯મી હાફ સેન્ચુરી ચૂકી ગયો હતો. પેસ બોલર ક્રિસ વૉક્સે તેની બહુમૂલ્ય વિકેટ લીધી હતી. રાહુલે યશસ્વી સાથે ૯૪ રનની ભાગીદારી કરી હતી. યશસ્વી જયસ્વાલ કરીઅરની ૧૨મી હાફ સેન્ચુરી ફટકારવામાં સફળ થયો હતો. તે ઑલ્ડ ટ્રેફર્ડમાં હાફ સેન્ચુરી ફટકારનાર છેલ્લા ૫૦ વર્ષનો પ્રથમ ભારતીય ઓપનર બન્યો હતો. તે પોતાના ૧૦૭મા બૉલમાં ૫૮ રનના પોતાના સ્કોર પર વિકેટ ગુમાવી બેઠો હતો. આઠ વર્ષે ટેસ્ટમાં કમબૅક કરનાર લેફ્ટ-હૅન્ડ સ્પિનર લિઆમ ડૉસનના બૉલમાં યશસ્વી ફર્સ્ટ સ્લિપમાં બ્રૂકના હાથમાં કૅચઆઉટ થયો હતો. શુભમન ગિલ મેદાન પર આવ્યો ત્યારે અને તેણે પ્રથમ બૉલ રમવા માટે સ્ટાન્સ લીધું ત્યારે પ્રેક્ષકોના એક વર્ગમાંથી તેનો હુરિયો બોલાવાયો હતો. લૉર્ડ્સની ટેસ્ટમાં ગિલે બ્રિટિશ ઓપનરોની હરકતો સામે વિરોધ નોંધાવ્યો હતો.

કૅપ્ટન શુભમન ગિલ (૧૨) સસ્તામાં આઉટ થઈ ગયો હતો. તેને હરીફ સુકાની બેન સ્ટૉક્સે એલબીડબ્લ્યૂ કર્યો હતો. તેની વિકેટ વખતે ભારતનો સ્કોર ૩/૧૪૦ હતો અને સાઇ સુદર્શન (૨૪ રન) સાથે રિષભ પંત જોડાયો હતો. ■

# યશસ્વીના બૅટનું હૅન્ડલ તૂટ્યું, કરુણ નાયર ચાર બૅટ લઈ આવ્યો!


મૅન્ચેસ્ટરઃ બુધવારે બપોરે ઓપનર યશસ્વી જયસ્વાલે ઇંગ્લૅન્ડ સામેની ચોથી ટેસ્ટના પ્રથમ દિવસે પહેલા દાવમાં ટેસ્ટ કરીઅરની બારમી હાફ સેન્ચુરી (૫૮ રન) ફટકાર્યા પછી વિકેટ ગુમાવી એ પહેલાં તેને એક શૉકિંગ અનુભવ થયો હતો. તે ક્રિસ વૉક્સના વધુ પડતા ઊછળેલા બૉલમાં બૅકફૂટ પર જઈને ડિફેન્સિવ રમવા ગયો ત્યારે તેના બૅટનું હૅન્ડલ તૂટી ગયું હતું. ૧૦૭ બૉલમાં એક સિક્સર અને દસ ફોરની મદદથી ૫૮ રન કરનાર યશસ્વીએ બૅટનું હૅન્ડલ તૂટતાં નવું મગાવ્યું હતું. વનડાઉન બૅટ્સમૅન કરુણ નાયરને આ ટેસ્ટમાંથી પડતો મૂકવામાં આવ્યો છે. તે યશસ્વી માટે ચાર બૅટ લઈને આવ્યો હતો અને એમાંથી એક પસંદ કરવાનું તેને કહ્યું હતું.



# બીસીસીઆઇ હવે આરટીઆઇ હેઠળ, માન્યતા માટે અરજી કરવી પડશેઃ 'ઇન્ડિયા' નામ માટે એનઓસી લેવું પડશે

▶ કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય ખેલકૂદ વહીવટ ખરડો સંસદમાં રજૂ કર્યોઃ પાકિસ્તાન સામે દ્વિપક્ષી ખેલકૂદ સ્પર્ધાઓ કોઈ કાળે નહીં રમાય

નવી દિલ્હીઃ ઘણાં વર્ષોથી જેની રાહ જોવાઈ રહી હતી એ નૅશનલ સ્પોર્ટ્સ ગવર્નન્સ બિલ-૨૦૨૫ બુધવારે લોકસભામાં કેન્દ્ર સરકાર દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો જે પસાર થતાં એને આધારે કાયદો બનશે અને બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) પણ ૨૦૦૫ની સાલના રાઇટ ટુ ઇન્ફર્મેશન (આરટીઆઇ)ના નિયમ હેઠળ આવી જશે. બીજું, ક્રિકેટ જગતના આ સૌથી શ્રીમંત બૉર્ડે માન્યતા માટે અરજી કરવી પડશે.


લોકસભામાં ખરડો રજૂ કરતી વખતે સ્પોર્ટ્સ મિનિસ્ટર મનસુખ માંડવિયા.

આ ખરડા (રાષ્ટ્રીય ખેલકૂદ વહીવટ)ના નિયમો માત્ર બીસીસીઆઇને નહીં, તમામ રમતો સાથે સંકળાયેલાં ફેડરેશનોને લાગુ પડશે. ક્રિકેટની રમત હવે ઑલિમ્પિક સ્પોર્ટ બની ગઈ છે, કારણકે ૧૯૦૦ની સાલ બાદ (૧૨૮ વર્ષે) હવે ૨૦૨૮ની ઑલિમ્પિક ગેમ્સનો હિસ્સો થઈ ગઈ છે એ જોતાં બીસીસીઆઇએ હવે પોતાને નૅશનલ સ્પોર્ટ્સ બોર્ડ (એનએસબી)માં પોતાને રજિસ્ટર કરાવવું પડશે. આ ફેરફાર જોતાં બીસીસીઆઇ અને ખેલકૂદ મંત્રાલય વચ્ચે ચર્ચા પર ચર્ચા થવાની પાકી સંભાવના છે. ક્રિકેટ બોર્ડ પોતાનો કારભાર ચલાવવા સરકારી ભંડોળ પર નિર્ભર ન હોવાથી વર્ષોથી એણે (ક્રિકેટ બૉર્ડે) કોઈ કાયદા તેમ જ નિયંત્રણો હેઠળ આવવા સામે ઘણા સમયથી વિરોધ વ્યક્ત કર્યો છે, પરંતુ અનેક નિયમો ધરાવતા નવા ખરડા આધારિત ફેરફારો ચર્ચાનો વિષય બની જશે.

નવા ખરડા મુજબ બીસીસીઆઇ સહિતની જે પણ ખેલકૂદ સંસ્થા 'ઇન્ડિયા', 'ઇન્ડિયન' કે 'નૅશનલ' નામનો તેમ જ બીજા કોઈ પણ રાષ્ટ્રીય પ્રતીકનો ઉપયોગ કરવા માગશે એણે કેન્દ્ર સરકાર પાસેથી નો ઑબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) મેળવવું પડશે.

### પાકિસ્તાનને નજરસમક્ષ રાખીને કડક નિયમ

કેન્દ્ર સરકાર દેશના હિતને લક્ષમાં રાખીને અમુક અસાધારણ સંજોગોમાં આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં ભારતીયોના ભાગ લેવા સંબંધમાં વ્યાજબી નિયંત્રણો લાગુ કરી શકશે. બીજી રીતે કહીએ તો નરેન્દ્ર મોદીની કેન્દ્ર સરકાર ખાસ કરીને દુશ્મન દેશ પાકિસ્તાનને નજર સમક્ષ રાખીને આ કડક નિયમ લાવવા માગે છે. મોટા ભાગે પાકિસ્તાનની ટીમ જ્યાં ભાગ લેવાની હોય એ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં જ ભારતીય ટીમને ભાગ લેવા દેવો કે નહીં એ મુદ્દો સામે આવતો હોય છે. ભારત સરકારની ઘણાં વર્ષોથી સ્પષ્ટ નીતિ રહી છે કે બહુરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં (જેમાં પાકિસ્તાનની હાજરી હોય તો પણ) ભારતીય ટીમના એમાં ભાગ લેવા પર કોઈ નિયંત્રણ નથી, પણ પાકિસ્તાન સાથે દ્વિપક્ષી ખેલકૂદ સ્પર્ધાનો સવાલ જ ઉપસ્થિત નથી થતો. ભારત સરકારનું આ વલણ ૨૦૦૮ની સાલથી લાગુ છે, કારણકે ત્યારે પાકિસ્તાને મુંબઈમાં આતંકવાદી હુમલો કરાવ્યો હતો જેમાં ૧૫૦થી વધુ લોકોના જીવ ગયા હતા. ત્યારથી પાકિસ્તાની ખેલાડીઓને આઇપીએલમાં પણ નથી રમવા મળતું.

### પરવાનગી કે સસ્પેન્શનની સરકારને સત્તા

સરકાર સૂચિત ખરડામાં પોતાની મરજી મુજબ કોઈ પણ સુધારા-વધારા કરી શકશે. દેશના ખેલકૂદ સંબંધિત વહીવટમાં મોટા પાયે ફેરફાર કરવા તેમ જ વહીવટનું ધોરણ સુધારવા સરકારે લોકસભામાં આ સીમાચિહ્નરૂપ ખરડો રજૂ કર્યો છે.

ક્રિકેટ સહિતના નૅશનલ સ્પોર્ટ્સ ફેડરેશન (એનએસએફ)ને પરવાનગી આપવાની કે સસ્પેન્ડ કરવાની સંપૂર્ણ સત્તા નૅશનલ સ્પોર્ટ્સ બોર્ડ (એનએસબી)ના હાથમાં રહેશે. એનએસબીના મોવડીઓમાં ચૅરપર્સન તેમ જ કેન્દ્ર સરકાર દ્વારા નિયુક્ત સભ્યોનો સમાવેશ હશે. ફેડરેશનના અન્ય મેમ્બર્સમાં સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયાના ડિરેક્ટર જનરલ, કોઈ રાષ્ટ્રીય ખેલકૂદ સંસ્થાના પ્રમુખ, મહામંત્રી કે ખજાનચીના હોદ્દે રહી ચૂકેલા બે ખેલકૂદ વહીવટકાર તેમ જ દ્રોણાચાર્ય કે ખેલરત્ન કે અર્જુન અવૉર્ડ જીતી ચૂક્યા હોય એવા એક ખ્યાતનામ સ્પોર્ટ્સપર્સનનો સમાવેશ કરવામાં આવશે.

નિર્ધારિત સમયમાં જે સંસ્થા પોતાની કારોબારી સમિતિની ચૂંટણી રાખવામાં નિષ્ફળ જશે કે એ સંસ્થાની ચૂંટણીની પ્રક્રિયામાં ગેરરીતિઓ થઈ હશે તો નૅશનલ બોર્ડ એ સંસ્થાની માન્યતા પાછી ખેંચી શકશે. આ સંસ્થાઓએ પોતાના ઑડિટ થયેલા વાર્ષિક અકાઉન્ટ પણ જાહેર કરવા પડશે. માત્ર માન્યતાપ્રાપ્ત ખેલકૂદ સંસ્થાને જ કેન્દ્ર સરકાર તરફથી ગ્રાન્ટ કે અન્ય નાણાકીય સહાયતા મળી શકશે.

### વધુમાં વધુ ત્રણ મુદતની છૂટ

રાષ્ટ્રીય ખેલકૂદ વહીવટ ખરડા મુજબ દરેક ખેલકૂદ સંસ્થાના પ્રમુખ, મહામંત્રી અને ખજાનચીના હોદ્દા પર સતત ત્રણ મુદતની મર્યાદાની (૧૨ વર્ષ સુધીની) છૂટ રહેશે. આ હોદ્દાઓ માટેની નિવૃત્તિની વય મર્યાદા ૭૦ વર્ષની છે, પરંતુ જો સંબંધિત રમતની આંતરરાષ્ટ્રીય સંસ્થા (જેમ કે ક્રિકેટમાં આઇસીસી અને અન્ય રમતોમાં ઑલિમ્પિક કમિટી)ના બંધારણ મુજબ છૂટ અપાતી હોય તો આ હોદ્દાના રિટાયરમેન્ટની મર્યાદા ૭૫ વર્ષ સુધી લંબાવી શકાશે.

### કમિટીમાં બે સ્પોર્ટ્સપર્સન અને ચાર મહિલા ફરજિયાત

હવેથી દેશમાં કોઈ પણ ખેલકૂદ સંસ્થાની કારોબારી સમિતિમાં ૧૫ સુધીની સંખ્યામાં મેમ્બર રાખવાના રહેશે કે જેથી ફેડરેશન પર આર્થિક બોજ ખૂબ ઊંચો ન રહે. આ એક્ઝિક્યૂટિવ કમિટી (ઇસી)માં અસાધારણ સિદ્ધિ ધરાવતા ઓછામાં ઓછા બે સ્પોર્ટ્સપર્સનનો અને ચાર મહિલાઓનો સમાવેશ ફરજિયાત કરવાનો રહેશે. ખેલકૂદ વહીવટમાં જાતિ સંબંધમાં સમાનતા રહે અને નિર્ણય લેવાની પ્રક્રિયામાં ઍથ્લીટો-ખેલાડીઓની હાજરી રહી શકે એ હેતુથી ખરડામાં આ જોગવાઈ સમાવવામાં આવી છે.

### નૅશનલ સ્પોર્ટ્સ ટ્રિબ્યૂનલની સ્થાપના

ખેલકૂદ મંત્રાલયે આપેલી માહિતી અનુસાર સ્પોર્ટ્સ સંસ્થાઓ સાથે સંકળાયેલા ૩૫૦થી વધુ કેસ વિવિધ અદાલતોમાં ચાલી રહ્યા છે. આ કેસો સિલેક્શનથી ઇલેક્શન સુધીના છે. આ કેસો વર્ષોથી ચાલુ જ રહ્યા હોવાને કારણે ઍથ્લીટો-ખેલાડીઓની તેમ જ નૅશનલ ફેડરેશનોની પ્રગતિ અટકી પડી છે. આ બાબતને લક્ષમાં રાખીને નૅશનલ સ્પોર્ટ્સ ટ્રિબ્યૂનલની સ્થાપના કરવાનું ખરડામાં સૂચવવામાં આવ્યું છે. ટ્રિબ્યૂનલમાં ચૅરપર્સન અને બીજા બે મેમ્બરનો સમાવેશ હશે. ટ્રિબ્યૂનલના સર્વોચ્ચ પદ પર કેન્દ્ર સરકાર દ્વારા સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની અથવા હાઈ કોર્ટના ચીફ જસ્ટિસની નિયુક્તિ કરવામાં આવશે. આ ટ્રિબ્યૂનલ જે ફેંસલો આપશે એને સીધા સુપ્રીમ કોર્ટમાં પડકારી શકાશે. બીજી રીતે કહીએ તો મુદ્દો ઝડપથી ઉકેલી શકાય એ હેતુથી મુદ્દાનો ઉકેલ લાવવામાં કોઈ પણ નીચલી કોર્ટને આ વિષયમાં સામેલ નહીં કરાય. ■

# કે. એલ. રાહુલ આઉટ થતાં પહેલાં સચિન-કોહલીની બરાબરીમાં થયો

મૅન્ચેસ્ટરઃ અહીં ઑલ્ડ ટ્રેફર્ડમાં ઇંગ્લૅન્ડ સામે રમાતી ચોથી ટેસ્ટમાં ઓપનર કે. એલ. રાહુલ ચાર રન માટે ૧૯મી હાફ સેન્ચુરી ચૂકી ગયો હતો, પણ તેણે ૧૧મો રન કર્યો ત્યારે તેણે અપ્રતિમ સિદ્ધિ મેળવી હતી, કારણકે ત્યારે તે ઇંગ્લૅન્ડની ધરતી પર ૧,૦૦૦ ટેસ્ટ-રન પૂરા કરનાર પાંચમો ભારતીય ખેલાડી બન્યો હતો. તેણે સચિન તેન્ડુલકર અને વિરાટ કોહલી જેવા દિગ્ગજોવાળી યાદીમાં પોતાનું નામ સામેલ કરાવી દીધું છે.



રાહુલ બુધવારે ટેસ્ટના પ્રથમ દાવમાં ૪૬ રન કરીને આઉટ થઈ ગયો હતો. ઇંગ્લૅન્ડમાં સૌથી વધુ રન કરનાર ભારતીયોમાં સચિનનું નામ મોખરે છે. તેણે બ્રિટિશ લૅન્ડ પર કુલ ૧,૫૭૫ રન કર્યા હતા. તેણે આ ૧૫૦૦-પ્લસ રન ૧૭ ટેસ્ટમાં ૫૪.૩૧ની સરેરાશે કર્યા હતા.

બીજા નંબર પર રાહુલ દ્રવિડનું નામ છે. તેણે ઇંગ્લૅન્ડમાં ૧૩ ટેસ્ટમાં ૬૮.૮૦ની ઍવરેજે ૧,૩૭૬ રન કર્યા હતા. સુનીલ ગાવસકર ત્રીજા સ્થાને છે જેમણે ઇંગ્લૅન્ડમાં ૧૬ મૅચમાં ૧,૧૫૨ રન કર્યા હતા.

ભૂતપૂર્વ કૅપ્ટન વિરાટ કોહલીનું નામ આ યાદીમાં ચોથા ક્રમે છે. તેણે તાજેતરમાં જ શાનદાર ટેસ્ટ કરીઅરમાંથી નિવૃત્ત થતાં પહેલાં ઇંગ્લૅન્ડમાં ૧૭ ટેસ્ટમાં ૩૩.૨૧ની સરેરાશે ૧,૦૯૬ રન કર્યા હતા.

કે. એલ. રાહુલે ઇંગ્લૅન્ડમાં ૧૩ ટેસ્ટમાં ૧,૦૦૮ રન કર્યા છે. હવે રાહુલને વર્તમાન ટેસ્ટના બીજા દાવમાં અથવા ઓવલની છેલ્લી ટેસ્ટમાં કોહલીનો વિક્રમ પાર કરવાની તક છે.

### ઇંગ્લૅન્ડમાં સૌથી વધુ ટેસ્ટ રન કયા ભારતીયોના...

(૧) સચિનઃ ૧,૫૭૫ રન
(૨) દ્રવિડઃ ૧,૩૭૬ રન
(૩) ગાવસકરઃ ૧,૧૫૨ રન
(૪) વિરાટઃ ૧,૦૯૬ રન
(૫) કે.એલ. રાહુલઃ ૧,૦૦૮ રન ■

# ભારતના પહેલા સાતમાંથી પાંચ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમેન

મૅન્ચેસ્ટરઃ ઇંગ્લૅન્ડમાં ભારતીય ટીમે પાંચ મૅચની ટેસ્ટ-શ્રેણીમાં ૧-૨થી પાછળ રહ્યા બાદ હવે ચોથી મૅચનો જંગ શરૂ કર્યો છે અને એમાં પ્રથમ બૅટિંગ મળતાં ટીમ ઇન્ડિયાએ લીડ્સની પ્રથમ ટેસ્ટના પહેલા દાવ (૪૭૧ રન) અને એજબૅસ્ટનની બીજી ટેસ્ટના પહેલા દાવ (૫૮૭ રન)ની જેમ અહીં મૅન્ચેસ્ટરના ઑલ્ડ ટ્રેફર્ડમાં પણ મોટો સ્કોર કરવાના મક્કમ ઇરાદા સાથે દાવની શરૂઆત કરી છે. નવાઈની એક વાત એવી છે કે ભારતની પહેલા સાતમાંથી પાંચ બૅટ્સમેન લેફ્ટ-હૅન્ડ છે. પહેલા સાત બૅટ્સમેનની યાદી આ મુજબ છેઃ યશસ્વી જયસ્વાલ (લેફ્ટ-હૅન્ડ), કે. એલ. રાહુલ (રાઇટ-હૅન્ડ), સાઇ સુદર્શન (લેફ્ટ-હૅન્ડ), કૅપ્ટન શુભમન ગિલ (રાઇટ-હૅન્ડ), રિષભ પંત (લેફ્ટ-હૅન્ડ), રવીન્દ્ર જાડેજા (લેફ્ટ-હૅન્ડ) અને વૉશિંગ્ટન સુંદર (લેફ્ટ-હૅન્ડ). મૅન્ચેસ્ટર ટેસ્ટ માટેની ભારતની ટીમના બાકીના ચાર પ્લેયર રાઇટ-હૅન્ડ બૅટ્સમેન છે જેમાં શાર્દુલ ઠાકુર, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ અને અંશુલ કંબોજ સામેલ છે. ભારતે આ ટેસ્ટ માટેની ટીમમાં આઉટ-ઑફ-ફૉર્મ કરુણ નાયરના સ્થાને સાઇ સુદર્શનને, ઈજાગ્રસ્ત નીતીશ રેડ્ડીના સ્થાને શાર્દુલ ઠાકુરને અને ઈજાગ્રસ્ત આકાશ દીપને બદલે અંશુલ કંબોજને ઇલેવનમાં સમાવ્યા છે.


યશસ્વી જયસ્વાલ

એક દાવમાં એક જ ટીમમાં સૌથી વધુ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમેનનો વિશ્વવિક્રમ સૌથી પહેલાં વેસ્ટ ઇન્ડિઝના નામે નોંધાયો હતો. ૧૯૯૯માં પાકિસ્તાન સામેની ટેસ્ટમાં કૅરિબિયન ટીમના ૧૧માંથી ૮ બૅટસમેન લેફ્ટ-હૅન્ડ હતા.

૨૦૦૦ની સાલમાં પણ આવું બન્યું હતું. એમાં ઇંગ્લૅન્ડ સામેની ટેસ્ટમાં પણ વેસ્ટ ઇન્ડિઝની ટીમમાં આઠ લેફ્ટ-હૅન્ડ બૅટ્સમેન હતા.

કૅરિબિયનોના એ વિશ્વવિક્રમનું ૨૦૧૪માં ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટમાં બન્યું હતું જેમાં ઇંગ્લૅન્ડના ૧૧માંથી ૮ ડાબોડી હતા. ■

# નવી પેસ બોલરે વર્લ્ડ રેકૉર્ડ સાથે ભારતને વન-ડે સિરીઝ જિતાડી આપી

▶ ક્રાંતિ ગૌડ છ વિકેટ લેનાર યંગેસ્ટ બોલરઃ ભારતની મહિલા ટીમ ટી-૨૦ પછી હવે વન-ડે શ્રેણીમાં પણ ચેમ્પિયન

ચેસ્ટર-લી-સ્ટ્રીટઃ ઇંગ્લૅન્ડની ધરતી પર ભારતના પુરુષ ક્રિકેટરો હજી તો ટેસ્ટ સિરીઝમાં ૨-૨ની બરાબરી કરવા માટે સંઘર્ષ કરી રહ્યા છે ત્યાં ભારતની જ મહિલા ક્રિકેટરોએ ઇંગ્લૅન્ડમાં ટી-૨૦ સિરીઝ પછી હવે વન-ડે શ્રેણી પણ જીતીને નવો ઇતિહાસ સર્જ્યો છે. મંગળવારે ભારતની મહિલા ટીમે ત્રીજી અને છેલ્લી વન-ડે મૅચ ૧૩ રનથી જીતીને સિરીઝની ટ્રોફી પર ૨-૧થી કબજો કરી લીધો હતો. નવી પેસ બોલર ક્રાંતિ ગૌડે (૯.૫-૧-૫૨-૬) આ મૅચની જ નહીં સમગ્ર સિરીઝની સુપરસ્ટાર બોલર હતી. તેણે એક વિશ્વવિક્રમ કર્યો હતો.


કૅપ્ટન હરમનપ્રીત કૌરે મંગળવારે પોતાને શાનદાર સદી બદલ મળેલો પ્લેયર ઑફ ધ મૅચનો પુરસ્કાર છ વિકેટ લેનાર ક્રાંતિ ગૌડ સાથે શૅર કર્યો હતો. (બીસીસીઆઇ)

### હરમનની મૅચ-વિનિંગ સેન્ચુરી

કૅપ્ટન હરમનપ્રીત કૌર (૧૦૨ રન, ૮૪ બૉલ, ૧૪ ફોર) પ્લેયર ઑફ ધ મૅચનો તેમ જ પ્લેયર ઑફ ધ સિરીઝનો પુરસ્કાર જીતી હતી, પરંતુ કરીઅરની ચોથી જ મૅચ રમનાર ભારતની ક્રાંતિ ગૌડે છ વિકેટનો તરખાટ મચાવીને ભારતની જીત આસાન કરી દીધી હતી. મધ્ય પ્રદેશની ક્રાંતિની ઉંમર ૨૧ વર્ષ અને ૩૪૫ દિવસની છે. તે આટલી નાની ઉંમરે એક વન-ડે ઇન્ટરનૅશનલ મૅચમાં છ કે એનાથી વધુ વિકેટ લેનાર વિશ્વની પહેલી જ મહિલા બોલર બની છે. તેણે ઇંગ્લૅન્ડની જ ભૂતપૂર્વ બોલર જો ચેમ્બરલેઈન (૧૯૯૧માં બાવીસ વર્ષની ઉંમરે ડેન્માર્ક સામે ૮ રનમાં ૭ વિકેટ)નો ૩૪ વર્ષ જૂનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો છે.

### ભારતની છ બોલરમાં પાંચ સ્પિનર

ઇંગ્લૅન્ડની ટીમ ભારતની છ બોલરના આક્રમણ સામે ઝૂકી ગઈ હતી. છ બોલરમાં એકમાત્ર ક્રાંતિ પેસ બોલર હતી, જ્યારે બાકીની પાંચ સ્પિનર હતી જેમાં દીપ્તિ શર્મા, સ્નેહ રાણા, શ્રી ચરની, રાધા યાદવ અને પ્રતિકા રાવલનો સમાવેશ હતો.

### ભારતના પાંચ વિકેટે ૩૧૮ રન

મંગળવારે ભારતે ટોસ જીત્યા બાદ પ્રથમ બૅટિંગ કરી હતી અને ૫૦ ઓવરમાં પાંચ વિકેટે ૩૧૮ રન કર્યા હતા જેમાં હરમનપ્રીતના ૧૦૨ રન ઉપરાંત જેમાઈમા રોડ્રિગ્સના ૫૦ રન, સ્મૃતિ મંધાનાના ૪૫ રન, હર્લીન દેઓલના ૪૫ રન, રિચા ઘોષના ૩૮ રન અને ઓપનર પ્રતિકા રાવલના ૨૬ રન સામેલ હતા.

### ઇંગ્લૅન્ડને વિશ્વવિક્રમ ન કરવા દીધો

યજમાન ઇંગ્લૅન્ડની મહિલા ટીમને જીતવા માટે ૩૧૯ રનનો લક્ષ્યાંક મળ્યો હતો. જો તેઓ એ ટાર્ગેટ મેળવી શકી હોત તો એ મહિલા વન-ડેમાં વર્લ્ડ રેકૉર્ડ બન્યો હોત. જોકે નૅટ સિવર-બ્રન્ટની ટીમ ૪૯.૫ ઓવરમાં ૩૦૫ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ હતી અને ભારતનો ૧૩ રનથી રોમાંચક વિજય થયો હતો.

### ૧૬૨ રનની ભાગીદારી પાણીમાં

નૅટ સિવર-બ્રન્ટે ૧૦૫ બૉલમાં ૯૮ રન કર્યા હતા અને એમ્મા લૅમ્બ (૮૧ બૉલમાં ૬૮ રન) સાથે ત્રીજી વિકેટ માટે ૧૬૨ રનની વિક્રમી ભાગીદારી કરી હતી, પરંતુ તેઓ ઇંગ્લૅન્ડને વિજય નહોતી અપાવી શકી. નૅટ-સિવરને તેના ૯૮ રનના સ્કોર પર ભારતની પીઢ સ્પિનર દીપ્તિ શર્માએ આઉટ કરી હતી જેને લીધે તે ૧૦મી સેન્ચુરી માત્ર બે રન માટે ચૂકી ગઈ હતી.

### સ્પિનર શ્રી ચરનીની બે વિકેટ

ભારત વતી ક્રાંતિ ગૌડની છ વિકેટ ઉપરાંત સ્પિનર શ્રી ચરનીએ બે વિકેટ અને દીપ્તિ શર્માએ એક વિકેટ લીધી હતી. ■

# ગૉડ ઇઝ ગ્રેટ...મારા દેશમાં જે સન્માન ન મળ્યું એ અહીં ઇંગ્લૅન્ડમાં મળ્યું એનો મને ગર્વ છેઃ ફરોખ એન્જિનિયર

મૅન્ચેસ્ટરઃ અહીં ઑલ્ડ ટ્રેફર્ડના સ્ટેડિયમમાં ભારતના મહાન વિકેટકીપર-બૅટર ફરોખ એન્જિનિયરનું નામ એક સ્ટૅન્ડને આપવામાં આવ્યું એ પ્રસંગે ખુદ એન્જિનિયરે પીટીઆઇ સાથેની વાતચીતમાં આનંદ વ્યક્ત કર્યો હતો અને ટકોર સાથે કહ્યું હતું કે ' આ ફક્ત મારા માટે જ નહીં, પણ ભારત માટે પણ મોટું ગૌરવ છે. ગૉડ ઇઝ ગ્રેટ. મને મારા દેશમાં જે સન્માન ન મળ્યું એ અહીં મળ્યું એનો મને ગર્વ છે.'

ફરોખ એન્જિનિયરની સાથે વેસ્ટ ઇન્ડિઝના મહાન કૅપ્ટન સર ક્લાઇવ લૉઇડનું નામ પણ આ સ્ટૅન્ડને અપાયું છે. આ સ્ટૅન્ડ હવેથી 'સર ક્લાઇવ લૉઇડ ઍન્ડ ફરોખ એન્જિનિયર સ્ટૅન્ડ' તરીકે ઓળખાશે.

ફરોખ એન્જિનિયરે એવું પણ જણાવ્યું હતું કે 'આ ક્ષણો અને આ બહુમાન ક્લાઇવ લૉઇડ માટે પણ યાદગાર છે. અમે સવારે જ ચર્ચા કરતા હતા ત્યારે મેં કહેલું કે આપણને આવું અનેરું સન્માન મળશે એ આપણે ક્યારેય નહોતું વિચાર્યું.'

પારસી સમાજના ફરોખ એન્જિનિયર ૮૭ વર્ષના છે. તેઓ શાનદાર કરીઅરમાં મોટા ભાગની મૅચો મુંબઈમાં અને ખાસ કરીને બ્રેબર્ન સ્ટેડિયમમાં રમ્યા હતા.

એન્જિનિયરે એવું પણ કહ્યું હતું કે 'શરમજનક કહેવાય કે મારી સિદ્ધિઓની કિંમત હું મોટા ભાગની ક્રિકેટ જ્યાં રમ્યો ત્યાં ન થઈ. જોકે ૨૦૨૪માં મને લાઇફટાઇમ અચિવમેન્ટ અવૉર્ડ આપવા બદલ હું બીસીસીઆઇનો આભારી છું.' ■



મહાન કૅરિબિયન ક્રિકેટર સર ક્લાઇવ લૉઇડનું નામ પણ સ્ટૅન્ડને અપાયું.

# ઘાટકોપર જૉલી જિમખાનામાં અન્ડર-૧૨ બાળકો માટે ફૂટબૉલ સ્પર્ધા

મુંબઈઃ ઘાટકોપર જૉલી જિમખાના મલ્ટીટર્ફ સબ કમિટી દ્વારા આગામી ૩૦મી ઑગસ્ટે અન્ડર-૧૨ વર્ગના બાળકો માટે ઇન્ટર ક્લબ ટર્ફ ફૂટબૉલ ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.

મુંબઈમાં પહેલી જ વખત આ પ્રકારની સ્પર્ધા યોજવામાં આવી રહી છે. આયોજનનો મુખ્ય હેતુ યુવા ફૂટબૉલ ટૅલન્ટને પ્રોત્સાહન આપવાનો તેમ જ પાયાભૂત સ્તરે બાળકોમાં ખેલદિલીની ભાવના વિકસાવવાનો છે.

ખેલાડીઓને આ ટૂર્નામેન્ટમાં વિનામૂલ્યે પ્રવેશ અપાશે. લીગ તથા નૉકઆઉટ ફૉર્મેટ પર આધારિત આ સ્પર્ધામાં દરેક ટીમને યોગ્યતા મુજબ રમવાની તક મળશે. ■

# જાપાન-યુએસની ડીલ સાથે એશિયાઇ બજારોના સુધારાને અનુસરી સેન્સેક્સ ૫૪૦ પોઇન્ટ ઊછળ્યો, નિફ્ટી ફરી ૨૫,૦૦૦ની ઉપર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કોર્પોરેટ સેકટરના પ્રથમ ત્રિમાસિક પરિણામ એકંદરે મિશ્ર રહ્યાં હોવા છતાં અમેરિકા અને જાપાનની ટ્રેડ ડીલ સુખરૂપ સધાઇ ગઇ હોવાથી એશિયાઇ ઇક્વિટી માર્કેટમાં આવેલા સુધારા સાથે સેન્સેક્સમાં ૫૪૦ પોઇન્ટનો ઉછાળો નોંધાયો હતો, જ્યારે નિફ્ટી ફરી ૨૫,૦૦૦ની સપાટી પાર કરવામાં સફળ રહ્યો હતો.

ત્રીસ શેરો ધરાવતો બીએસઈ બેન્ચમાર્ક સેન્સેક્સ ૫૩૯.૮૩ પોઈન્ટ અથવા ૦.૬૬ ટકા વધીને ૮૨,૭૨૬.૬૪ પોઈન્ટ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૫૯૯.૬૨ પોઈન્ટ અથવા ૦.૭૨ ટકા વધીને ૮૨,૭૮૬.૪૩ પોઇન્ટની ઊંચી સપાટી સુધી આગળ વધ્યો હતો. જ્યારે પચાસ શેરો ધરાવતો એનએસઈ બેન્ચમાર્ક નિફ્ટી ૧૫૯ પોઈન્ટ અથવા ૦.૬૩ ટકા વધીને ૨૫,૨૧૯.૯૦ પોઈન્ટ પર બંધ થયો હતો. આ બેન્ચમાર્કના ૩૭ શેરો વધ્યા અને ૧૩ ઘટ્યા હતા.

બજારના સાધનોએ જણાવ્યું હતું કે યુકે સાથેની ફ્રિ ટ્રેડ એગ્રીમેન્ટમાં સારી પ્રગતી થવાના આશાવાદ સાથે જાપાન સાથે અમેરિકાનો ૧૫ ટકા ટેરિફ ધરાવતો સોદો સાનુકૂળ જણાઇ રહ્યો છે, પરંતુ પહેલી ઓગસ્ટ અગાઉ અમેરિકા અને ભારત વચ્ચેના વ્યાપાર સોદા અંગેની વિગતો સંદર્ભની અનિશ્ચિતતાને કારણે સેન્ટિમેન્ટમાં સાવચેતીનું માનસ રહેવાની સંભાવના છે.

સેન્સેક્સના શેરોમાં ૨.૫૧ ટકાના ઉછાળા સાથે ટાટા મોટર્સ ટોપ ગેઇનર રહ્યો હતો. આ ઉપરાંત સૌથી વધુ વધનારા શેરોમાં ભારતી એરટેલ, બજાજ ફાઇનાન્સ, મારુતિ સુઝુકી, બજાજ ફિનસર્વ, આઇસીઆઇસીઆઇ બેન્ક, એચડીએફસી બેન્ક અને રિલાયન્સનો સમાવેશ હતો. મિડકેપ અને સ્મોલ કેપ શેરોમાં ફરી સુધારો જોવા મળ્યો હતો. ટેલિકોમ, ઓટો, બેન્ક, ટેકનોલોજી, ફાઇનાન્શિયલ સર્વિસ, હેલ્થકેર અને એનર્જી સેકટરના શેરોમાં સારી લેવાલી હતી.

આઇસીઆઇસીઆઇ બેન્ક અને એચડીએફસી બેન્ક સત્ર દરમિયાન તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીને અથડાઇને અંતે એક ટકાના સુધારા સાથે બંધ રહ્યા હતા. રિલાયન્સના શેરમાં પાંચ દિવસની પછડાટ બાદ વેલ્યુ બાઇંગ જોવા મળ્યું હતું. જોકે, હિંદુસ્તાન યુનિલવર, અલ્ટ્રાટેક સિમેન્ટ, ભારત ઇલેક્ટ્રોનિક્સ અને આઇટીસી સૌથી વધુ ઘટનારા મુખ્ય શેરોની યાદીમાં ગબડ્યા હતા.

આદિત્ય બિરલા રિઅલ એસ્ટેટે જૂન ક્વાર્ટરમાં રૂ. ૨૭.૦૮ કરોડની ખોટ નોંધાવી છે. કુલ આવક પણ પાછલા વર્ષના રૂ. ૩૬૫.૨૪ કરોડ સામે ઘટીને રૂ. ૧૫૭.૪૧ કરોડ રહી છે. લોઢા ડેવપલપર્સ અને ઓબેરોઇ રિઅલ્ટીના શેરમાં બ્લોક ડીલ બાદ છ ટકા સુધીનો જોરદાર કડાકો જોવા મળ્યો હતો. ઓબેરોઇના કિસ્સામાં રૂ. ૧૯૮૭.૦૨ કરોડના ૧.૧૦ કરોડ ઇક્વિટી શેરમાં અને લોઢાના કિસ્સામાં રૂ. ૩૪૧૨ કરોડના શેરમાં હાથબદલો થયો હતો.

અગ્રણી સ્ટ્રક્ચર્ડ રિયલ એસ્ટેટ ક્રેડિટ ફંડ મેનેજરોમાંની એક, નિસસ ફાઇનાન્સ સર્વિસિસ કો લિમિટેડે, તેના રિયલ એસ્ટેટ સ્પેશિયલ ઓપોર્ચ્યુનિટીઝ ફંડ-આઇ દ્વારા કુમાર પ્રોપર્ટીઝ અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને વાઈબ રિયલ્ટી દ્વારા ૫૦:૫૦ના રેશિયોમાં રચાયેલા સંયુક્ત સાહસ, કુમાર વાઇબ પ્રોપર્ટીઝ પ્રાઇવેટ લિમિટેડમાં રૂ. ૧૧૫ કરોડના રોકાણ જાહેર કર્યું છે.

મુંબઈના પ્રોજેક્ટ્સની સંયુક્ત વિકાસ ક્ષમતા ૧.૬ લાખ ચોરસ ફૂટ કાર્પેટ વિસ્તાર અને પુણે પ્રોજેક્ટ ૭.૫ લાખ ચોરસ ફૂટ કાર્પેટ વિસ્તાર ઓફર કરે છે.

મારુતિ સુઝુકીએ ઓટોમોબાઇલ ઇન્ડસ્ટ્રીઝમાં ટેકનોલોજી આધારિત સોલ્યુશન્સ વિકસાવવા માટે ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ ઇન્ટરનલ ટ્રેડ સાથે કરાર કર્યા છે. મેટર કંપની દ્વારા ભારતની પ્રથમ ગીઅર્ડ ઇલેક્ટ્રિક મોટરબાઇક, એરા ૫૦૦૦ પ્લસ લોન્ચ કરવામાં આવી છે, જે



ફોર સ્પીડ મેન્યુઅલ ગિયર બોક્સ ધરાવે છે. મુંબઈમાં એક્સ શોરૂમ ૧૯૩૮૨૬ નો ભાવ ધરાવતી આ બાઇક લાઇફ ટાઇમ બેટરી વોરંટી ધરાવતી ભારતની પહેલી ઇવી છે . પાવરટ્રેઈનથી માંડીને બેટરી ઇન હાઉસ વિકસાવી હોવાનો કંપનીનો દાવો છે.

સમગ્ર ભારતમાં વિવિધ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને નોન-ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇપીસી પ્રોજેક્ટ્સમાં કાર્યરત ગ્લોબ સિવિલ પ્રોજેક્ટ્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૫ના કોન્સોલિડેટેડ પરિણામમાં ૧૩.૯૬ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૩૮૧.૫૭ કરોડની કુલ આવક, ૫૬.૪૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૪.૦૫ કરોડનો કરવેરા પછીનો નફો અને ૧૯.૬૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૫૬.૪૧ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

આ સપ્તાહે કુલ ૧૦ જાહેર ભરણા મૂડીબજારમાં પ્રવેશી રહ્યા છે, જેમાંથી ઇન્ડિક્વિબ, જીએનજી તથા બ્રિગેડ હોટલ સહિતના પાંચ મેઇન બોર્ડના છે અને પાંચ એસએમઇ સેગમેન્ટના છે. વેરહાઉસિંગ અને લિક્વિડ ટર્મિનલ સોલ્યુશન્સ પ્રોવાઇડર એક્સપર્ટ રેપોનો લિમિટેડ ૨૮ જુલાઈ,૨૦૨૫ના રોજ તેની ઈનિશિયલ પબ્લિક ઓફરિંગ સાથે પ્રાથમિક મૂડી બજારમાં પ્રવેશ કરશે. કંપનીએ શેર દીઠ રૂ. ૯૧થી રૂ. ૯૬ની પ્રાઇઝ બેન્ડ જાહેર કરી છે. આ રૂ. ૨૬.૬૮ કરોડનો બુકબિલ્ડિંગ ઇશ્યૂ સંપૂર્ણપણે ૨૭.૭૯ લાખ ફ્રેશ ઇક્વિટી શેરનો ઇશ્યૂ છે, જે ૩૦ જુલાઈના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૩૧ જુલાઈએ અને લિસ્ટિંગ ચોથી ઓગસ્ટે થશે. લોટ સાઈઝ ૧,૨૦૦ છે. વેસ્ટલાઇફ ફુડવર્લ્ડે પ્રથમ ક્વાર્ટરમાં ૬૩ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે.

કોલગેટ પામોલીવ ઇન્ડિયાએ શહેરી માગમાં ઘટાડો થવાને કારણે પ્રથમ ક્વાર્ટરમાં ૧૨ ટકાના ઘટાડા સાથે રૂ. રૂ. ૩૨૧ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જીઓબ્લેક રોકે મેઇડન આઇપીઓ દ્વારા રૂ. ૧૭,૮૦૦ કરોડ એકત્ર કર્યા છે. આઇસીઆઇસીઆઇ બેન્કે પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં ૧૫.૯ ટકાના વધારા સાથે રૂ. ૧૩,૫૫૮ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. એચડીએફસી બેન્કે પ્રથમ ક્વાર્ટરના પરિણામમાં ૧.૩૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૬,૨૫૮ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો હતો.

બેન્કે ૧:૧ના રેશિયોમાં બોનસ શેર અને શેરદીઠ પાંચ રૂપિયાના સ્પેશિયલ ડિવિડંડની જાહેરાત કરી છે. પેટીએમ બ્રાન્ડની માલિક વન૯૭ કમ્યુનિકેશને પ્રથમ ક્વાર્ટરમાં રૂ. ૧૨૨.૫૦ કરોડનો નફો નોંધાવ્યો છે. કંપનીએ પહેલી જ વાર નફો નોંધાવ્યો છે.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે તાતા મોટર્સ ૨.૫૧ ટકા, ભારતી એરટેલ ૧.૯૪ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૬૬ ટકા, મારુતિ ૧.૧૫ ટકા, બજાજ ફિનસર્વ ૧.૦૨ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૯૬ ટકા, એચડીએફસી બેન્ક ૦.૮૯ ટકા, રિલાયન્સ ૦.૮૩ ટકા, ઈટર્નલ ૦.૭૨ ટકા અને એશિયન પેઈન્ટ્સ ૦.૬૭ ટકા વધ્યા હતા, જ્યારે હિંદુસ્તાન યુનિલિવર ૧.૧૯ ટકા, બીઈએલ ૦.૬૮ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૦.૯૮ ટકા, આઈટીસી ૦.૨૮ ટકા, તાતા સ્ટીલ ૦.૧૨ ટકા, અદાણી પોર્ટ્સ ૦.૦૯ ટકા અને ટેક મહિન્દ્ર ૦.૦૭ ટકા ઘટ્યા હતા.

બુધવારના સત્રમાં ટેલિકોમ્યુનિકેશન, ઓટો અને બેન્કેક્સ ઈન્ડેક્સ સૌથી અધિક વધ્યા અને રિયલ્ટી ઇન્ડેક્સ સૌથી અધિક ઘટ્યો હતો. માર્કેટ કેપમાં રૂ.૧.૮૫ લાખ કરોડની વૃદ્ધિ નોંધાઇ હતી.

બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૮૨,૧૮૬.૮૧ના બંધથી ૫૩૯.૮૩ પોઈન્ટ્સ (૦.૬૬ ટકા) વધ્યો હતો. સેન્સેક્સ ૮૨,૪૫૧.૮૭ ખૂલીને ઊંચામાં ૮૨,૭૮૬.૪૩ સુધી અને નીચામાં ૮૨,૨૭૯.૭૩ સુધી જઈને અંતે ૮૨,૭૨૬.૬૪ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો. માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૫૮.૫૦ લાખ કરોડથી રૂ.૧.૯૩ લાખ કરોડ વધીને રૂ.૪૬૦.૩૫ લાખ કરોડ રહ્યું હતું.

સેકટરલ ઈન્ડાયસીસમાં મુખ્યત્વે ટેલિકોમ્યુનિકેશન ૧.૧૪ ટકા, ઓટો ૦.૮૬ ટકા, બેન્કેક્સ ૦.૭૫ ટકા, ટેક ૦.૭૪ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ અને હેલ્થકેર ૦.૭ ટકા, એનર્જી ૦.૬૫ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૬૧ ટકા અને ઓઈલ એન્ડ ગેસ ૦.૫૭ ટકા વધ્યા હતા, જ્યારે રિયલ્ટી ૨.૬ ટકા, એફએમસીજી ૦.૪૫ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૩૧ ટકા અને સર્વિસીસ ૦.૨ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સની ૨૨ સ્ક્રિપ્સ વધી હતી, જ્યારે આઠ સ્ક્રિપ્સ ઘટી હતી. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૨૪ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૦૫ ટકા વધ્યો હતો. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૬૦ ટકા વધ્યો અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૧૪ ટકા ઘટ્યો હતો.

એક્સચેન્જમાં ૪,૧૯૮ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૯૯૮ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૦૩૨ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૧૬૮ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૪૯ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૪૮ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. ૨૫૧ સ્ટોક્સને ઉપલી જ્યારે ૨૧૨ સ્ટોકને નીચલી સર્કીટ લાગી હતી.

બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૧૬.૧૫ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૦૯૬ સોદામાં ૧,૨૯૯ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૬,૨૯,૦૫૮ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ.૧૯,૪૪,૭૦૫.૫૬ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયામાં સતત છઠ્ઠા સત્રમાં પીછેહઠ, વધુ ત્રણ પૈસાનો ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: જાપાન સાથે ટ્રેડ ડીલ થઈ હોવાની અમેરિકાની જાહેરાતની સાથે ભારત સહિતની એશિયન ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ઘટી આવ્યાના અહેવાલ સાથે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ધોવાણ ધીમું પડ્યું હતું અને ગઈકાલના બંધ સામે વધુ ત્રણ પૈસાના ઘટાડા સાથે ૮૬.૩૯ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલીનું દબાણ જળવાઈ રહ્યું હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા રૂપિયો વધુ દબાણ હેઠળ આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૬.૩૮ના હબંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૬.૪૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૪૬ અને ઉપરમાં ૮૬.૩૪ની રેન્જમાં રહ્યા બાદ અંતે ત્રણ પૈસા ઘટીને ૮૬.૪૧ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૬ પૈસાના ઘટાડા સાથે અગાઉની ૧૬ જુલાઈ પછીની સૌથી નીચી ૮૬.૩૮ની સપાટીએ બંધ રહ્યો હતો. એકંદરે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીને કારણે આજે રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હતો. જોકે, બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ઘટાડાતરફી વલણ રહ્યું હોવાથી રૂપિયામાં વધુ ધોવાણ અટક્યું હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે અમેરિકાની ટૅરિફની અનિશ્ચિતતા વચ્ચે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૫.૬૦થી ૮૬.૩૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫૨ ટકા ઘટીને બેરલદીઠ ૬૮.૨૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૩૯.૮૩ પૉઈન્ટનો અને ૧૫૯ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હતો. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સ ૦.૦૪ ટકા વધીને ૯૭.૧૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હોવાથી તેમ જ ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૫૪૮.૯૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો.

# વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૧૦૨૫ની આગઝરતી તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ટૅરિફની અનિશ્ચિતતા વચ્ચે ગઈકાલે ન્યૂ યોર્ક ખાતે સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૩૪૦૦ ડૉલરની સપાટી પાર કરીને ગત ૧૬મી જૂન પછીની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા અને ચાંદીએ ૩૯ ડૉલર સપાટી પાર કરી નાખી હતી. જોકે, આજે લંડન ખાતે અમેરિકાની જાપાન સાથે ટ્રેડ ડીલ થઈ ગઈ હોવાના અહેવાલને ધ્યાનમાં રાખતા વેપારની અનિશ્ચિતતામાં ઘટાડો થવાથી ખાસ કરીને સોનામાં વધ્યા મથાળેથી નફારૂપી વેચવાલી રહેતાં ભાવમાં સાધારણ ઘટાડો નોંધાયો હતો, જ્યારે ચાંદીમાં સુધારો આગળ ધપ્યો હતો. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલ સાથે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૨૦થી ૧૦૨૫ના ઝડપી ઉછાળા સાથે રૂ. એક લાખની સપાટી અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૩૫૭ના ઉછાળા સાથે રૂ. ૧.૧૫ લાખની સપાટી કુદાવી ગયા હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને ઓવરનાઈટ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સતત છઠ્ઠા સત્રમાં નરમાઈ જળવાઈ રહી હોવાથી સોનાની આયાત પડતરો વધી આવતાં ભાવમાં ઝડપી તેજી જોવા મળી હતી, જેમાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૦૨૦ ઊછળીને રૂ.




૧,૦૦,૧૩૦ની સપાટીએ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૧૦૨૫ ઊછળીને રૂ. ૧,૦૦,૫૩૩ના મથાળે રહ્યા હતા. જોકે, આગઝરતી તેજીના વલણમાં સ્ટોકિસ્ટો અને રોકાણકારો તેમ જ જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગમાં સૂનકાર વ્યાપી ગયો હતો. વધુમાં આજે વિશ્વ બજાર પાછળ ૯૯૯ ટચ ચાંદીમાં પણ તેજીનું વલણ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૧૩૫૭ની તેજી સાથે રૂ. ૧,૧૫,૮૫૦ની સપાટીએ પહોંચ્યા હતાં. તેમ જ સ્ટોકિસ્ટો, જ્વેલરી ઉત્પાદકો અને ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ લેવાલી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ગઈકાલે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સની નબળાઈ અને અમેરિકી ટૅરિફની અનિશ્ચિતતા વચ્ચે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર સોનાના ભાવ વધીને ગત ૧૬મી જૂન પછીની ઊંચી સપાટીએ પહોંચીને ઔંસદીઠ ૩૪૦૦ ડૉલરની સપાટી કુદાવી ગયા. જોકે, આજે અમેરિકા-જાપાનની ટ્રેડ ડીલનાં પ્રોત્સાહક અહેવાલ સાથે લંડન ખાતે સત્રના આરંભે સોનામાં રોકાણકારોની છૂટીછવાઈ નફારૂપી વેચવાલીનું દબાણ રહેતાં હાજર અને વાયદામાં ભાવ ગઈકાલના વધ્યા મથાળેથી સાધારણ ૦.૨ ટકા ઘટીને અનુક્રમે ઔંસદીઠ ૩૪૨૫.૫૮ ડૉલર અને ૩૪૩૭.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે ચાંદીમાં સ્ટોકિસ્ટોની અવિરત લેવાલી જળવાઈ રહેતાં ભાવ ગઈકાલના બંધ સામે વધુ ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૩૯.૩૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જાપાન સાથેની ટ્રેડ ડીલને કારણે તેમ જ આજે ડૉલર ઈન્ડેક્સમાં સહેજ બાઉન્સબૅક જોવા મળતાં સોનામાં સલામતી માટેની માગમાં ઘટાડો થતાં સોનાની ત્રણ સત્રની તેજીને બ્રેક લાગી હોવાનું નેમો મનીના ચીફ માર્કેટ એનાલિસ્ટ હૅન ટૅને જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે આજે ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧ ટકા વધીને ક્વૉટ થઈ રહ્યો હતો, જ્યારે અમેરિકી ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ બે સપ્તાહની નીચી સપાટીએથી પાછી ફરી હતી. સામાન્યપણે બૉન્ડની યિલ્ડમાં વધારો થવાના સંજોગોમાં સોના જેવી વ્યાજની ઊપજ ન આપતી અસ્ક્યામતોમાં માગ ઘટતી હોય છે.

વધુમાં અમેરિકા અને ચીનના અધિકારીઓ કરારની વાટાઘાટોના સમયગાળા માટે ટૅરિફનાં અમલની પહેલી ઑગસ્ટની મુદત લંબાવવા માટે આગામી સપ્તાહે સ્ટોકહૉમ ખાતે મળનાર હોવાનું અમેરિકી ટ્રેઝરી સચિવ સ્કોટ બૅસન્ટે જણાવ્યું હતું. જોકે, હવે રોકાણકારોની નજર આગામી સપ્તાહે ૨૯-૩૦ જુલાઈએ યોજાનારી અમેરિકી ફેડરલ રિઝર્વની નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ છે. જોકે, બજાર વર્તુળો આ બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદર યથાવત્ રાખે તેવી ધારણા મૂકી રહ્યા છે.

# ટીનની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓમાં સુધારો



મુંબઈ: અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે જાપાન સાથે ટ્રેડ ડીલ થઈ હોવાની જાહેરાત કરતાં વૈશ્વિક સ્તરે વેપાર અંગેની અનિશ્ચિતતામાં ઘટાડો થવાની શક્યતાને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીનની આગેવાની હેઠળ માત્ર એલ્યુમિનિયમમાં રહેલા ટકેલા વલણ અને નિકલમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. ૧૦ના ઘટાડાને બાદ કરતાં તમામ ધાતુઓમાં કિલોદીઠ રૂ. બેથી ૨૬ સુધીનો સુધારો જોવા મળ્યો હતો. આજે સ્થાનિકમાં મુખ્યત્વે ટીન અને કોપર વાયરબારમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૬ વધીને રૂ. ૨૯૫૮ અને રૂ. પાંચ વધીને રૂ. ૯૨૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને અનુક્રમે રૂ. ૮૫૮, રૂ. ૮૪૭ અને રૂ. ૬૧૦, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૭૬૮ અને રૂ. ૨૭૨ તથા કોપર આર્મિચર અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૩૩ અને રૂ. ૫૬૫ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીના દબાણ સામે માગ પણ ખપપૂરતી મર્યાદિત રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૩૪૨ના મથાળે અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૧૫ અને રૂ. ૨૬૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના વધારા સાથે રૂ. ૩૭૯૦થી ૩૮૩૦માં થયાના અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સાર્વત્રિક સ્તરેથી માગ ખપપૂરતી રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં માગ અને માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો અને ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો અને રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જેમાં મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૬થી ૩૯૯૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૯૨થી ૪૦૫૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૮૦થી ૩૯૧૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૦થી ૪૦૧૦માં ટકેલા દોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



# આયાતી તેલમાં સાંકડી વધઘટે ટકેલું વલણ, દેશી તેલમાં આગેકૂચ

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં બાવન રિંગિટનો સુધારો આવ્યો હતો, જ્યારે ગઈકાલે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ૪૪ સેન્ટ ઘટી આવ્યાના અહેવાલ હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ ઉપરાંત સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહ્યા હોવાથી આયાતી તેલમાં ટકેલું વલણ રહ્યું હતું, જ્યારે દેશી તેલમાં મથકો પાછળ સરસવ અને કપાસિયા રિફાઈન્ડના ભાવમાં અનુક્રમે ૧૦ કિલોદીઠ રૂ. ૨૦ અને રૂ. પાંચનો સુધારો આવ્યો હતો અને સિંગતેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ઈમામી અને ભારત ફૂડની સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ અનુક્રમે રૂ. ૧૧૭૭ અને રૂ. ૧૧૮૦માં બાયબૅકમાં લેવાલી રહી હતી. આ સિવાય ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૧૯૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૨૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૫, ઈમામીના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૧૮૫ અને રૂ. ૧૩૧૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦ અને એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૧૨ અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૦ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, વેપારો અત્યંત પાંખાં રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વધુમાં આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૧૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૨૧૦માં અને રાજકોટ મથકે મગફળીની ૨૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૦૦થી ૧૧૭૫માં ટકેલા ધોરણે થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૦૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૨૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૭૦, સિંગતેલના રૂ. ૧૪૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૯૦ અને સરસવના રૂ. ૧૬૬૫ના મથાળે રહ્યા હતા. જોકે ગુજરાતનાં મથકો પર આજે સિંગતેલમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગ જળવાઈ રહેતાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૨૫૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૪૦૦માં ટકેલા ધોરણે થયા હતા.

# દિવંગત વિજયભાઈ રૂપાણી સહિત રાજકોટના ૧૧ અગ્રણીઓનું મુંબઈ સમાચાર દ્વારા બહુમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ૨૦૪ વર્ષથી અવિરત પ્રકાશિત થઈ રહેલા ગુજરાતી અખબાર ‘મુંબઈ સમાચાર’ની ડોક્યુમેન્ટરી કાન ફિલ્મ ફેસ્ટિવલમાં પણ દર્શાવવામાં આવી હતી. આ ડોક્યુમેન્ટરીનું સ્ક્રીનિંગ રાજકોટ ખાતે શનિવારે રાત્રે યોજવામાં આવ્યું હતું, જેનો લાભ પ્રતિષ્ઠિત અને પ્રબુદ્ધ નાગરિકોએ લીધો હતો. રાજકોટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પોતપોતાના ક્ષેત્રમાં આગવી ભૂમિકા ભજવી સમાજને વિશેષ યોગદાન આપી રહેલા ૧૧ સેવાભાવીનું ટ્રોફી, સર્ટિફિકેટ અને મુંબઈ સમાચાર પ્રિન્ટવાળી ઘડિયાળથી સન્માન કરવામાં આવ્યું હતું.

## જયેશભાઈ ઉપાધ્યાય



બોલબાલા ચેરિટેબલ ટ્રસ્ટના જયેશભાઇ ઉપાધ્યાયનું સોશ્યલ સર્વિસ આઇકોનિક એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. રાજકોટથી લઈને સમગ્ર સૌરાષ્ટ્રને સેવાનાં કાર્યોથી આવરી લેતી આ સંસ્થા એક અદ્વિતીય ઉદાહરણ પૂરું પાડે છે. મેડિકલ સાધનોની સહાય હોય, આત્મનિર્ભરતાના પ્રોજેક્ટ્સ હોય, મેડિકલ કેમ્પનું આયોજન હોય, અન્નક્ષેત્ર ચલાવવાનું હોય કે પછી જીવદયા અને માનવતાના કાર્યો હોય આ સંસ્થા કોઈ પણ સેવા કરવામાં પાછળ નથી. અહીં ‘‘આરામ હરામ છે’’ ના સૂત્રને ખરા અર્થમાં સાર્થક કરવામાં આવે છે, જ્યાં સંસ્થાનો એક પણ કાર્યકર એક દિવસ પણ પગ વાળીને બેસતો નથી. લોકહિતનાં કાર્યોથી લઈને અબોલ જીવોની સેવા સુધી, અને બાળકોથી લઈને વડીલો સુધીના અનેક પ્રોજેક્ટ્સ પર આ સંસ્થા નિરંતર કાર્યશીલ રહે છે, જે સમાજ પ્રત્યેની તેમની અતૂટ પ્રતિબદ્ધતા દર્શાવે છે.

## જયેશભાઈ શાહ



સેવાભાવી, ગુણીજન, જૈન સૌરાષ્ટ્ર સ્ટોક એક્ચેન્જના અને દેશ-વિદેશમા સુવિખ્યાત બ્રાન્ડ સોનમ ક્વાર્ટઝના માલિક જીવદયા પ્રેમી તેમજ પોતાના ઘડિયાળના કારખાનામાં ૪૫૦થી પણ વધુ દીકરીઓને કામ આપી મહિલાઓને આત્મનિર્ભર બનવનાર તેમજ દીકરીના લગ્નપ્રસંગે કરિયાવરનું પણ આયોજન કરી આપે તેવા ઉદારદિલ માનવી જયેશભાઇ શાહને મુંબઈ સમાચાર તરફથી વુમન એમ્પાવરમેન્ટ આઈકોનિક એવોર્ડથી સન્માનિત કરાયા હતા.

## વિજયભાઈ વાંક



ગૌપ્રેમી અને સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતા વિજયભાઈ બી. વાંકનું ગૌપ્રેમી સોશ્યલ સર્વિસ આઇકોનિક એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. તેઓ સનાતન ધર્મ રક્ષક સમિતિ ગુજરાત પ્રદેશના અધ્યક્ષ તેમજ રાજકોટ મહાનગર પાલિકાના પૂર્વ કોર્પોરેટર અને પૂર્વ સ્ટેન્ડિંગ કમિટીના સદસ્ય પણ રહી ચૂક્યા છે.

## કલ્પકભાઈ મણિયાર



શ્રી અરવિંદભાઈ જનકલ્યાણ ટ્રસ્ટ રાજકોટના કલ્પકભાઈ મણિયારનું સોશ્યલ સર્વિસ આઈકોનિક પર્સનાલિટી એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું.

## વસાવડા પરિવાર



ચાર પેઢીથી તબીબી સેવા આપનારા વસાવડા પરિવારનું ધન્વંતરિ એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. જેનો સ્વીકાર ડો. હેમાંગ વસાવડા, ડો નિલાંગ વસાવડા અને ડો. પ્રિયાંક એચ. વસાવડાએ કર્યો હતો.

## તીર્થરાજસિંહ ગોહિલ



રાજકોટ સામાજિક અગ્રણી અને કરણી સેનાના આગેવાન તીર્થરાજસિંહ ગોહિલનું મુંબઈ સમાચારે ડેડિકેટેડ પર્સનાલિટી એવોડથી સન્માન કર્યું હતું. તીર્થરાજસિંહે તેમના વતન ત્રાપજ ખાતે પિતા હરદેવસિંહની સ્મૃતિમાં વિધવા બહેનો પણ ખુમારી સાથેનું જીવન જીવી શકે તે માટે સેવા સહાય યજ્ઞ આદર્યો છે. તેમજ દર મહિને રણછોડદાસજી આશ્રમ ખાતે નેત્ર યજ્ઞમાં દાન અને કોરોનાકાળમાં કાયમીના ૧૫૦૦ લોકો માટે તેમણે અન્નક્ષેત્ર પણ શરૂ કર્યું હતું.

## અહર્મ યુવા ગ્રૂપ



અહર્મ યુવા ગ્રૂપને રિલીજીયસ ઓર્ગેનાઇજેશન એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. પૂજ્ય ગુરુદેવ નમ્ર મુનિ મહારાજ સાહેબ દ્વારા સમગ્ર વિશ્વમાં ચાલતી સંસ્થા કે જે એક અનોખો યજ્ઞ છે. માનવતા, જીવદયાને સંલગ્ન કાર્યો જેમાં રોજ પારેવાને ચણ, ગૌ શાળામાં ગાયોને ઘાસચારો, છાસ વિતરણ, અન્નક્ષેત્ર, અનાજ કીટ, એજ્યુકેશ સહાય, તબીબી સહાય, જેવા અનેક રૂડાં કાર્યો કરનાર ગ્રૂપને મુંબઈ સમાચારે સન્માન્યું હતું.

## પૂર્વ મુખ્ય પ્રધાન વિજયભાઈ રૂપાણી



આ કાર્યક્રમમાં જે ૧૧ સેવાભાવીનું સન્માન કરવામાં આવ્યું હતું તેમાં ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન દિવંગત વિજયભાઈ રૂપાણી પણ હાજર રહેવાના હતા અને તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. પરંતુ દુર્ભાગ્યવશ તાજેતરમાં જ અમદાવાદ એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં તેમનું નિધન થયું હતું. તેમના સન્માનનો સ્વીકાર રૂપાણી પરિવાર વતી પરિવારના ડો મેહુલભાઈ રૂપાણીએ કર્યો હતો. વિજયભાઈ રૂપાણીને લીજેન્ડરી આઈકોનિક પર્સનાલિટી એવોર્ડથી સન્માનવામાં આવ્યા હતા.



## મયુરધ્વજસિંહ જાડેજા

જય માતાજી ગ્રૂપ અને જાણીતા બિલ્ડર રાજકોટ, અમદાવાદ અને મુંબઈ સહિત અનેક જગ્યા નાની ઉંમરે સફળ પ્રોજેક્ટ બનાવનાર અને સામાજિક અગ્રણી, છેલ્લા ૫ વર્ષોમાં સ્વ ખર્ચે ૪૦૦થી વધુ દીકરીના સમૂહ લગ્નોત્સવ કરી અનેક દીકરીઓના આશીર્વાદ મેળવનાર ક્ષત્રિય યુવાન મયૂરધ્વજસિંહ જાડેજાનું યુથ આઈકન એવોર્ડથી સન્માન કરવામા આવ્યું હતું, જેનો સ્વીકાર તેમના પિતા એમ. બી. જાડેજાએ કર્યો હતો.

## ડો. હિરેનભાઈ ઘેલાણી

રાજકારણ, શિક્ષણ, ઉત્પાદન અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી જેવા ચાર જુદાં જુદાં ક્ષેત્રોમાં કાર્યરત એચએલ ગ્રૂપ ઑફ કંપનીઝના ચેરમેન ડો. હિરેનભાઈ ઘેલાણીનું યૂથ મોટીવેશન આઇકોનિક એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. એક શિક્ષણવિદ્ તરીકે તેમણે ૯થી વધુ દેશોમાં ૨૬થી વધુ કેમ્પસમાં ૭૦૦૦થી વધુ બહુસાંસ્કૃતિક વિદ્યાર્થીઓનું એક વિશાળ શૈક્ષણિક વટવૃક્ષ ઊભું કર્યું છે. ઉત્પાદન ક્ષેત્રે, એક ઉદ્યોગસાહસિક તરીકે, તેમણે સેન્ડ સિલિકા મેન્યુફેક્ચરિંગ યુનિટની સ્થાપના કરી. ઇન્ફોર્મેશન ટેક્નોલોજીના ક્ષેત્રમાં, એક ટેક્નોક્રેટ તરીકે, તેઓ ત્રણ અલગ આઇટી કંપનીઓનું સંચાલન કરે છે, જે યુવાનો, ખેડૂતો, ઉદ્યોગસાહસિકો અને આઇટી ક્ષેત્રના નવા આવનારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરે છે.





## રાજદીપસિંહ જાડેજા

રાજકોટ શહેર ભાજપના ઉપપ્રમુખ અને ભાજપ વિચારધારાને વરેલા એક અગ્રણી નેતા રાજદીપસિંહ જાડેજાનું આઇકોનિક પર્સનાલિટી એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. તેઓ કોઈપણ અપેક્ષા વિના સેવા કરવામાં માને છે. રાજકોટની સેવાકીય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તેમનો પરિવાર હંમેશા મોખરે રહી દાતા તરીકે યોગદાન આપે છે. આ ઉપરાંત, તેઓ ગુજરાત ફૂટબોલ એસોસિયેશન સાથે પણ સંકળાયેલા છે તેમજ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આયોજિત સુવિખ્યાત જન્માષ્ટમી ધર્મ યાત્રાના અધ્યક્ષ તરીકે, તેમણે ધાર્મિક અને સામાજિક કાર્યોમાં પણ સક્રિય ભૂમિકા ભજવી છે. એક સહકારી અગ્રણી તરીકે, તેમનું યોગદાન સહકારી ક્ષેત્રે પણ નોંધનીય છે. ■

# સચરાચર વરસાદ થકી કચ્છમાં ૭૦થી ૮૦ ટકા વાવણી કાર્ય પૂર્ણ કરી લેવાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ આ વર્ષની વર્ષાઋતુના પ્રારંભે જ ગુજરાતમાં વરસેલા અતિભારે વરસાદે હાલ વિરામ રાખી દેતાં ખેડૂતો નિંદામણ, વિખેડા, દવા છંટકાવ સહિતના કાર્યોમાં વ્યસ્ત બન્યા છે. કચ્છમાં અત્યારસુધી થયેલા સચરાચર વરસાદથી કપિત જમીનોમાં ૭૦થી ૮૦ ટકા વાવણી પૂર્ણ કરી લેવાઈ છે જેમાં મગફળી, મગ, જુવાર, ગુવાર સહિતના પાકોનું વાવેતર મુખ્ય છે. આગામી શ્રાવણી તહેવારોની ઉજવણીના આગોતરા ઉત્સાહ વચ્ચે સીમાડામાં, ડુંગરો-કોતરોએ પ્રકૃતિની લીલી ચાદર ઓઢી લીધી છે. ખેડૂત અગ્રણી હરદાસભાઈ પાસ્તાએ જણાવ્યું હતું કે, કચ્છના અબડાસા જેવા કાંઠાળ વિસ્તારમાં મગફળીનું વાવેતર સમયસર વરસાદના લીધે વધારે પ્રમાણમાં થયું છે. અત્યારે છુટાછવાયા ઝાપટાં વચ્ચે વરસાદે વિરામ રાખતાં પિયત જમીનોમાં હાલે વાવણી ચાલુ છે. જ્યાં વાવણી સમયસર થઈ હતી તેમાં નિંદામણ-વિખેડા ચાલુ છે. આ કામ પૂર્ણ થતાં આગામી સમયમાં મેઘકૃપા થશે તો પાક ૭૦થી ૮૦ ટકા જેટલો થઈ જાય તેવી આશા સાથે ખેડૂતો ખેતરોમાં વ્યસ્ત હોવાનું તેઓએ ઉમેર્યું હતું ■

# ભુજના મિલિટરી કેમ્પસમાં આવેલા બંધ રહેણાકમાંથી ૧.૨૬ લાખનાં ઘરેણાની ચોરી

ભુજઃ શહેરના લશ્કરી મથકની અંદર આવેલા રહેણાક મકાનનાં બંધ ઘરમાંથી રૂા. ૧.૨૬ લાખના સોનાના ઘરેણાની ચોરી થયાની ઘટના બહાર આવતાં ચકચાર પ્રસરી હતી. આ ઘરફોડ અંગે બી-ડિવિઝન પોલીસ મથકે મૂળ બિહાર હાલે ભુજના મિલિટરી કેમ્પસમાં રહેતા અજિતસિંહ રોહનસિંહે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ગત ૨૨મી જૂન,૨૦૨૫ના રોજ તેમના ઘરને તાળાં મારીને વતન એવા બિહારમાં ગયો હતો. ગઇકાલે પરત ફરતાં તાળાં તૂટેલાં જોવા મળ્યાં હતાં. અંદર તપાસ કરતાં શયનકક્ષમાં રાખેલી લાકડાંની તિજોરીમાંથી એક સોનાની ચેઇન અને બે કાનની બુટ્ટી એમ કુલ રૂા. ૧,૨૬,૦૦૦ના મુદ્દામાલની ચોરી થઇ હોવાનું માલુમ પડ્યું હતું. આ ઘટના અંગે બી-ડિવિઝનના પી.એસ.આઇ આર.એલ. ચૌધરીએ અજાણ્યા તસ્કરોની ભાળ મેળવવા તપાસ હાથ ધરી છે. ■

# અંજાર વિધાનસભા વિસ્તારના બિસ્માર માર્ગોના નવીનકરણ માટે ૪૧.૫૦ કરોડની રકમ મંજૂર કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ પૂર્વ કચ્છના અંજાર વિધાનસભા વિસ્તારમાં આવતા ૧૬ જેટલા જુદા-જુદા મથકોના માર્ગોના (સૂચિત) નવનિર્માણ માટે ધારાસભ્યની રજુઆત બાદ રાજ્ય સરકાર દ્વારા ૪૧.૫૦ કરોડની રકમ મંજૂર કરવામાં આવી હતી. અંજાર-જરૂ સ્લેબ ડ્રેઈન માટે ૨.૪૦ કરોડ, મીઠા પસવારિયા એપ્રોચ રોડ સ્લેબ ડ્રેઈન માટે ૩ કરોડ, સાપેડા- ભાદરોઈ -નિંગાળ સ્લેબ ડ્રેઈન માટે ૬ કરોડ, અંજાર-ઝરૂ બોક્ષ કલ્વર્ટ માટે ૨.૫૦ કરોડ, ચંદીયા-ખેડોઇ સ્લેબ ડ્રેઇન માટે ૪.૮૦ કરોડ, મીંદીયાળા- ખેડોઇ સ્લેબ ડ્રેઇન માટે ૧.૮૦ કરોડ, અંજાર -ખારા પસવારિયા સ્લેબ ડ્રેઈન માટે ૪ કરોડ, લોહારિયા-વાડા સ્લેબ ડ્રેઈન ૧.૮૦ કરોડ, રતનાલ-નિંગાળ -ખંભરા સ્લેબ ડ્રેઈન માટે ૧.૮૦ કરોડ, નવાગામ ખીરસરા હીરાપર સ્લેબ ડ્રેઈ માટે ૩ કરોડ, નગા વલાડીયા વીરા જોગણીનાર સ્લેબ ડ્રેઈન માટે ૩ કરોડ, રતનાલનિંગાળખંભરા બોક્સ કલ્વર્ટ માટે ૩૦ લાખ, મોટી નાગલપર એપ્રોચ રોડ સ્લેબ ડ્રેઈન માટે ૨.૪૦ કરોડ તેમજ નાગોરસરસપરત્રંબો બોક્સ કલ્વર્ટ, રિટર્ન વોલ અને પ્રો.વોલ માટે ૧.૨૦ કરોડની રકમ મંજૂર કરવામાં આવતાં ટૂંક સમયમાં નવા માર્ગો માટેની કામગીરી હાથ ધરાશે.

આ રસ્તાઓની સુધારણા માટે અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા દ્વારા રજૂઆતો કરાતા રાજ્ય સરકારનો હકારાત્મક અભિગમ સાંપડવા બદલ મુખ્યપ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલનો ધારાસભ્યે આભાર માન્યો હતો. ■

# ગાંધીધામમાં વેપારી પર ૧૨ લાખની રોકડ લૂંટવા છરીથી હુમલો કરનાર ત્રણ લૂંટારુઓ ઝડપાયા

ભુજઃ પૂર્વ કચ્છના ઔદ્યોગિક પાટનગર ગાંધીધામમાં એક વેપારી પર ધોળા દિવસે છરી વડે હુમલો કરી, ૧૨ લાખની રોકડની લૂંટનો પ્રયાસ કરનાર ત્રણ આરોપીઓને પૂર્વ કચ્છ પોલીસે ગણતરીના કલાકોમાં પકડી પાડ્યા હતા.

હુમલાનો ભોગ બનનાર રાજુ રસીક ઠક્કર ૧૨ લાખ રૂપિયા રોકડા ભરેલી બેગ સાથે પોતાની દુકાન તરફ જઈ રહ્યા હતા એ દરમિયાન ઘાત લગાવીને બેઠેલા બે અજાણ્યા બુકાનીધારી શખ્સોએ બલેનો કારણે હાઈવે પર ઊભી રાખી, રોકડની લૂંટ કરવાના ઇરાદે જીવલેણ હુમલો કર્યો હતો. આ દરમ્યાન રાજુ ઠક્કરે બુમાબુમ કરતાં આસપાસના દુકાનદારો આવી જશે એવા ડરથી આરોપીઓ કારમાં નાસી ગયા હતા.

ત્યારબાદ પોલીસ અધિક્ષક સાગર બાગમારની સૂચના બાદ જિલ્લામાં નાકાબંધી કરવામાં આવી. સીસીટીવી ફૂટેજની મદદથી આરોપીઓને માળિયા તરફ જતા જોવામાં આવતાં હરકતમાં આવેલી પોલીસે સામખિયારી-માળિયા ધોરીમાર્ગ પર વોચ ગોઠવી લૂંટારાઓની બ્લુ રંગની બલેનો કારને રોકી લીધી હતી. પકડાયેલા આરોપીઓમાં અબ્દુલ ઉર્ફે ગુરખો સોઢા (૨૭),અસલમ ઉર્ફે ઇકબાલ ઉર્ફે ખિસકોલી (૨૫) અને મામદ ઉર્ફે ઘોડો મથડા (૨૧)નો સમાવેશ થાય છે. આરોપીઓએ સોશિયલ મીડિયા પર લૂંટનો વીડિયો જોયા બાદ આ યોજના બનાવી હતી.

અબ્દુલ સામે ગાંધીધામ બી ડિવિઝન, અંજાર અને કંડલા મરીન પોલીસમાં ચાર ગુના નોંધાયેલા છે. મામદ સામે ભચાઉ, કંડલા મરીન અને અંજાર પોલીસ મથકમાં વિવિધ ગંભીર કેસ નોંધાયેલા હોવાનું તપાસકર્તાએ જણાવ્યું હતું. ■